|| શિવમસ્તુ સર્વ જગતઃ ||

|| શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-ભદ્રંકર-મહોદય-
પ્રદ્યોતન-કુંદકુંદ-મહાયશવિજય સદ્‌ગુરુભ્યો નમઃ ||

# ભક્ત ધુરંધર

(સ્વરચિત ગુર્જર ભાષામય પદ્ય રચનાઓ)




...કર્તા...

વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

...સંયોજક - સંપાદક...

આચાર્ય હેમપ્રભ સૂરિ



...પ્રકાશક...

ભદ્રંકર પ્રકાશન

પુસ્તક :- ભક્ત ધુરંધર

કર્તા/લેખક :- વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

વિષય :- સ્વરચિત ગુર્જર ભાષામય પદ્ય રચનાઓ

આવૃત્તિ :- પ્રથમ - વિ.સં.-૨૦૮૦, ઇ.સ.-૨૦૨૪

પાના :- ૧૬+૧૨૦ = ૧૩૬ કુલ

નકલ :- ૫૦૦

પ્રકાશક :- ભદ્રંકર પ્રકાશન

C/o. કેયુરભાઇ એફ. શાહ
૪૯/૧,મહાલક્ષ્મી સોસાયટી,સુજાતા પાસે,
શાહીબાગ,અમદાવાદ-૩૮૦૦૦૪.
મો. : 98252 58969.

પ્રાપ્તિ સ્થાન :-

૧. મૈત્રી વાત્સલ્ય ટ્રસ્ટ
જૈનનગર, સંજીવની આયુર્વેદિક હોસ્પીટલવાળી
ગલીમાં, પાલડી - અમદાવાદ - ૩૮૦૦૦૭.
મો. : 90990 54105.

૨. કસ્તુરધામ
તળેટી રોડ - પાલિતાણા-૩૬૪૨૭૦.
જિ. - ભાવનગર.
મો. : 78745 26943.

૩. હાલારતીર્થ - આરાધનાધામ જૈન તીર્થ
મુ.પો. વડાલિયા સિંહણ-૩૬૧૨૮૦.
તા. જામ ખંભળીયા.
જિ. - દેવભૂમિ દ્વારકા
મો. : 80002 44433 / 81415 57166

મુદ્રકઃ- તેજસ પ્રિન્ટર્સ
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road,
Kalupur, Ahmedabad-380001.
M. 98253 47620



## ...પ્રકાશકના આનંદ ઉદ્ગાર...

શાસનના અદ્ભૂત સિતારા શ્રી દાન-પ્રેમ-રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના કૃપાપાત્ર એવા અમારા ઉપકારી પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના પ્રશિષ્યરત્ન વિદ્વદ્વર્ય મુનિપ્રવર શ્રી ધુરંધરવિજયજી મહારાજ રચિત અને લિખિત રચનાઓનો સંપુટ શ્રી સંઘના કરકમલમાં મૂકતાં અમો અપાર આનંદ અનુભવીએ છીએ.

પૂજ્યશ્રી વર્તમાનકાળમાં વિદ્વાનોમાં શિરમોર છે.એમના બાલ અને યુવાન કાળમાં વિશેષ રચાયેલી રચનાઓમાં - લખાણોમાં તે તે વિષયોને અનુરૂપ ગહરાઇ અને રસાળતા અનુભવાય છે.

પૂજ્યશ્રીની રચનાઓ આદિનો વિશાળ ભંડાર, અમારા પ્રકાશનના પરમ ઉપકારી પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજની દિવ્યકૃપાથી તેઓશ્રીના લઘુગુરુ બંધુઓ પૂજ્ય આચાર્યશ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય આચાર્ય શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજના પ્રયત્નોથી પ્રકાશિત થઇ રહ્યો છે.તેનો લાભ અમારા પ્રકાશનને મળ્યો તેને અમારું સદ્ભાગ્ય માનીએ છીએ.

આ રચનાઓ-લેખો-કથાના માધ્યમે આપણે સૌ પ્રભુશાસનના પદાર્થોનું રહસ્ય પામી લોકોત્તર સુખ- પરમપદને પામીએ એ જ અભિલાષા...

- ભદ્રંકર પ્રકાશન

## ...પુસ્તક પ્રકાશનના સદ્ભાગી...

**પરમપૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજની દિવ્યસ્મૃતિપૂર્વક**
**પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ તથા**
**પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી**

શ્રી હાલારી વિશા ઓશવાળ આદિજિન સેવા ટ્રસ્ટ (કસ્તુરધામ-પાલિતાણા)

હાલારી વિશા ઓશવાળ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (કામદાર કોલોની)
- જામનગરમાં  સંવત ૨૦૭૭ના વર્ષે ઉભય પૂજ્યોના ચાતુર્માસની સ્મૃતિમાં

શ્રી ગાંધીગ્રામ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - રાજકોટ

શ્રી પોરબંદર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ટ્રસ્ટ - પોરબંદર

આ ચારે સંઘે પોતાના જ્ઞાનનિધિમાંથી...

...શ્રાવક વર્ગ પણ આનો લાભ લઇ શકે તે માટે...
માતુશ્રી જયાબેન ચુનિલાલ દોઢિયા પરિવાર, હસ્તે : પારસભાઇ-દીપાબેન-પ્રિયન
(ગામ : હાલાર-નવાગામ-લંડન)

આ પુસ્તક પ્રકાશનનો લાભ લીધો છે.

અનુમોદના... અનુમોદના... અનુમોદના...

# ...પ્રભુજી તુમ દીઠે સબ દીઠો...

ભક્તહૃદયી કવિ સુન્દરમ્‌નું એક ગોપીગીત છે. ઉઘાડ જ કેટલો મઝાનો છે એનો !

''હમ જમના કે તીર,

ભરત નીર,

હમરો ઘટ ન ભરાઇ...''

ગોપી યમુનાને કાંઠે પાણી ભરવા ગઇ છે. જો કે, ગોપી યમુનાને કાંઠે ગઇ છે, એ ઓવર સ્ટેટમેન્ટ ગણાય. તેણીનું શરીર નદીને કિનારે છે. તેણીનું મન તો પ્રભુમાં જ છે ને !

અને એથી, મન પાણી ભરવાની ક્રિયામાં હાજર ન હોવાથી, ઘડો પ્રવાહમાં સરખો મુકાતો નથી અને ભરાતો નથી. હમરો ઘટ ન ભરાઇ.

ત્યારે ગોપી પ્રભુને ફરીયાદ કરે છે ; ''ઐસો ઘટ ક્યોં તુમને દિયો, જિસે તુમ બિન કો ન સગાઇ...''

પ્રભુ ! તમે ઘડો પણ એવો આપ્યો જેને મારી જોડે કોઇ સંબંધ નથી ! મારા હાથમાં છે અને ભરાતો નથી !

• • •

એક સમારોહમાં લક્ષ્મીશંકર મંચ પરથી આ ગીત આલાપી રહ્યા હતા. શ્રોતાવૃન્દમાં સુન્દરમ્ અને ઉમાશંકર જોષી – આપણા મૂર્ધન્ય કવિઓ બેઠેલા.

લક્ષ્મીશંકર જ્યારે આ પંક્તિ ઘૂંટે છે; ''ઐસો ઘટ ક્યોં તુમને દિયો...'' ત્યારે સુદન્રમ્‌ની આંખો  છલછલાઇ ઊઠે છે. તેઓ ઉમાશંકર જોષીને પૂછે છે. જો આ ઇન્દ્રિયો અને મનનો ઘડો ભરાવાનો નહોતો, તો 'એણે' કેમ આપ્યો ?

જો કે , એમની આંખોનાં આંસૂ કહે છે કે પ્રભુએ ઇન્દ્રિયો અને મન આપ્યા છે. તો પ્રભુ જ એના સાર્થક્યનું વિચારશે. 'આંખો આપી છે, તો દર્શન આપશે જ ને'

• • •

જર્મન કવિ રિલ્કેની એક પ્રાર્થનાની પંક્તિનો આપણા ભક્ત કવિ હરીન્દ્ર દવે એ કરેલ આ હૃદયંગમ  અનુવાદ :

''ઠારી દે આ દીપ નયનના,
    તવ દર્શનને કાજ,
        કાચ નથી જો ખપના...''

• • •

પૂજ્ય ધુરંધર વિજય મહારાજ પણ ભક્ત હૃદય કવિ છે. એમના અન્તસ્તરથી વહેલ આ શબ્દો :

''તુમ બિન પલક ન પ્રાણ ધરું...
    પ્રાણ પિયારા સાહિબ તોરે, વિરહ મેં છીજ મરું...
ઐસો દિલબર દાતા પાયો, ઓર ન ચિત્ત ધરું...
    રોમ રોમ મેં, સાંસ સાંસ મેં, તુમ હી કો સમરું...''

• • •

હે વીતરાગ !
વિધિ !
શંકર !
વિશ્વકાંત !
તારા ઉરે વિકસતી જગ મૈત્રી જ્યારે,
પૂર્ણત્વની પરમ ટોચ પરે રમંત...
રે વિશ્વના પરમ ચાલક ! તારું ત્યારે
અર્હંત્વ વિશ્વ અણુએ અણુએ ઘુમંત,
ને વિશ્વના સકલ સત્ત્વ' તું માં શમંત...

• • •

ગિરનારને જોઇને કવિહૃદયમાં ઉપજેલ સ્ફુરણા જ્યારે શબ્દોમાં ઢળી ત્યારે...

'નિસર્ગનો શો તવ નૃત્યરંગ !
વિનીલ આકાશ તણે વિતાન
નક્ષત્રના નિર્મલ તેજધામ
ઝૂલી રહ્યા ઝુમ્મર ઠામ ઠામ
મૂક્યા મહીં તારક રત્નદીપ
પળે પળે રંગ છટા નવીન
વેરી રહે જ્યોતિલયે અકંપ...'

આ પંક્તિઓ વાંચતાં આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોષી યાદ આવે, 'નિશીથ હે નર્તક રૌદ્ર રમ્ય !'

• • •

પૂજ્ય ધુરંધર વિજયજી મહારાજ થોડા દિવસો મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજની રચનાઓમાં ખોવાઇ ગયેલા... એ ક્ષણોમાં જે રચનાઓ થઇ તેમાં છેલ્લે વાચક 'જસ' શબ્દ આવ્યો છે.

એવી એક રચના :

પ્રભુજી, તુમ દીઠે સબ દીઠો...
ઓર કોઇ ભાવે નહિ જગ મેં, તૂ હી સબસે મીઠો...
સકલ પદારથ સાર હૈ તૂ હી, તૂ હી અગમ અદીઠો...
દરિસન દીઠો અમૃત વૂઠો, નીઠો સકલ અનીઠો (અનિષ્ટ)...
સબ દેવન કો દેવ હૈ તૂહી, તૂહી જગમેં જેઠો (મોટો)...
વાચક જસ કહે સાહિબ મેરો, હસી હસી હિયડે પેઠો...

આ એક મઝાની ઘટના છે, જ્યાં કવિ પોતાન સ્વત્વને મહોપાધ્યાયજીના અસ્તિત્વમાં વિલીન કરી દે છે.

• • •

પૂજ્ય ધુરંધર વિજય મહારાજ સાથે બાળપણથી ઘનિષ્ઠ મિત્રતા ચાલી આવી છે. તેમની વિદ્વતા તેમની સૌજન્યશીલતા વડે ખૂબ-ખૂબ દીપી ઉઠે છે.

આવી રચનાઓ તેમની પાસેથી મળ્યા કરે એ જ કામના.

- આચાર્ય યશોવિજય સૂરિ

મહા વદ-૩, ૨૦૮૦

જીરાવલાજી તીર્થ.

તા. ૨૭-૨-૨૦૨૪





# ...જ્ઞાનનું નિરંતર વહેતું ઝરણું...

જ્ઞાની એટલે શું ? સાચા જ્ઞાનીની ઓળખાણ શું ?

જગતભરનું દુઃખ પોતાની માથે તૂટી પડે, છતાં પણ જેના પેટનું પાણી પણ ફરકે નહિં તે, પરમ માધ્યસ્થ સ્વભાવને જીવનાર હોય તે સાચો જ્ઞાની કહી શકાય.

પોતાના શરીરની ચિંતાને કોરાણે મૂકીને જગતના હિત માટે, શાસનના કાર્યો માટે, શ્રુતજ્ઞાનના કાર્યો માટે જે સતત પ્રયત્નશીલ રહે તે સાચો જ્ઞાની.

આવા જ્ઞાની પુરુષોમાં સુવર્ણાક્ષરે લખાયેલું નામ છે પૂજ્યપાદ્ મુનિવરશ્રી ધુરંધરવિજયજી મહારાજ સાહેબનું.

પ્રભુની વાણીને આપણા સુધી પહોંચાડનાર માધ્યમ છે હસ્તપ્રતોમાં સચવાયેલું શ્રુત.

પૂર્વના કાળની વિવિધ પ્રાચીન કલાકૃતિઓ, જડીબુટ્ટીઓ-ઔષધિઓ આ બધાયનું પારખું કરવા માટે પણ એક સજ્જતા જોઇએ અને એ સજ્જતા છે પૂજ્ય સાહેબજીમાં.

આવા વિદ્વજ્જન શિરોમણી પૂજ્યશ્રીએ પોતાના બાલ્યકાળથી જે સાહિત્યિક પ્રભા પ્રસરાવેલી તે ડાયરીઓમાં સચવાયેલી. તે હવે પુસ્તકારૂઢ કરતાં આનંદ અનુભવાય છે.

તેઓશ્રીએ ૮૦ વર્ષની વય સુધીમાં અનેકાનેક ગુજરાતી, હિન્દી, સંસ્કૃત રચનાઓ-લેખો-કાવ્યો આદિની રચના કરી છે. આ બધી રચનાઓ-લેખો આદિમાંથી અમુક, કલ્યાણ માસિક, વૈદ્યકલ્પતરૂ, **नन्दनवन कल्पतरुः** સંસ્કૃત પત્ર, **निःश्रेयसम्** સંસ્કૃત પત્ર આદિ સામયિકોમાં પ્રકાશિત થયેલા, તો અમુક સ્વતંત્ર પુસ્તકરૂપે પ્રકાશિત થયેલા અને અમુક રચનાઓ તો અદ્યાવધિ અપ્રકાશિત જ હતી એ સર્વેને એક સાથે પ્રકાશિત કરીએ તો વાચક વર્ગ - જિજ્ઞાસુઓને સુગમતા રહે એવો વિચાર આવતાં પૂજ્યશ્રીને એ વિષે વિનંતિ કરી, નિઃસ્પૃહી પૂજ્યશ્રીએ પહેલાં તો બહુ ધ્યાન ન આપ્યું. છતાં વારંવાર ઉઘરાણી કરતા રહ્યા અને પછી પૂજ્યશ્રીએ આપવાનું માન્ય કર્યું. અને એનું પરિણામ આજે સહુની સામે છે.

આ ગ્રંથો પ્રકાશિત કરવામાં મુખ્યતાએ જો શ્રેય આપવાનો થતો હોય તો તે છે ગણિ જિનભદ્રવિજયજી મહારાજને, કે જેમણે પૂજ્યશ્રીના લ્હેરી સ્વભાવ સાથે સેટ થઇને પ્રેમથી વારંવાર જણાવી-જણાવીને આટલું મેટર મેળવી પ્રુફ આદિ જોઇ સંકલન કરી આપ્યું.



ભદ્રંકર પ્રકાશનવાળા કેયુરભાઇ ફકીરચંદ શાહે - ચિત્રો તથા લખાણ મેળવી આપ્યા.

અમદાવાદ નિવાસી સમીરભાઇ તથા ધરણેન્દ્રભાઇ
નવાડીસા હાઇવે નિવાસી સુનિલભાઇ જેંતીભાઇ શાહ } પૂજ્યશ્રી પાસેથી ચિંતનો મેળવ્યા.

જલારામ પ્રેસવાળા જલદીપભાઇ ઠક્કર કે જેઓએ સતત પ્રયત્ન કરીને છ વર્ષ સુધીની ધીરતા ધરીને કંપોઝ કરી આપ્યું. ઇત્યાદિ મહાનુભાવો વિવિધ રીતે ખૂબ જ સહાયક બન્યા છે. તેમની અંતરથી અનુમોદના.

આમાં અપાયેલ રચનાઓ આદિની વિશેષતા આદિ આગળ દર્શાવેલ છે.

પૂજ્યશ્રીના બાલસખા ભક્તિયોગાચાર્ય પૂજ્યપાદ્ આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ સાહેબને વિનંતિ કરતાં તેઓ પૂજ્યશ્રીએ પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવના આલેખી તે બદલ તેઓશ્રીને મહદ્ ઉપકાર માનીએ છીએ.

અત્યારે એક સાથે ચાર પુસ્તકો પ્રકાશિત થાય છે. હજુ પણ પત્રો-વિહાર લેખવાળા-ચિંતનો-શક્રસ્તવ વાચના આદિ બાકી છે, ભવિષ્યમાં અનુક્રમે પ્રકાશિત કરાશે.

અમારા શિરછત્ર સમા પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજની દિવ્યકૃપાથી તેઓશ્રીના બાળસખા પૂજ્યશ્રીના ગ્રંથોને પ્રકાશન કરતાં, આ રચનાઓ આદિના આલંબને સહુને પ્રભુની આજ્ઞા-શાસ્ત્રપ્રીતિ વધે અને એ દ્વારા આત્મકલ્યાણ પ્રાપ્ત થાય એ જ ભાવના સહ...

હેમપ્રભ
સંવત - ૨૦૭૯,આસો સુદ - ૧૫
ધોરાજી

## ...જ્ઞાન સમૃદ્ધ, સંયમ સમૃદ્ધ, અનુભવ સમૃદ્ધ મુનિશ્રી ધુરંધરવિજયજી...

ગુરુની કૃપા જેને પ્રાપ્ત થાય તે કેવો આંતરિક વૈભવ પામે તે જોવું હોય તો પૂજ્ય મુનિશ્રી ધુરંધરવિજયજી મહારાજને મળવું પડે. પંન્યાસજી મહારાજ એટલું બોલીએ એટલે પૂજ્ય ભદ્રંકરવિજયજી મહારાજ યાદ આવે. તેઓની અને પિતા મુનિ શ્રી ઉપાધ્યાયશ્રી મહાયશવિજયજી મહારાજની કૃપા પામેલા મુનિશ્રી ધુરંધરવિજયજી મહારાજ સંયમવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને અનુભવવૃદ્ધ સાધુ છે. સાધુ જીવનના અને સંયોગોના અનેક કષ્ટો પાર કરીને સંયમજીવનનો વિશાળ પર્યાય પસાર કરી ચૂકેલા ધુરંધરવિજયજી તેમની કવિ છટાને કારણે સાહિત્ય પ્રેમીઓના દિલમાં વસે છે. શરીરની અસ્વસ્થતાને બિલકુલ ગણકાર્યા વિના પોતાનું કાર્ય કરતા આ મુનિવર સૌને જીવનથી પણ ધર્મબોધ આપે છે.

શ્રી ધુરંધરવિજયજીએ અનેક પ્રાચીન કાવ્યોના અદ્‌ભૂત પદ્યાનુવાદ આપ્યા છે. તેની કડીઓ વાંચીએ છીએ ત્યારે હૃદયમાં પડેલા ભક્તિના તાર રણઝણી ઉઠે છે. તે કાવ્યોમાં રહેલી સરળતા, રસિકતા અને ભાવુકતા અનન્ય આકર્ષણ ખડું કરે છે. તેમની કાવ્યશક્તિ નૈસર્ગિક છે. પૂર્વ સૂરિઓએ જે રચના કરી છે તેનો મર્મ અખંડ રાખીને તેનો જે ધ્વનિ ધુરંધરવિજયજી પ્રગટ કરે છે તે શ્રવણ કરીએ ત્યારે 'વાહ' બોલી જવાનું મન થાય છે.

શ્રીમતિ ભારતી દીપક મહેતાએ પારસમણિ ગ્રંથ (પૃ. ૨૩૬) માં ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી કૃત શાંતસુધારસનું ચૌદમાં પ્રકાશમાં પ્રમોદ ભાવના અષ્ટકના છઠ્ઠા શ્લોકનું ગેયકાવ્ય ટાંક્યું છે. વાંચો :

જિહ્વા, તું મસ્ત થૈને કર સુકૃતિ
તણાં સચ્ચરિત્રોનું ગાન !
અન્યોની કીર્તિના થૈ શ્રવણ રસિક હો
શ્રેષ્ઠ આ બે ય કાન,
બીજાની પ્રૌઢ લક્ષ્મી નિરખી તુરત
હે નેત્ર થાઓ પ્રસન્ન;
આ સંસારે તરવા જનમનું ફળ
તો આજ છે, નૈવ અન્ય !

આ સમશ્લોકી ગુર્જર અનુવાદ શ્રી ધુરંધરવિજયજી મહારાજે રચ્યો છે. એ વાંચીએ છીએ ત્યારે ચિત્ત કેવો સરસ નૂતન સંદેશ પામે છે. શ્રી ધુરંધરવિજયજી મહારાજે આચાર્યશ્રી વર્ધમાનસૂરિજી રચિત 'કુસુમાંજલિ' મહાકાવ્યનો સરળ પદ્યાનુવાદ રચીને ભાવિકો પર જે અમૃત વર્ષણ કર્યું છે તેની પ્રશંસા કરીએ તેટલી ઓછી છે.

કેસરપૂજાનો પદ્યાનુવાદ કેવો અદ્‌ભૂત છે :

દૂહો
અંતરંગ જે રાગરંગ
દૂર કર્યો દેવ,
થઈ કેસરનો ઘોળ તે
સોહે અંગ સદૈવ...

ગીત

તું વીતરાગ તોય કરૂં વ્હાલ
નાથ, તારા અંગ લાલ લાલ...
અંતરંગ રાગરંગ દૂર કર્યો તે તો
કેસરને સંગ તારે અંગ અંગ વ્હેતો
ધ્યાન બળે દૂર ખસ્યો
રાગ તારે અંગ વસ્યો
માંગે છે મુક્તિની માળ...
નાથ, તારા અંગ લાલ લાલ...

શ્રી ધુરંધરવિજયજી મહારાજ બાળવયમાં દીક્ષા પામેલા મુનિવર છે. આજે એમની દીક્ષાને લગભગ ૭૧ વર્ષ થવા આવ્યા. આટલા વર્ષો દરમ્યાન ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં વિચરીને તેમણે જે અનુભવ સમૃદ્ધિ મેળવી છે તે તેમની વાણીમાં પ્રગટ થાય છે.

પૂજ્ય ભદ્રંકરવિજયજી મહારાજ નવકાર મંત્રના મહાન ઉપાસક હતા. જીવનની પળે પળ નવકાર મંત્રને સમર્પણ કરીને પૂજ્ય ભદ્રંકરવિજયજી મહારાજે ધર્મની આરાધના દ્વારા શ્રેષ્ઠ આત્મકલ્યાણ પ્રાપ્ત કર્યું હતું. તેઓની વાણીમાં જીવનભર નવકારનું સ્મરણ અને આત્માની ચિંતા જોવા મળતી. ભદ્રંકરવિજયજી મહારાજના ગ્રંથોમાં તત્ત્વ ચર્ચા જ વિશેષ નિહાળવા મળે છે. તેમની વાણીમાં દૃષ્ટાંતો જોવા નથી મળતા પણ આત્માનું કલ્યાણ થાય તે માટે શું કરવું જોઇએ તેની સીધી વાતો નિહાળવા મળે છે અને સઘળી વાતોના અંતે સૌને તેઓશ્રી નવકારમંત્રના શરણમાં લઇ જાય છે.

આવા સદ્ગુરુની કૃપા પામેલા મુનિશ્રી ધુરંધરવિજયજી, કુસુમાંજલિની રચના દ્વારા ઉત્કૃષ્ટ જિનભક્તિનો ઉપદેશ આપે છે. જિનભક્તિ સકળ સંસારમાં આત્મકલ્યાણનું સર્વોત્કૃષ્ટ સાધન છે. મનુષ્ય-જન્મ અને જિનભક્તિ બન્ને દુર્લભ છે. આ સત્ય જેને સમજાય તેને જિનભક્તિ ગમે. જેને જિનભક્તિ ગમે તે પ્રભુ પાસે શું માગે ? કવિ કહે છે :

ઓ જગના સ્વામી,
શું માગું તુમ પાસે ?
ના માંગુ હું સ્વર્ગલોકનો
અપ્સરવૃંદ ઝમેલો
ના માંગુ હું ઘોર નરકની
પીડા દૂરે ઠેલો
ના માંગુ હું ભીષણ ભવના
પૂર્ણ ક્ષયને સ્વામી
ના માંગુ નિર્વાણ નગરનો
નિવાસ અવિચલ ધામી
તારા ચરણકમળને પ્રણમી...
હું તો એક જ માંગું ,

ભવોભવે તુજ ભક્તિભાવમાં
નિશ્ચલ મનથી લાગુ
આવ્યો આ એક જ આશે...
હે સ્વામી તુજ પાસે...

મુનિ શ્રી ધુરંધરવિજયજી, ગુરુપરંપરાથી ઘડાઇને અને પ્રાચીન પરંપરાથી રસાઇને, જે રચનાઓ આપે છે તે આવનારા સૈકાઓ પર્યંત મુમુક્ષુઓને અંતરથી સમૃદ્ધ કરશે.

**...પ્રભાવના...**
**અચ્છી કિતાબે ઔર અચ્છે લોગ**
**તુરંત સમજ મેં નહીં આતે, ઉન્હે પઢના પડતા હૈં !**

ભાદરવા વદ-૪,ગુરૂવાર,તા.૧૮-૯-૨૦૧૯
ગુજરાત સમાચાર-ધર્મલોક પૂર્તિ-આંખ છીપ, અંતર મોતી (કોલમમાં)
લેખક :- આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી



# ...ગ્રંથ વિષય દર્શન...

૧. વિવિધ સ્તવનાઓ :- પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ એટલે પૂજ્યશ્રીના આરાધ્ય ગુરુતત્ત્વ - એમના ભાવો પૂજ્યશ્રીના ભાવોમાં ભળ્યા અને આ રચના થઇ. તેથી તેમાં કર્તા તરીકે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજનું નામ છે.

૨. વિવિધ ગીતો-ગઝલો :- વિવિધ પ્રસંગે કે સ્વાભાવિક રીતે ઉદ્‌ભવેલી રચનાઓ

૩. પદ્મદલ -૧ :- શ્રી પંચ પરમેષ્ઠિનો મહિમા વર્ણવતું ગદ્યકાવ્ય

૪. પદ્મદલ -૨ :- શ્રી પંચ પરમેષ્ઠિનો મહિમા વર્ણવતું ગદ્યકાવ્ય

૫. ગિરનાર કાવ્ય :- શ્રી ગિરનારનું પ્રાકૃતિક સૌંદર્ય, પ્રભાવ, તેના ઉન્નત શૃંગો આદિનું સ્વરૂપ દર્શાવતું પ્રલંબ કાવ્ય

૬. શ્રી પાર્શ્વ પ્રભાવતી ગીત કથા :- પ્રભુ પાર્શ્વ પ્રત્યે, રાજકુમારી પ્રભાવતીને પ્રેમ પ્રગટ્યો તે પ્રસંગથી આરંભી પ્રભુની દીક્ષા સુધીની કથા વર્ણવતાં ૧૪ ગીતો અદ્‌ભૂત કહી શકાય તેવા શબ્દોથી શણગારાયા છે.

૭. વીર જન્મોત્સવ :- પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજની સખ્યભરી પ્રેરણાથી પૂજ્યશ્રીએ રચેલ, પ્રભુ વીરના દેવ-દેવી-રાજા દ્વારા થયેલ જન્મોત્સવને વર્ણવતી, ગીતોની હારમાળા ખરેખર અદ્‌ભૂત છે.

૮. વિવિધ સ્તુતિઓ :- અલગ અલગ પ્રસંગે, તીર્થોમાં કે અનાયાસે જ પૂજ્યશ્રી દ્વારા રચિત પ્રભુ તેમજ ગુરુ સંબંધિત સ્તુતિઓ - જે વિવિધ પ્રસંગોમાં - પત્રિકાઓમાં પૂર્વે પ્રકાશિત થયેલી છે.

૯/૧૦. પૂજ્યશ્રીના પ્રપરદાદાગુરુ ભગવંત પૂ. આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના કાળધર્મ પ્રસંગે રચિત ૩ કાવ્યો જેમાં બે લઘુ કાવ્યો છે. અને ત્રીજું દીક્ષાના પ્રસંગનું અને કાળધર્મ પ્રસંગનું પ્રલંબ કાવ્ય વાંચવા જેવું છે. (કલ્યાણ માસિકમાં પ્રકાશિત થયું છે.) તેમજ તેઓશ્રીની સ્તુતિઓ પણ રચાયેલી છે.

૧૧. પૂજ્યશ્રીના દાદા ગુરુભગવંત અધ્યાત્મ ઉપનિષદ્‌વેત્તા પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પ્રત્યેની સ્તુતિઓ

૧૨/૧૩.પ.પૂ. તપસ્વી સમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજના મહોત્સવો આદિ માટે રચિત-સ્તુતિઓ તથા ગીતો

## ...ગ્રંથ પ્રકાશન નિમિત્ત...

પૂજ્યશ્રીના સંસારી પિતાજી મહારાજ તથા
ગુરુ મહારાજ પરમપૂજ્ય ઉપાધ્યાયજી શ્રી મહાયશવિજયજી
મહારાજની સમાધિમંદિર સ્વરૂપ નવાડીસા (બનાસકાંઠા) મધ્યે નવનિર્મિત
ગુરૂમંદિરમાં પાવન પગલાની પ્રતિષ્ઠા નિમિત્તે પૂજ્ય ઉપાધ્યાયજી ભગવંતની
ઉપકારોની દિવ્યસ્મૃતિમાં...

વિ.સં. ૨૦૮૦,ફાગણ સુદ-૪, બુધવાર, તા. ૧૩-૩-૨૦૨૪

# ...વિષયાનુક્રમ...


1) વિવિધ ગીતો A - સ્તવનો ૧/૬ ........................................ ૧

2) વિવિધ ગીતો ગઝલો B ૧/૩૦ ........................................ ૪

3) પદ્મદલ-૧ (પંચ પરમેષ્ઠી કાવ્ય)........................................ ૨૬

4) પદ્મદલ-૨ (પંચ પરમેષ્ઠી કાવ્ય)........................................ ૨૯

5) શ્રી ગિરનાર કાવ્ય........................................ ૩૧

6) શ્રી પાર્શ્વ પ્રભાવતી ગીત કથા........................................ ૩૭

7) શ્રી વીર જન્મોત્સવ........................................ ૫૨

8) વિવિધ સ્તુતિ

- અષ્ટ મહાપ્રાતિહાર્ય સ્તુતિ ........................................ ૬૧
- સ્તુતિ ........................................ ૬૩
- સામાન્ય જિન સ્તુતિ........................................ ૬૫
- વિવિધ સ્તુતિ........................................ ૬૬
- નિરખ્યો નેમિ જિણંદને (સ્તુતિ)........................................ ૬૭
- પારસ પ્યારો લાગે (સ્તુતિ)........................................ ૭૨
- શ્રી પાર્શ્વ વંદના (સ્તુતિ) ........................................ ૭૬
- વીર કુંવરની વાતડી (સ્તુતિ)........................................ ૭૭
- શ્રી ભદ્રેશ્વરમંડન વીરજિન (સ્તુતિ)........................................ ૮૩
- વિવિધ ગુરૂવંદના (સ્તુતિ) ........................................ ૮૫

9) પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી સ્મૃતિકાવ્ય-૧-૨ ........................................ ૮૬

પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી સ્મૃતિકાવ્ય અભિનિષ્ક્રમણ........................................ ૮૭

10) ગુરૂ પ્રેમ સ્તુતિ-૧-૨ ........................................ ૯૬

11) પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી વંદના ........................................ ૧૦૦

12) પૂ. આચાર્ય શ્રી રાજતિલકસૂરીશ્વરજી સ્મૃતિગીત-૧ થી ૮ ........................................ ૧૦૨

13) પૂ. આચાર્ય શ્રી રાજતિલકસૂરીશ્વરજીની સ્તુતિ-૧ થી ૪ ........................................ ૧૧૫

# વિવિધ ગીતો - A

*આ સ્તવનોની રચના વખતે રચનાકાર શ્રી ઉપાધ્યાયજીમય બન્યા હતા અને*
*આ સ્તવનોની રચના થઈ. તેથી કર્તા તરીકે ઉપાધ્યાયજી મહારાજનો નામોલ્લેખ કર્યો છે.*

## સ્તવનો

### ૧ પ્રભુજી ! તુમ દીઠે સબ દીઠો

**પ્રભુજી ! તુમ દીઠે સબ દીઠો...**
ઓર કોઇ ભાવે નહિ જગમેં, તું હી સબસે મીઠો...૧
સકલ પદારથ સાર હૈ તું હી, તું હી અગમ અદીઠો...૨
દરિશન દીઠો અમૃત વૂઠો, નીઠો સકલ [1]અનીઠો...૩
સબ દેવનકો દેવ હૈ તુંહી, તું હી જગમેં [2]જેઠો...૪
**વાચક જશ** કહે સાહિબ મેરો
પ્રાણ પિયારો સાહિબ મેરો, હસી હસી હિયડે પેઠો...૫ **પ્રભુજી....**

-------------------------------------------- (૧. અનીઠો = અનિષ્ટ, ૨. જેઠો = મોટો)

### ૨ જિનજી મેરો પારસ

**જિનજી મેરો પારસ મનમેં વસ્યો**
દિલમેં વસ્યો મેરે મનમેં વસ્યો રે
મોહકો ભરમ નસ્યો... જિનજી...૧
અંતર ભાનુ ઉદિત થયો અરૂ,
હૃદય કમલ વિકસ્યો,
રોમ રોમ મેં ભયો ઉજાલો,
દુરિત તિમિર નિકસ્યો... જિનજી...૨
દરશ સુધારસ પાયો પ્રભુકો,
મેરો અંગ અંગ હુલસ્યો,
ભવ મરૂથલમેં મેરે આંગન,
ઋતુ વસંત વિલસ્યો... જિનજી...૩
પલભર વિરહ સહું નહિ પ્રભુકો,

રાખું દિલશું કસ્યો,
**જશ** કહે સાહિબ ભગતિ સું બાંધ્યો,
ક્યાંય ન જાય ખસ્યો... જિનજી...૪

## ૩ સખિરી મેં તો

સખિરી મેં તો, અલપ ઝલપ નિરખ્યો,
પ્રાણ પિયારો મેરો સાહિબ, અંતર અતિ હરખ્યો...૧
પડદો પાડી આડું ભાળે, તોય ભલો પરખ્યો,
આંખ મિચોલી કરી સતાવે, પણ ના છોડું છક્યો...૨
અવર નીર ભાવે નહિ અબ મેં, અમરત બિંદુ ચખ્યો,
**જશ** કહે સાહિબશું મેં પાકો, પ્રીતકો લેખ લખ્યો...૩
સખિરી, મેં તો અલપ ઝલપ નિરખ્યો...

## ૪ સખિરી મેરો

સખિરી મેરો સાહિબ બહુ ભટકે,
પ્રીતકી દોરસે બાંધ્યો ફિરભી, પળભર ઘર ન ટકે...૧
લાખ પ્રલોભન ભલે બતાવો, લાખ કરો ખટકે,
કુછ નહિ ધારે જબરા યહતો, દેખત હી છટકે...૨
આંસુઅનસે સેજ ભીંજાઇ, બહુતરી શિર પટકે,
તો ભી ઉસકો દયા ન આવે, કરત બહુત લટકે...૩
ઈસ નટખટકો પકડું કૈસો, મંતર રટ રટકે,
**જશ** કહે ભગતિસું રીઝ્યો આવે, સાહિબ ઘર ઘટકે...૪
સખિરી મેરો સાહિબ બહુ ભટકે...

## ૫ માઇ રે, મારો નાથ

માઇ રે, મારો નાથ ઘણો લટકાલો
ભરી બજારે લટકા લેવે, તોયે લાગે વ્હાલો...૧

એક પલકમેં ખલક રીઝાવે, દીસે ભોલો ભાલો,
સબકે અંતર રહે નિરંતર, તોયે નિત્ય નિરાલો...૨
ના પાડો તો વળગ્યો આવે, કેડ ન છોડે કાલો,
ચૌટા વચ્ચે કપડા ખેંચે, ના લાજે નખરાલો...૩
જોગ કરે ના ભોગ કરે ના, પકડે ઠાલો ઠાલો,
ગોતું ત્યારે ક્યાંય ન લાધે, ધૂની એ મત વાલો...૪
સાથ રહું પણ સાથી ના એ, ના મળે એનો તાલો,
**જશ** કહે એણે પાયો મુજને, પૂરન પ્રેમ પિયાલો...૫

## ૭ સાંઇ રે ! મોરી

સાંઇ રે મોરી વીનતડી અવધારો,
કાળ અનંતો વીત્યો અરજી,
કરતાં તોય ન ધારો... સાંઇ રે...૧
તું ગતરાગી હું અતિરાગી
તોય કરો સથવારો,
દુર્દમ દુશ્મન પૂંઠે પડીયા
તેને દૂર નિવારો... સાંઇ રે...૨
રંગ મહેલમાં ઊંચા બેસી
નિરખો જગનો ધારો,
નેક નજરથી જૂઓ, મુજને,
આવ્યો હું નોંધારો... સાંઇ રે...૩
અવર જગતની આશા છોડી
છેડો પકડ્યો તારો,
**જશ** કહે સાહિબ નેક નજરથી
સેવક પાર ઉતારો... સાંઇ રે...૪

# વિવિધ ગીત-ગઝલો - B

## ૧ ઠીક પડે તિમ રાખ

પ્રભુજી તું અંજન, હું આંખ,
હું નીલોજ્જવલ નભ તું ચાંદો, હું પંખી તું પાંખ...૧.
હું કાળી કોયલ ને, તું તો મધુરી આંબા શાખ,
તું મૂર્તિ હું મંદિર તું રસ, તો હું મીઠી [1]ધરાખ...૨.
હું ભમરો તું કમળ સુગંધિત, તું મધ હું મધમાખ,
હું ચંદન તું શીતળ સૌરભ, તું જ્યોતિ હું આંખ...૩.
તું વસંત હું ફુલ પ્રફુલ્લિત, રંગ ભર્યો વૈશાખ,
હું મોતી તું તેજલ પાણી, હું દીપક તું [2]ચરાખ...૪.
હું મનડું તું વિચાર મારો, હું જિહ્વા તું ભાખ,
તુજ વિણ હું નહિ મુજ વિણ તું નહિ, ઠીક પડે તિમ રાખ...૫

-------------------------------------------(૧. ધરાખ = દ્રાક્ષ, ૨. ચરાખ = જ્યોતિ)

## ૨ જનમ જનમના સાથી પ્રભુજી

જનમ જનમના સાથી પ્રભુજી, ભૂલી ગયા શું અમને?
હવે પુકારૂં ભવમાં બેઠો, શિવપુરવાસી તમને,
તમે જલ્દી ભેગા થાઓ, મુજ વિરહનું દુઃખ મિટાવો...૧
એક જ ઘરમાં આપણ સહુએ, કાળ અનંતા ખેલ્યા,
હવે તમે દૂરે જઇ બેઠા, અમને આઘા મેલ્યા,
તમે જલ્દી અહીંયા આવો, નજરોથી નજર મિલાવો...૨
બાલ ગોઠીઓ હું છું તારો, ભૂલો તે ના ચાલે,
હું સબડું દુઃખના દરિયામાં, તું તો સુખમાં મ્હાલે,
ના એકલપેટા થાઓ, સહુ સુખને વ્હેંચી ખાઓ...૩

અમે સાંભળ્યું તમે જગતની, ઉંચી પદવી પામ્યા,
ત્રણે જગતની પ્રભુતાઈમાં, તમે ગજબના જામ્યા,
ઈશારે જગત નચાઓ, અણુએ અણુમાં ઘૂમરાઓ...૪
સૂરજ રહે ઉંચા આકાશે, રજને પણ અજવાળે,
મોટાની મોટાઇ તેમાં, નાહ્નાને સંભાળે,
મોટાઇ એવી બતાવો, તુજ સુખમાં ભાગી બનાવો...૫
શિવમ્ સુંદરમ્ રૂપ તમારું, પ્રગટ કરો મુજ ભીતર,
આપણ પાછા એક થઈને, ખેલી રહીશું નિરંતર,
સહુ ભેદનો છેદ ઉડાવો, તમે પાછા ભેગા થાઓ...૬

## ૭ મનમોહન

મન ! તને કેમ કરી સમજાવું ?
તારે મારી સઘળી વાતે, અવળી ગતમાં જાવું !,
મૌન ધરી એકાંતે જ્યાં હું, અલખ ધ્યાન લગાવું,
ત્યારે તારે ઉચ્છ્રિંખલ થૈ, જગનું ગાણું ગાવું...૧
ઝંખું જ્યારે પરમ જ્યોતનાં, ઝગમગતાં અજવાળાં,
ત્યારે મારી આગળ ધરતું, ગહન તિમિરનાં જાળાં...૨
હાશ કરીને બેસું ને તું ઊંચું થઈને કૂદે,
ઊંડી ખીણમહીં ટહેલું તો, ઊંચા ડૂંગર ખૂંદે...૩
તાપ થકી અકળાઇ શોધું, કલ્પવૃક્ષની છાયા,
ત્યારે તું તો રણમાં ગોતે, મૃગતૃષ્ણાની માયા...૪
પ્રભુના પાવન ચરણે બેશું, હાશ કરીને ઉંડી,
ત્યારે તારી ભીતર રમતી, ગામ-ગટરની કુંડી...૫
બની ઠનીને આવું જ્યારે, હું સુંદર વરઘોડે,
ત્યારે તું તો ભાગી નીકળે, ખર ખચ્ચરની હોડે...૬
લાખ પ્રયત્નો કીધા તુજને, સમજાવાને માટે,
તોયે તું સ્વચ્છંદી ચાલે, દોડે વાટે ઘાટે...૭

અબ તો થાક્યો નાથ ! નિરંજન !, આ મનડાની દોડે,
કૃપા કરીને રાખો સ્વામી, એને તુજની જોડે...૮

## ૪ પ્રભુજી ! જે કરે તે ઠીક

**પ્રભુજી ! જે કરે તે ઠીક,**
શીદને કરીએ જગમાં આપણ ખોટી લમણાં ઝીક,
ઠંડીમાં થથરાવે ને વળી, ગરમીમાં પરજાળે,
પાનખરે ઉઘાડા કરતો, વસંતમાં શણગારે,
નિજની મોજે ખેલ ખેલાવે, સુણે ન કોઇની ટીક,
**પ્રભુજી જે કરે તે ઠીક...૧**
ભલે આવતા ઝંઝાવાતો ભલે હાલતી ધરતી
ભલે ઉછળતા દરિયે મોજાં, ઉલ્કાઓ છો ખરતી,
એ તો સઘળી એની લીલા કેમ રાખવી બીક?
**પ્રભુજી જે કરે તે ઠીક...૨**
લોટ બનીને બને રોટલો, પાછો કેવો મજાનો,
એવા ખેલ કરે ખેલંદો, આ રાજા દુનિયાનો,
ભાંગી તોડી બધું ય જુનું નવું કરે નિર્ભીક,
**પ્રભુજી જે કરે તે ઠીક...૩**

## ૯ પ્રભુ ! તવ દરશ સુધારસ પાને

**(રાગ : દરબારી)**

**પ્રભુ ! તવ દરશ સુધારસ પાને,**
અંગ અંગ પુલકિત મમ અંતર
હુલસે મધુમય ગાને... **પ્રભુ...૧**
ભવ ભવ કેરો પ્રીતમ તુંહી, સુંદર અતિ સોભાગી,
નિરખી નિરખી હરખું અંતર, ઓળખ ભવ કી જાગી,
ઉછળે પ્રીત તણો રસ અતિશય, આતમ મોરો જાને... **પ્રભુ... ૨**

નયન યુગલસે ઉછળે પાની, ગદગદ કંઠ ભરાયો,
કોઈ શબદ ના નિકસે મુખસે, બાત સકલ વિસરાયો,
પલક ઝપકના ભૂલ ગયો મૈં, ઉલ્લસિત પ્રાને પ્રાને.... **પ્રભુ... ૩**

રૂપ તુમારૂં અનુપમ નિરખત, રોમ રોમ હુલસાયો,
અંગ અંગ તુજ અમૃત વરસે, ભવકો તાપ હરાયો,
અવર દેવ દેખને કો પ્રભુ અબ, મોરો હિય ના માને... **પ્રભુ... ૪**

## ૬ તમે તો અમારા

**પ્રભુજી તમે તો અમારા અમારા,**
ભવમાં ભૂલેલાનાં સહારા સહારા...

જનમ જનમથી ભટકી રહ્યો છું,
કદમ કદમ પર લથડી રહ્યો છું,
કરતો રહ્યો છું ફેરા અપારા અપારા...૧

ભોગ ભોગવતાં તૃપ્તિ ન થાતી,
તૃષ્ણાની આગ ના જરીએ બૂઝાતી,
ચરણોની ચાહ ન લાગી તમારા તમારા...૨

જનમ જનમથી કરૂં હું પ્રતિક્ષા,
પામીશ ક્યારે પ્રભુ તારી પ્રેમ દીક્ષા,
દૂર છે હજીએ તારા સિતારા સિતારા...૩

પામ્યો છું તારૂં દર્શન આજે,
જીવનના પંથમાં દીપ તું થાજે,
ભવના ઉલેચો અંધારા અંધારા...૪

## ૭ તુજ વિણ કૌન હૈ મારૂં ?

પલપલ સમરૂં નામ તિહારૂં,
મુજ અંતરતમકા પ્રિયતમ હે, તુજ વિણ કૌન હૈ મારૂં ? ...૧

મૈં ચાતક તુજ જલલવ પ્યાસા, તું ઘન ગગન બિરાજે,
મૈં ચકોર તું ઉજવલ રૂપ છવિ, શારદ શશિયર છાજે,
પ્રાણ ! પ્રાણ મમ રિક્ત ભરો ઓ ! કબ તક તું મૈ પુકારૂં ?...૨
ભીષણ ભવ જલધિ મેં ડૂબુ, તૂટી મોરી નૈયા,
જગતથંભ દીનો કે પાલક, પકરો મોરી બૈયા,
પાર કરો ઉદ્ધાર કરો પ્રિય, પલપલ તુંહી સંભારૂં ...૩
ભ્રમત ભ્રમત ભવ રણમેં થાકો, ત્રિવિધ તાપ અકુલાયો,
ભ્રમિત ચકિત ચિહું ઓર નિહારૂં, અંત ન ક્યાંય દિખાયો,
કરૂણાકા અમૃત વરસો અબ, જીવન કૈસે ધારૂં ? ...૪

## ૮ એવો અભેદ કરાવ

નાના મારા અંતરિયામાં મોટેરો છે ભાવ,
જગના સ્વામિ તારી સાથે, મારે લેવો દાવ...
અમૃત જેવો મીઠડો તું, ભારે છે નખરાળો,
આગળ પાછળ ઘૂમું તોએ, હાથ ન આવે વ્હાલો,
હૈયા સાથે હેતે ભીંસી, પકડી લેવો સાવ.... **નાના મારા...૧**
આભ જેવો આઘો તું ને, વીજ જેવો ચંચળ,
મારે તારો કેવી રીતે, પકડી લેવો અંચલ !,
પ્રીત કેરા તારે બાંધ્યો, મારે આંગણ આવ...**નાના મારા...૨**
કીડી જેવો નાનો હું ને, તું તો મોટો કુંજર,
તોયે મારે તારી સાથે, પ્રીતિ કરવી સુંદર,
ઈન્દ્રોના ઓ રાજા મારી, સાંભળજે તું રાવ... **નાના મારા...૩**
સૂરજ કરતાં અધિકો ચમકી દુનિયાને અજવાળે,
નાના મારા અંતરિયાનું, અંધારૂં ના ટાળે ?
વીતરાગ તું કેમ રાખે, આવો ભેદભાવ... **નાના મારા...૪**
વરસો પૂરા દુનિયા ઉપર, મુજને રાખે કોરો,

મેં શું એવો ગુનો કીધો, મુજથી અંતર ચોરો,
કરૂણા કેરી ધારે મારા, આતમને ભીંજાવ... **નાના મારા...૫**

ભીનો વાયે વાયરો ને, ભીનો વરસે મેહ,
ભીના મારા અંતરિયામાં, તુમશું લાગ્યો નેહ,
તારો મારો ભેદ તૂટે, એવો રંગ જમાવ... **નાના મારા...૬**

તું છે મારો સાહિબોને, હું છું તારો કિંકર,
તારા માથે નાંખી દીધી, મેં તો મારી ફીકર,
તારે ભરોસે ભર દરિયામાં, ઝૂકાવી છે નાવ... **નાના મારા...** ૭

તું હી નાદને તું હી જ્યોતિ, તું હી શિવને શક્તિ,
તું હી પ્રેમીને તું હી પ્રીતિ, તું હી ભાવને ભક્તિ,
તું તે હું ને, હું તે તું છું
(એવી ઓળખ લાવ) એવો અભેદ કરાવ...**નાના મારા...** ૮

## ૯ મન મેં આના

મહાવીર સ્વામી મન મેં આના,
મન મેં આના દીલકો લુભાના...

મૂરતિ તોરી હૈ અતિ સુંદર,
ઉછલે અદ્ભુત રૂપ સમુન્દર... **મહાવીર**

પુણ્ય સંજોગે દરશન પાયો,
મન મોહન તું મુજ મન ભાયો... **મહાવીર**

તુજ શું પ્રીતિ બની મુજ સાચી,
જૈસે જલમેં મછલી રાચી... **મહાવીર**

તુજવિણ પળભર કહિં નવ રાચું,
ભવ ભવ તેરી સેવા જાચું... **મહાવીર**

તું હૈ માલિક મૈં હું બંદા,
અબ તો મહેર કરો જિનચંદા... **મહાવીર**

મહેર નજર સે સ્વામી નિરખો,

સેવકને કરજો તુમ સરખો... **મહાવીર**

## ૧૦ અબ તો પાર કરો હે સ્વામી

**અબ તો પાર કરો હે સ્વામી, શરણ તુમારે આયો રે,**
**જેવો તેવો તો પણ હું તુજ સેવક નામ ધરાયો રે...**

ભવ અટવીમાં ભમતાં ભમતાં,
મળ્યો અચાનક સ્વામી.
નજરે નિરખ્યો ને હું તુમ પર,
મોહ્યો અંતરજામી...
અબ તો છેડો છોડું ન તારો, ચિંતામણી તું પાયો રે... **જેવો રે...**

પ્હેલા કાળ અનંતો ભવમાં,
આપણ બંને ભટક્યા.
તમે થયા જગદીશ્વર આજે,
કર્મે અમને પટક્યાં.
જૂનો પ્રેમ સંભારો જિનવર, પકડયા તોરા પાયો રે... **જેવો રે...**

વીતરાગ તું પરમ નિરંજન,
કેવો સુંદર સોહે.
મુજને કાળો કુબડો કેવો,
કર્યો નઠારા મોહે.
કામ ક્રોધના પંજા માંહે, જબ્બર હું જકડાયો રે... **જેવો રે...**

તું તો સિદ્ધશિલાએ બેશી,
મોજ અનંતી માણે,
હું તો અહીં સંસારે સબડું,
દુ:ખો કેરી ખાણે.
અબ એ અંતર ભાંગો જિનવર, મહેર કરી મહારાયો રે... **જેવો રે...**

## ૧૧ તુમ બિન પલક ન

તુમ બિન પલક ન પ્રાણ ધરૂં
પ્રાણપિયારા સાહિબ તોરે, વિરહમેં છીજ મરૂં ...૧
ઐસો દિલબર દાતા પાયો, ઔર ન ચિત્ત ધરૂં ...૨
રોમ રોમમેં સાંસ સાંસમેં ઉનહી કો સમરૂં ...૩
તુમહીકો સમરૂં
તુમ બિન પલક ન પ્રાણ ધરૂં...

## ૧૨ રંગાણા...રોમે રોમ

**હે રંગાણા... રંગાણા... રંગાણા... રોમે રોમ રંગાણા...**
ભક્તિના રંગમાં અમે રે રંગાણા,
બીજા ગમેનાં અમને જૂઠા જગનાં ગાણાં,
ભક્તિનો ગુલાલ ઉડે મારા રોમે રોમમાં,
રંગડો છવાણો એનો ધરતીને ભોમમાં.
હે તારા ને મારા હવે વણવા તાણા વાણા,
ભાગી ગઇ રે મારી ભવની આસક્તિ,
જાગી ઉઠી રે અંદર પ્રભુ ! તારી ભક્તિ.
હે રાગ અને દ્વેષ કેરા શમ્યા રે ધીંગાણા...
રૂંવે રૂંવે પ્રગટી રે પ્રીતકેરી દીવડી,
જ્યોત એની ઉચેરી આભલાને ગઇ અડી,
હે એના અજવાળે ઉઘડ્યા પ્રભુના ખજાના,
પ્રભુ તારી દુનિયાના નવલાં રે દ્વાર ખૂલ્યા,
ભાન ભૂલ્યા સાન ભૂલ્યા જગતના ગુમાન ભૂલ્યા,
હે નક્કામાં થયા ત્યાં દુનિયાના નાણા...

## ૧૩ રમિયે અમે રૂમ્મ ઝૂમા

**રૂમ્મ ઝૂમા રૂમ્મ ઝૂમા રમિયે અમે રૂમ્મ ઝૂમા**

પ્રભુના પ્રસંગમાં, ભક્તિના રંગમાં
ઉરના ઉમંગમાં, છકી અંગ અંગમાં

**રમિયે અમે રૂમ્મ ઝૂમા...**

રાધા ને કાન રમે, ગીત અને તાન રમે
ચંદા ને ભાણ રમે સૂરતાને ધ્યાન રમે
તારાના તેજમાં રમે જેમ વ્યોમ ભૂમા

**રમિયે અમે રૂમ્મ ઝૂમા...**

સાકર ને ખીર ભળે સાયર ને નીર ભળે
સૂર ને સમીર ભળે જીવને શરીર ભળે
ભળીયે અમે એમ પ્રભુ એક માત્ર તું મા...

**રમિયે અમે રૂમ્મ ઝૂમા...**

## ૧૪ ઝૂરી ઝૂરી જીવન વીતાવું

**ઝૂરી ઝૂરી જીવન વીતાવું રે**

તારા સુમિરનથી સૂના તે મારા અંતરિયે
પ્રીતની આગ જગાવું રે...
ઝૂલી રહ્યા ફૂલ ખીલી વસંતના રંગમાં
જગનું જીવન આંહી ઉછળે ઉમંગમાં
તારૂં પ્રીતિગીત મારે ગાવું રે... ઝૂરી ઝૂરી...૧
અંતરના પૂરાયેલા સૂરને વહાવી કયારે
પ્રીત સમાધિ લગાવું રે...
ગજબ મધુર ઝર્યા સૂર માલકોશના
ખીલ્યા નતા દલ ત્યારે ઉર પદ્મ કોશના
અવ તે સંજોગ ક્યાંથી લાવું રે... ઝૂરી ઝૂરી...૨

ગહન તિમિર તજી અનંતના તેજને
        તડપતું ઉર શેં ધરાવું રે !...
મોહની બહાર અહીં વહી રહી મદભરી
ભુલાયું રે ! ભાન ગયો જ્ઞાનનો દીપક ઠરી
        જીવન પથ શેં કપાવું રે !... ઝૂરી ઝૂરી...૩
ચમકાવ એક પ્રેમ નજરની વીજળી
        ઘૂતિનો ઉભાર પ્રગટાવું રે
        ઝૂરી ઝૂરી જીવન વીતાવું રે...૪

## ૧૫ તમારે ઇશારે જગતમાં

તમારે ઈશારે જગતમાં બધું એ,
તમારી કૃપાથી જગતમાં બધું એ,
ન માનેલું માલિક બને છે બને છે;
તમારી ઝલક તો ખલકના અણુએ,
અણુએ ગજબની ઝગે છે ઝગે છે...૧
        પેલા ચાંદ સૂરજ સિતારા ગગનમાં,
        તમારા જ તેજે ચમકતાં મગનમાં,
        તડકતી તડિતને ભભકતા અગનમાં,
        બધે જ્યોત તારી જલે છે જલે છે...૨
વસંતી હવામાં ખીલેલા ચમનમાં,
પહાડો ખીણો વૃક્ષને કુંજવનમાં,
સરોવર કુવાઓ નદીને ઝરણમાં,
બધે વ્હાલ તારૂં ઝરે છે ઝરે છે...૩
        ગરજતો [1]પયોધર, ઘૂઘવતો સમંદર,
        સુસવતી હવાઓ, પહાડોની કંદર,
        નસે નસ મહીં દોડતા લોહી અંદર,
        બધે નાદ તારો રમે છે રમે છે...૪

---------------------------------------------------------(૧. વરસાદ)

જગતના અણુએ અણુના ઓ રાજા !
પુકારૂં તને મારી ભીતર તું આજા,
મને છોડીને નાથ તું ક્યાંય ના જા,
મિલનમાં વિઘન શું નડે છે નડે છે...૫

પ્રભો તારી પાછળ બન્યો હું દિવાનો,
તને છોડીને ક્યાંય હું ના જવાનો,
મને મૂકીને તું ય ક્યાં ભાગવાનો ?
નજર તારી પાછળ ફરે છે ફરે છે...૬

બની માત તું ગોદમાંહી રમાવે,
બની તાત તું ઉન્નતિ પર બઢાવે,
બની નાથ તું મુક્તિપથ પર ચલાવે,
તમારૂં ચલાવ્યું ચલે છે ચલે છે...૭

તમે છો શિવમ્ ને તમે સુન્દરમ્ છો,
જગતમાં બધાનું તમે મંગલમ્ છો,
તમે જ છો અર્હમ્ તમે જ છો સોહમ્,
અહં મારૂં તુજમાં ગળે છે ગળે છે...૮

## ૧૯ તમારી તો સોબત અમને ગમે છે

તમારી તો સોબત અમને ગમે છે,
અમારી મહોબતની મંઝીલ તમે છો,
તમે તો અમારા અમે તો તમારા,
અમે બેસહારા સહારા તમે છો...૧

તમે ક્યાં છૂપાયા ન માલૂમ અમોને,
હવે ઢૂંઢવા ક્યાં અમારે તમોને,
અમારી નજરમાં તમારી છે તડફન
નજારો કરીને નજરને ભરીદો...૨

નજર તો મળી ના મળી, ત્યાં ખસો ઝટ,
કરી વીતરાગીપણાની બનાવટ,
ન આવું કરીને અમોને સતાવો,
સૂકાતા ચમનને અમનથી ભરીદો...૩

અમે ખૂબ માસૂમ તમે તો રહમ દિલ,
છતાંયે બનો છો તમે કેમ કાતિલ
વિરહના જખમ શું કરો છો જીગરમાં,
મિલનના મલમથી જખમને ભરીદો...૪

ન છેટું અમારે તમારે જરાયે,
છતાં કેમ વ્હાલા તું ભેળો ન થાયે,
જુદાઈનો પડદો હવે તો હટાવી,
કરી એકતા શૂન્યતાને ભરીદો...૫

## ૧૭ કૃપા કરીને દર્શન આપો

કૃપા કરીને દર્શન આપો, આદીશ્વર જિનરાજ રે,
જગના સ્વામી અંતરજામી, મહેર કરો મહારાજ રે,
ભવ અટવીમાં ભમતાં ભમતાં ગયો અનંતો કાળ રે,
શરણું પામ્યો આજ તમારૂં, શરણાગત પ્રતિપાળ રે...૧

તમે કર્યો ઉપકાર અનંતો, મુજ ઉપર ભગવાન રે,
જીવન મારું પ્રભુ તમારા, ચરણે હો કુરબાન રે... ૨

સદાકાળ તું સ્વામી મારો, હું છું તારો દાસ રે,
મારા હૈયે હોજો હરદમ, તારો પાવન વાસ રે...૩

તમે અમારા અમે તમારા, ત્રિભુવનના ઓ નાથ રે,
કદી તમારો સાથ ન છૂટે, હો એવો, સંગાથ રે...૪

શ્વાસે શ્વાસે સમરી તમને, હરખું રોમે રોમ રે,
નામ તમારૂં સ્વામી ! થાઓ, અમ જીવનનું જોમ રે...૫

ભવ ભવ તારો મેળો હોજો, માંગું જીવન પ્રાણ રે,
દેજો એવી શક્તિ સ્વામી, કરૂં સહુનું કલ્યાણ રે...૬

## ૧૮ ઓ જગતનાથ !

ઓ જગતનાથ! તુજ દરશ આજ મુજને મળ્યા
મુજ જનમ જનમોના બધાં પાપો ટળ્યા
બહુ પુણ્યના ઉદયે તમારા ચરણમાં હું આવિયો
ઓ પરમ કરૂણામય શુભોદય શરણ તુજનું પામિયો
તુજ અમૃત કરૂણા નિર્ઝરી
બહુ પુણ્યવંતી [1]સુરસરી
તેમાં કરીને સ્નાન અંગે અંગ મુજ સુખથી વળ્યાં
ને મોહના થર ભવભ્રમણનો થાક પળમાં ઓગળ્યા.
તુજ નાદ જગમાં ઘૂમતો
અણુ પરમ અણુમાં ઝૂમતો
કરતો નિખિલ બ્રહ્માંડનું શાસન શ્રવણ ગોચર થયો
હું વિશ્વના અત્યંત દુર્લભ ભાગ્યનો ભાગી બન્યો.
ભીતર તણા આકાશમાં
ઝલકી રહેલ ઉજાસમાં
તબ કોટિ કોટિ સૂર્ય જેવું તેજ તારૂં પ્રગટતું
ને નંત  જન્મોનું તિમિર સહુ વાસનાનું વિઘટતું.
વિશ્વમાં સહુથી નિરાળું
પરમ સુંદર રૂપ તારૂં
તે તેજના પરદા ઉપર એવું મજાનું નીસરે
જગના બધા સૌંદર્યનું કામણ પલકમાં ઓસરે.

---

(૧. સુરસરી = ગંગા, ૨. નંત = અનંત)

અર્હમ્ શિવમ્ ને સુન્દરમ્
જે સર્વ જગનું મંગલમ્
તુજ ધ્યાનમાં સોહમ્ ધ્વનિ મુજ રોમ રોમે ગુંજતો
જીવ-શિવતણા મંગલ મિલનથી ભેદ સર્વ ઊડી જતો.

## ૧૯ સાજન ! મત ભૂલો જા રે

સાજન મત ભૂલો જા રે !
અપનો ઘર છોડી ક્યું [1]ભોલા !
ભટકે બારે બારે?
અમૃત પિયાલા ભીતર છલકે
મોહે ક્યું વિષ ધારે?
આંગન મ્હોર્યો આમ છોડ કે
ક્યું બૈઠે? નીમ ડારે !
ભર્યો રે ખજાનો તોરે ઘરમેં હૈ ફિર
પરઘર ક્યું [2]દ્રગ ડારે !
અંતરકા ઉજિયારા તજ કે
ભાગે ક્યું અંધિયારે !
બહાર ભટકના છોડકે પાગલ
આઓ નિજઘર દ્વારે
કલ્પતરૂ ભીતરકો ભજ તું
ભ્રમણા સકલ નિવારે
સાજન મત ભૂલો જા રે...

----------------------------------------------(૧. ભોલા = આત્મા, ૨. દ્રગ = દ્રષ્ટિ)

**હે નાથ ! મારા નયનની કીકી મહીં તુંહિ વસો,**
**હે દેવ ! મારા રક્તના બિંદુમહીં તું હિ શ્વસો !**
**હે પ્રાણ ! મારા શ્વાસને પ્રશ્વાસમાં તું હિ રમો,**
**હે સ્વામિ ! મારા રોમ રોમે એક તુંહી સંક્રમો.**



## ૨૦ દિવાનો બન્યો હું

દિવાનો બન્યો હું દિવાનો
પ્રભુજી બન્યો હું તમારો દિવાનો
બીજા કોઇને ના કદી ચાહવાનો
તમારી જ પાછળ હું તો દોડવાનો... **દિવાનો...૧**
મને છો મળે ઇન્દ્રકેરા સિંહાસન
મળે છો વળી ચક્રવર્તિના આસન
છતાં ક્યાંય ના હું પ્રભુ ડૂબવાનો... **દિવાનો...૨**
નથી જોઇતી મારે દુનિયાની દોલત
અને રૂપસી મહેબૂબાની મહોબત
મળે તું પછી કાંઇ ના માંગવાનો... **દિવાનો...૩**
ન વ્હાલી મને કોઇ દુનિયાની વ્યક્તિ
ન વ્હાલી અરે કોઇ સર્વોચ્ચ શક્તિ
મને તું જ વ્હાલો તને ભેટવાનો... **દિવાનો...૪**
તમારા વદનમાંથી ફૂલો ખરે છે
તમારી નજરમાંથી અમૃત ઝરે છે
બની લીન એને સદા ઝીલવાનો... **દિવાનો...૫**
તારૂં નામ લેતા જ આંસુ ઝરે છે
પળે પળ તમારી જ યાદી તરે છે
નજર જ્યાં પડે ત્યાં તને દેખવાનો... **દિવાનો... ૬**
ભલે તું નજર ના કરે એ ય દિલબર
ભલે ના બને હમ સફર તું ય ક્ષણભર
છતાં હું તને ના કદી છોડવાનો... **દિવાનો...૭**
જગતને બનાવે બની વીતરાગી
કરી કેદ હૈયામાં કિંતુ હું રાગી
તને પ્રીતના ફાંસલે ફાંસવાનો... **દિવાનો...૮**

ભલે તું ખસેના જરાકે ય જક્કી
પરંતુ થશે આપણું મિલન નક્કી
પછી ભેદનો છેદ ઉડી જવાનો
દિવાનો દિવાનો બન્યો... **હું દિવાનો...૯**

## ૨૧ તમારી નજરનો

**(તર્જ = તમારા અહીં જ પગલાં થયાને ચમનમાં બધાને ખબર થઈ ગઈ.)**

તમારી નજરનો બન્યો હું દિવાનો, જરાસી નજર તો પ્રભુ નાંખતો જા,
ભલે ભક્ત ક્રોડો પ્રભુ છે તમારા, જરાસી જગા મારી પણ રાખતો જા....૧
બડા યોગીઓ પણ તમારી નજરને, કરે પામવા ઘોર તપની સફરને,
છતાં યે તમારી મળે કે મળે ના, નજર તે જરા દીન પર પાડતો જા....૨
તમારી નજરની જરા ઝાંખી લેવા, મથે છે ઘણા દેવ પણ ઈન્દ્ર જેવા,
અનંતા જનમના ભરેલા તિમિરને, નજરના કિરણથી પ્રભુ ઝાડતો જા...૩
તમારી નજર તો અમૃત કેરો સિંધુ, ભર્યો દિવ્યરસથી પૂનમ કેરો ઈંદુ,
અમારા સૂકાતા જીવનના ચમનને, નજરની અમીથી જરા સિંચતો જા...૪
તમારી નજરથી બને દુષ્ટ સજ્જન, મહા ભોગી યોગી તૂટે મોહ બંધન,
ગુણ શ્રેણીના એકથી એક ઠાણે, નજર દોરથી તું મને ખેંચતો જા...૫
નજર તારી શીતળ અને નિર્વિકારી, સદા સર્વ સંતાપ સંહારનારી,
નજરના ઈશારે કરે પાર સહુને, જરા મારૂં યે પાર ઉતારતો જા...૬
નજરથી જગતને તું તો શાંતિ આપે, અને ભક્તની સર્વથા ભ્રાંતિ કાપે,
નજરથી તર્યા ભવ્ય જીવો અનંતા, હવે તો મને પણ જરા તારતો જા....૭

## ૨૨ હું અને તું એક થઇશું

દિન રાત ઝૂરૂં તોય, વ્હાલા કેમ રીઝાતો નથી ?
અવિરત ઝરે આંસુ નયનથી, તો ય ભીંજાતો નથી?...૧

મારી નજર તુજથી મળીને, ભાન હું ભૂલી ગયો,
પ્રેમમાં એવો પડ્યો કે, રંગ એ જાતો નથી...૨
હું ખેલ ખેલું ખલકના ને, પલકમાં રીઝવું જગત,
પણ થયો લાચાર તુજથી તું જ સમજાતો નથી...૩
બોલને ઓ બોલ વ્હાલા, કેમ મૌન ધરી રહ્યો ?
તારે ને મારે ખરેખર કાંઇપણ નાતો નથી ?...૪
દીલ દઇને દર્દ લીધું, દેવ તારી પાસથી,
તોય શું આ દીન પર તું, રહમ દિલ થાતો નથી ?...૫
તારા વિરહની આગમાં, સેકાઇને તડપી રહ્યો,
પ્રેમની વર્ષા કરીને, કેમ મલકાતો નથી ?...૬
ખૂબ હું ભોળો પડું છું, નાથ તારી આગલે,
જાત હોમું તો ય વ્હાલા, સ્હેજે ખેંચાતો નથી...૭
પણ પ્રભુ મુજ પ્રેમનો, વિજય થાશે એક દી,
હું અને તું એક થઇશું, વિશ્વાસ એ વાતો નથી...૮

## ૨૪ માન રે પ્રભુ માન

માન રે પ્રભુ માન મારૂં પ્રભુ માન,
તારા વિના બીજા કોનું, ગાવું નથી ગાન.
ભવ વિરાને ભટકતો હું, આવ્યો તારી પાસે,
અમૃત કેરૂં ઝરણ ઉતર્યું, મારા શ્વાસે શ્વાસે.
પાન રે એનું પાન, મારે કરવું પાન,
**તારા વિના બીજા કોનું, ગાવું નથી ગાન...૧**
અંતર કેરા આંગણિયે મેં, અમૃત રેલા ઝીલ્યા,
આતમ કેરા દેશે દેશે, ફૂલ અનેરા ખીલ્યા.
શાન રે એની શાન, કેવી ગજબ શાન,
**તારા વિના બીજા કોનું, ગાવું નથી ગાન...૨**

કોઇ અલૌકિક ફોરમ ફોરી, મારા રોમે રોમે,

આતમ મારો ઝૂમી ઉઠયો, અજબ જેવા જોમે.

તાન રે તારૂં તાન, લાગ્યું તારૂં તાન,

**તારા વિના બીજા કોનું, ગાવું નથી ગાન...૩**

દૂરથી ઓરો  ચાલ્યો આવે, ઘેરો અનહદ નાદ,

સૂતેલા ચેતનને જગવે, પાડી મોટો સાદ.

ધ્યાન રે તારૂં ધ્યાન, જામ્યું તારૂં ધ્યાન,

**તારા વિના બીજા કોનું, ગાવું નથી ગાન...૪**

## ૨૪ છોડતો ના સાથ તું

હું ભલે ના આવું પ્રભુ ! પણ, તું જ કેમ ન આવતો ?

ભલે ઉલ્ટો હું ફરૂં પણ તું, ન હૈયે લાવતો ?

તારી મારી પ્રીત અવળી, ચાલી આદિ કાળથી,

એક નજરે તું જ જુએ, હું નજર કરતો નથી.

હું ન બોલું તોય મુજને, તું જ બોલાવી રહ્યો,

સાંભળુ ના તોય હેતે, તું જ સંભાળી રહ્યો.

લાત મારૂં તને તોયે, મને પંપાળી રહ્યો,

ધક્કો મારી દોડું તોયે, હાથથી ઝાલી રહ્યો.

કેમ કે હું મૂર્ખ બાળક, વ્હાલસોયી માત તું,

સર્વ ઉંધુ મારૂં તો યે છોડતો ના સાથ તું.

## ૨૫ તમે વરસ્યા અમૃતધારે

તમે વરસ્યા અમૃતધારે, અમે દૂર રહ્યા તા ત્યારે,

બારે મેઘ થઇને વરસ્યા, પ્રભુ તમે અવનીપર,

કર્યા છલાછલ સહુને કિંતુ, મારૂં ખાલી ખપ્પર...

**તમે વરસ્યા અમૃતધારે,**

**અમે દૂર રહ્યા'તા ત્યારે...**

જ્ઞાન તણો સૂરજ પ્રગટાવી તમે જગત અજવાળ્યું,
રાહ બતાડ્યો સાચો સહુને, દુઃખ બધુંયે ટાળ્યું,
તમે ચમક્યા ઘોર અંધારે, **અમે દૂર રહ્યા તા ત્યારે...**
ભવના વનમાં કલ્પતરૂ થઇ, આપી શીતળ છાયા,
તાપ જગતનાં દૂર કર્યાને, હર્યા મોહને માયા,
તમે ઠાર્યા તાપને જ્યારે, **અમે દૂર રહ્યા તા ત્યારે...**
તૃષા છિપાવી તમે જગતની, વહેતી સરિતા જેવા,
અંગ અંગને શાતા દેતા, મેલ હટાવી કેવા,
તમે છલક્યા બેય કિનારે, **અમે દૂર રહ્યા તા ત્યારે...**
તમે અમારી વચમાં આવ્યા, સહુને સાથે લેવા,
અસંખ્ય જીવો સુખિયા કીધા, આપી મુક્તિ મેવા,
હવે પાછા મળશો ક્યારે? **અમે દૂર રહ્યા તા ત્યારે...**
સ્હેજે સ્હેજે મળ્યા તમે પણ, અમે ન સેવ્યા તમને,
કરૂણા નજર કરીને સ્વામી, હવે ઉગારો અમને,
અબ ઢીલ કરો ન લગારે, **અમે દૂર રહ્યા તા ત્યારે...**

## ૨૭ હે આદીશ્વર દાદા

હે આદીશ્વર દાદા તમે સહુ જગના દાદા
યુગના આદિ કાળે, તમે થાપી મરયાદા...**ઓ આદીશ્વર...૧**
તારે દ્વારે વાગે સ્વામી, દુનિયાનાં વાજા
સ્મરણ તમારૂં કરીએ,
વંદન તમને કરીએ, ભાવ ધરી ઝાઝા... **ઓ આદીશ્વર...૨**
બેઠા ઉંચા શત્રુંજયના, ડુંગરની ટોચે,
કૃપા તમારી પામી, ભક્તો ત્યાં પહોંચે... **ઓ આદીશ્વર...૩**
જગના અંતરજામી મારા, અંતરમાં વસજો,
તારા પ્રેમે મારૂં, હૈયું ઉલ્લસજો... **ઓ આદીશ્વર...૪**

દઢ શ્રદ્ધાથી જેઓ તમને, ભજતા બહુભાવે,
તેની સઘળી આશા, પૂરી ઝટ થાવે... **ઓ આદીશ્વર...૫**
મરૂદેવા ના બેટડા ને, નાભિરાયના નંદ,
સુમંગલા સુનંદા કેરા, વ્હાલેસર છો કંથ...**ઓ આદીશ્વર...૬**
યુગલા ધર્મ નિવારક, ધારક રાજ્ય ધુરા કેરા,
ધર્મતણા ઉદ્ધારક તમને વંદન ઝાઝેરા... **ઓ આદીશ્વર...૭**
**ઓ આદીશ્વર દાદા...**

## ૨૭ હું તારો તું મારો

હું તારો તું મારો આપણ બન્ને એક બીજામાં,
એવી પ્રીતિ બનજો શાશ્વત ઓ રાજા દુનિયાના,
હું તો તારી પાછળ પાગલ,
તું નિત રહેજે મારી આગળ...૧
વીતરાગી છે તું તો સ્વામી, હું છું પૂરો રાગી,
તોયે તારી સાથે મુજને પ્રીતલડી છે લાગી,
તારી પાછળ દોડું જંગલ,
થાશે ત્યાંય મઝાનું મંગલ...૨
મહેર કરીને સ્વામી મારા, દૂરી બધીયે તોડો,
અંતરતમના પડદા કાઢી મુજને તુજથી જોડો,
મારો તું હિ એક વિસામો,
આપણું ઐક્ય શાશ્વતું જામો...૩

## ૨૮ પ્રભુ તમારા દર્શન કરતાં

ભવ વેરાને ભમતાં ભમતાં આવ્યો તમારી પાસ રે,
પ્રભુ તમારા દર્શન કરતાં અંતરમાં ઉલ્લાસ રે,
મારી ભવની ભ્રમણા ટળી ગઈ

મારી સઘળી આશા ફળી ગઇ
શીતળ તારી નજરો મારા આતમને અજવાળે
રાગ દ્વેષને તૃષ્ણા કેરી ગરમીને ઓગાળે
મારી મનની ગાંઠો ગળી ગઇ
મારી સુપન વેલી વળી ગઇ
રીમઝીમ વરસે તુજ નયનોથી કરૂણા જળની ધારા
ભીના ભીના હેમાળાથી ઊડે પ્રેમ ફુવારા
મને તારી પ્રીતિ મળી ગઇ
મુજ સુરતા તુજમાં ભળી ગઇ

## ૨૯ શરણે તમારે પ્રભુ આયો

**મને મળ્યો મળ્યો તોય તું પરાયો,**
બજવી વિરાગની વાંસળી તે ત્યારે, રાગનો રે ફાગ મેં ગાયો...
મોહ્યો હું જોઇ તારી દૈવી સમૃદ્ધિને,
રાખી વિરાગમાં મેં રાગની અશુદ્ધિને,
શિવનો અદીઠ પંથ ખોલ્યો તેં ત્યારે, ભવના તે પંથપે હું ધાયો...
ત્યાગતણી વાતમાં મેં જોયો તો ભોગને,
તેથી મેં આદર્યો તો પ્રભુ ! તારા જોગને,
અવિનાશી સુખની તેં કરી હતી લ્હાણ ત્યારે હું તો ક્ષણિકથી ધરાયો...
દેખાડ્યો જ્યારે તેં ભવના કિનારને,
જોયો તો ત્યારે મેં સુખિયા સંસારને,
મુક્તિની વાત થકી દૂર દૂર ભાગી હું મોતના મારથી મરાયો...
ત્યારે જો રાગનો અંધાપો દૂર કરી,
તારી જો વાત મેં અંતરમાં હોત ધરી,
સુંવાળા ભવની આ દુઃખભરી ખીણમાં, તો તો ના હોત હું ફસાયો...

ઉઘડી છે આંખ હવે કર્મોના મારથી,

થાક્યો છું દેવ હવે ભમતાં સંસારથી,

છોડીને સર્વ મારી સુખની તે કલ્પના શરણે તમારે પ્રભુ આયો...

## ૪૦ સદા હો આપણો સંગમ

રજા આપો હવે સ્વામી! તમારા ચરણમાં રહેવા,

બનો સ્વામી ભવોભવના સ્વીકારો દાસની સેવા.

મનાવું ક્યાં સુધી દેવા ! **અમારી વાત થઈ પૂરી.**

તમે વર્ષા અમે સાવન

અમે આત્મા તમે જીવન

અમે વેરાન વગડાઓ, તમે તો દિવ્ય વૃંદાવન

તમારી મ્હેકથી પાવન, **અમારી વાત થઈ પૂરી.**

તમે વાણી અમે પડઘમ

અમે સંગીત તમે સરગમ

અમારા પ્રાણના તારે તમારો સૂર હો હરદમ

અમારે ઝૂમવું રૂમઝુમ, **અમારી વાત થઈ પૂરી.**

અમારા સૂર સૂકાણા

અમારા કંઠ કરમાણા

છતાં પણ ગાઈશું હરદમ તમારા પ્રેમનાં ગાણાં

અમે રસિયા તમે રાણા, **અમારી વાત થઈ પૂરી.**

તમે પ્યારા તમે પ્રીતમ, તમે વ્હાલા તમે વાલમ

તમે છો પૂર્ણ પરમાતમ તમારો અંશ અમ આતમ

સદા હો આપણો સંગમ, હવે ના રાખવી દૂરી

**અમારી વાત થઈ પૂરી.**

• • •





# પદ્મદલ-૧

## પંચપરમેષ્ઠિ કાવ્ય - ૧

### આર્હન્ત્ય

૧

**પંચ પરમેષ્ઠિને....**

હે વીતરાગ

વિધિ

શંકર

વિશ્વકંત...!

તારા ઉરે વિકસતી જગમૈત્રી જ્યારે,

પૂર્ણત્વની પરમ ટોચપરે રમંત,

રે વિશ્વના પરમચાલક ! તારૂં ત્યારે.

અર્હંત્વવિશ્વ અણુએ અણુએ ઘૂમંત,

ને વિશ્વનાં સકલ સત્ત્વ 'તું' માં શમંત.

૨

હે સિદ્ધ

બુદ્ધ

અતિ શુદ્ધ

જગદ્વતંસ...!

સિદ્ધત્વ તારૂં વિલસે સહુ સત્વ કેરા;

અંતસ્તલે સહજ-સિદ્ધ લઘૂક અંશ-,

રૂપે શું ? તેજ ચડવે સહુને ઊંચેરા !...

અર્હત્ત્વ વિશ્વમૂલ તેય તુંથી રચાતું,
ને તેજ રૂપ તુજ વિશ્વસમક્ષ ગાતું.

૩

આચાર્ય હે
સકલ શાસન રાજ્યભૂપ...!
આચાર રૂપથી રહેલ સમગ્ર સંઘે;
તું રક્ષતો સહુંનું નિર્મલ આત્મરૂપ,
આચાર તેજ વિલસે તુજ અંગ અંગે.
રે ! તું જ સિદ્ધઅરિહંતપણું પ્રતીક,
તારૂં જ લૈ શરણ સૌ બનતા અભીક...

૪

હે અપ્રમત્ત
શ્રુતપારગ
વાચકેન્દ્ર...!
સૌ શિષ્યમાં શ્રુતરૂપે વિકસ્યું વિરાટ;
તારૂં સ્વરૂપ શ્રુત અધ્યયનોનું કેન્દ્ર,
તારા ઉરે જ કર્યું તે શ્રુત સર્વ ગાઢ...
અર્હંત - સૂરિ સહુનો યુવરાજ તુંજ
તુંથીજ આજ મળતો અહીં શાસ્ત્રપુંજ...

## ૫

સાધો

સહાયક

જિતેન્દ્રિય

સામ્યમગ્ન...!

તું અંતરે શુભ નિરંતર સૌનું ઝંખે;
ને સર્વથી અલગ રહૈ નિજમાંજ લગ્ન,
ના કોઈનેય સહતો તવ આત્મપંથે...
સાધુત્ત્વ તારૂં તુજમાંજ રમે અમૂલ,
તે તોય સિદ્ધ-જિન-સૂરિ-ગણિનું મૂલ...

**મા. વ. ૧૩, સં. ૨૦૨૨**

# પદ્મદલ-૨

## હે મંત્રરાજ પરમેષ્ઠિ !

ફૂલો થકી જેમ ઝરે સુગંધ,
ગુંજી 'રે' તો સકલ શ્રુતમાં નાદ તારો અમંદ
હે વિશ્વવ્યાપી !
તારા મહાગૌરવની અજાણ -
મિથ્યાત્વના આસવથી પ્રમત્ત -
મેં હેલના કીધ અનંત વાર
ને તોય,
હે પ્રેમલ વિશ્વગાણ !
સદાય તારી કરૂણા સુધાની
ધારા મને ભીંજવતી ઉદાર
આ વિશ્વના અણુ - અણુ મહીંથી ઝરંત
અવર્ણ્યને સ્વાદ વિહીન સ્નિગ્ધ -
અમૂર્ત્તરંગી તવ વર્ણમાલા -
થકી ઝરે સર્વ રસોની ધારા
અપૂર્વ... માધુર્યની અંત્ય સીમ
આસ્વાદ્ય ના,
તોય અનંત તૃપ્તિ
દેતી... બધી અર્તિથકી અલિપ્ત
શી નિત્યની સકલ ભૂખ - તૃષા હરંત.
અમૂલ હે !
ઉત્થિત નાભિકંદ -
થકી કર્યો તું જઇ વિશ્વશૃંગે
સહસ્રપત્રે વિકસેલ પદ્મ.
શમે યદા ચંચલ વાયુલ્હેર...





અગ્રાહ્ય રે ઘ્રાણ થકી,
અદીઠ -
આનંદ ઘેરી તવ દિવ્યગંધ
ચૈતન્યના દલ-દલે પમરે તુરંત -
તું વિશ્વના મોહતણા પ્રગાઢ -
નિશીથમાં શો પ્રગટ્યો વિવસ્વાન્
રે ! દૃષ્ટિને મૂંઝવતો પ્રચંડ
ઉત્તાપ તારે નહિં...
હે અખંડ !
ઝીલાય ના...
તું ક્યહીં ચર્મચક્ષે
તોયે,
કશો તેજ તણો ઉઘાડ
અંતસ્તલે સકલ દેશથકી સ્ફુરંત.
અનંતનો શો તવ વર્ણ વર્ણે
અશ્રાવ્ય સંગીત સમુદ્ર ખેલે
ન શબ્દ પ્રસ્પંદ... ન સૂર - તાલે
ને તોય,
શી અદ્‌ભુત સૂરહેલિ
અસીમ માધુર્યભરી ઝરેલી
યોગીજનોના શ્રુતિહીન કર્ણે
ચિત્તાંતને મધુર ઝંકૃતિથી ભરંત.
રે સર્વઈંદ્રિયથકી અગમ્ય !
તું સર્વનું શાસ્વત કેલિહર્મ્ય.
હે મંત્રરાજ પરમેષ્ઠિ ! કરાલરમ્ય !...

**મ. સુ. ૧૪, વિ. સં. ૨૦૨૪**

# શ્રી ગિરનાર કાવ્ય

## હે ગિરિનાર શૃંગ !

ન્યાળી રહું હે ગિરિનાર શૃંગ !
તારાં સદા સિદ્ધથકી પવિત્ર
ખડાં થતાં અદ્‌ભુત રૂપચિત્ર !

તેજે - તમિસ્રે મૃદુને કઠોર
વિવર્ત્તતા ભાવથી રમ્ય ઘોર
રે વિસ્તરે શો તવ નૃત્યદોર !
અનંતના નર્ત્તક હે અઠંગ !

નિસર્ગનો શો તવ નૃત્યરંગ !
વિનીલ આકાશતણે વિતાન
નક્ષત્રના નિર્મલ તેજધામ
ઝૂલી રહ્યા ઝુમ્મર ઠામ ઠામ
મૂક્યા મહીં તારક રત્નદીપ
પળે પળે રંગછટા નવીન
વેરી રહે જ્યોતિલયે... અકંપ.

અંધારનો ધૂમ્ર થતો વિલીન.
ને રાત્રિ ગંધાની સુગંધ હેલિ
રેલાય વાતાવરણે છકેલી !
ઠંડી હવાની લહરે ઝરેલી,
ગાજી ઉઠે વારિ પ્રપાત કેરા
મૃદંગના બોલ અમંદ ઘેરા...

ને વેણુના સૂર ઝરે સમીર
સચ્છિદ્ર વંશે વિચરી અધીર,
શી સૂરની ઝંકૃતિ તાર-મંદ્ર
વ્યાપે હવામાં મદલોલ સાંદ્ર !
ને ડોલતો સૂર-સુગંધ સંગ
પ્રેમા ભિસારે ઢળકંત કાયે
લાલિત્યથી ચંચલ ચારૂપાયે
તું રંગભીનો પ્રગટે અનંગ !

સોહામણો શો તવ નૃત્યવેશ !
પ્રફુલ્લ જેવો વનનો પ્રદેશ.
ન્યાળી રહું સ્વપ્રદગે અમીટ.

સોહે શિરે રત્નમઢ્યો કિરીટ
વિનીલ વર્ણા દ્રુમથી ઘડેલ
વચ્ચે જડ્યા મંદિર વજ્ર દીપ્ર
ગ્રહોતણા તેજ થકી રસેલ,
વિશાળ વક્ષઃસ્થલ વસ્ત્રમુક્ત
દુર્ધર્ષપૌરૂષભર્યું સશક્ત.
કેડે ધર્યું અંબર નીલરંગી
પરાગરંગે છલકંત ફુલ્લ
પ્રસૂનની શી ઝળકંત ઝૂલ !
નવા નવા કૈ દ્રુમના વિચિત્ર





આકારથી અંકિત રમ્યચિત્ર
શોભી રહ્યા જ્યાં... મૃદુ વાયુલ્હેરે
ચૂમે ધરાને તવ પાયસંગી.
પ્હેરી વળી મંદિર ઘંટડીના
મીઠા રવે મંજુલ રત્નકાંચી.
નિઃશ્રેણિ જ્યાં ઉર્ધ્વ ન... કિંતુ તિર્છી
સોપાનની ઉજ્વળ દીર્ઘ કેડી
નીચેની... સીધી સરતી શી વાંકી !
ઝૂલે કલાબંકિમ પાટલી શી.
પાયે ધર્યા પાયલ રે નદીના
તરંગ ભંગે રણકંત ધીરે.

નદી પ્રવાહે જલના તરંગે
ને પ્રેમિકાની પરિશોધ કેરૂં
કરે અહો ! નૃત્ય તું દિવ્યરંગે
અખિન્ન... અશ્રાંત... પ્રફુલ્લનેત્રે
ઉલ્લાસ કેવો છલકાય ગાત્રે
પ્રાપ્તવ્યનો... (નૈવ જરાય શંકા)
ન લાસ્યમાં દોષ કશોય... તાલે
ન ભંગ... ને શી ગતિ...હાવ શાય !
શાં અંગના ડોલન !... ભાવભંગી
અહો કશી !... ચંચલ રે ! પતાકા-
થકી તું શી પ્રેમની નૃત્તમુદ્રા
પળે પળે ભિન્ન... રમે અક્ષુદ્રા !
છવાય વાતાવરણે અનેરૂં
કો પ્રેમનું ગીત અમંદ ચાલે
અણુ અણુ પ્રેમરસે ઝરાય.

પ્રાચી થકી ચંદ્રની રેખ ઊગે
જ્યોત્સ્નાનું આછેરૂં મલીર ઓઢી.
આડી પડી તી વનરાઈ મુગ્ધ
કન્યાસમી અદ્‌ભુત રૂપરંગી
ત્યારે અદૂરે ક્યહિં રમ્યકુંજે
એકાકિની કિંચિત નેત્ર ખોલી
દેવા ભરી અંતર શૂન્ય રિક્ત
શોધી રહી કોઇક સાથી - સંગી.
તું નર્ત્તતો ધીર વિલંબતાલે
ઝંખી રહ્યો જીવન સંગિની ‘કો’
સમીરથી ચંચળ વારિકેરી
લ્હેરે સરે ત્યાં લયવંત ચાલે.
ઝરી કશી આરત નેણથી રે !
નીહાળતો ચોગમ કુંજ કુંજે
ભરી ભરી સીમ તું પ્રેમટૌકો
કરે ઉંડા દર્દભર્યા અવાજે...
એકાંતને કુંજનું શૂન્ય ક્ષુબ્ધ
સા વાયુ આંદોલિત વૃક્ષ ઝૂંડે
ભય સ્મયે ચંચલ અંગ મોડે
ભરે તને દૃષ્ટિ મહીં...
વિમુગ્ધ
તારા પરે,

વિહ્વલ હાર્દ...
કંપ્ર
વલ્લી તણી કોમલ અંગુલિએ
કરે તને ઈંગિત... પ્રેમનમ્ર
ગુંજી કશું ગીત સમીર લ્હેરે !
ગીતસ્વરે ચંચળ કર્ણ તારાં
તું ફેરવે ચોગમ નેત્ર-તારા !
ને દૃષ્ટિનું ઐક્ય સધાય...
રોમે
રોમે લહી કંપ અદીઠ...
હૈયે
આનંદને મંદિલ ગાન ઝૂમે.
તું પ્રેમથી વિહ્વલ અંગ અંગે
અવાર્ય આકર્ષણથી વિલાસે
વિલોલ પાયે વનરાઈ પાસે
સરે...
ઢળે પ્રેમલ તાસ સંગે
છાયા રૂપે

બેય બની અભિન્ન
જ્યોત્સ્નાતણાં ચંચલમાં વિલીન.
શૃંગારની અદ્‌ભુત ભાવહેલિ
પ્રશાંત રમ્યા તવ જાય રેલી !
તું વૃષ્ટિનું તાંડવ નૃત્ય ખેલે
ઉલાળતો વાદળ હસ્તિચર્મ !

ગળે વીંટ્યો નિર્ઝર નાગરાજ
ફુત્કારતો ઘૂમરતા પ્રવાતે.
આસારને દુર્દ્ધર પાય ઘાતે
દડે શિલાઓ થઈ ખંડ ખંડ.
ને મેઘના ગર્જનથી પ્રચંડ
ઘોષે બજાવે ડમરૂક તેના
પડે પ્રતિચ્છંદ ગુહા-ખીણોમાં
ગર્જંત જાણે તવ અટ્ટહાસ !
દિક્કાલ સૌ સ્તબ્ધ ન સૂર્ય ચંદ્ર
અંધાર ચોમેર છવાયું સાંદ્ર !
કરાલ તું,
નેત્ર તૃતીય ખોલે
વિદ્યુત્ શિખાનું... ધ્રુજવંત મર્મ
નિસર્ગનું.
શી તવ કાલરૂદ્રા !
યુગાંતની ભીષણ લાસ્યમુદ્રા !
ને સિંહને વ્યાઘ્રતણી છલાંગે
કે ભાગતા ત્રસ્ત મૃગે કુરંગે
રે ! શૌર્યને ભીતિની ભાવભંગી
દર્શાવતો વેગિલ પાયઠેકે
કરે કદી તું દ્રુત-નૃત્ત લ્હેકે.

સર્વે રસોથી પર હે અરંગી !
અનંતરંગે તવ નૃત્યધારા
ઝરે સદા...



જ્યાં રસના તરંગ
ભાવોર્મિના નિત્ય નવીન ભંગ-
થકી બને સ્પંદિત...
ચિત્તહારા-
અનાદિના નર્તક હે શુભાંગ !

હે ગિરિનાર શૃંગ !
પુરાણયોગી સમ સ્વપ્નહીન
બેઠો અનંતા યુગથી અડોલ
પદ્માસને ધ્યાનમહીં વિલીન
આહાર ના કાંઇ છતાં સુડોલ
કેવી ઝગે ઉન્નત પુષ્ટકાય !
બીડાયલાં લોચનિયાં અતંદ્ર
રમે કશા ધ્યાનતણા પ્રકર્ષે
અંતસ્તલે નેત્ર સહસ્ર ખોલી
તું ન્યાળતો રંગ અશેષ.
ધીર
કદીય ના ચંચલ શોક હર્ષે.
ને શ્વાસનો શો તવ નાદ મંદ્ર
ઘૂમી રહે 'નાહતનો ગભીર
(ઉંચા ઉંડા ગહવરમાંહી ઘેરૂં
ગર્જંત વાયુ જબ ઘૂમરાય.)
કાળી જટાની લટ શી ઉતંગ
અસંખ્ય કાલીન અતિ પ્રલંબ
છવાયલી શ્યામ શિલા સ્વરૂપે
બે બાજુ જામી ગઈ ઘટ્ટરૂપે.

(લીલી સુકેલી વનરાઈ કેરૂં)
કેડે ધર્યું વલ્કલ તોય નગ્ન
આ વિશ્વથી નિસ્પૃહ ને અસંગ
નિસર્ગના ચિંતનમાંહી મગ્ન
ના શીતને તાપ થકી તું કલાંત
વર્ષામહીં સ્વસ્થમના પ્રશાંત
સમાધિમાં સંસ્થિત હે અકંપ
અનંતના વજ્જરકાય યોગી !
બેઠો અહીં તું સ્થિર...
અભ્રતુંગ !

હે ગિરિનાર શૃંગ !
તું રૂદ્રનું શ્યામ વિરાટ લિંગ.
આકાશના ઘુમ્મટની વિચાલ
તારી પ્રતિષ્ઠા.
ચમકે અનંત
(ન તૈલ - ને વાટ... ન ધૂમ્ર તોય)
દીપાવલી તારકની જ્વલંત
ચોમેર ઉંચે...
દ્યુતિની પ્રશાંત
ધારા ઝરે ઉજ્વલ.
શેષનાગ
દુર્ભેદ્ય આ કાનનનો પ્રગાઢ
તમિસ્રથી શ્યામલ (તેજ રાગ
જેને ન રંગે રવિનો...) વિરાટ
વીંટાઇને શો તુજને પડેલ

કરે ફણા ધુમ્મસની વિશાલ.
ને અભ્રના છત્તર શ્વેત નીલ
ઝૂલે ઉષાની જયહીં તેજઝૂલ.

અનેકરંગી...
તુજપે ઝળુંબે
કશાય આધાર વિના વિલોલ !
(તુષાર ભીનું જબ શૃંગ પ્રાંત. !)
પ્રભાતના પાત્રથકી વિલંબે
ઝરી રહી શી જલધાર શીત.
થીજી ગયાં સર્પિષબિંદુ... (શ્વેત
ચૈત્યો પ્રપા મંદિર ધર્મશાળા.)
સીંચેલ તારાપર...
ત્યાં સરંત
શું માનવો તેજ ? ઉધેઈ કીડી
થાળા સમી ચોગમ અદ્રિમાળા
વીંટી તને સોહી રહી અનેરી.
આ વિશ્વના મંદિરમાં સ્વયંભુરૂપે
રહ્યો શાસ્વત...
તું શું શંભુ ?
સિદ્ધો થકી સેવિત હે અભંગ !

હે ગિરિનાર શૃંગ !
તું પૃથ્વીના દિવ્ય સહસ્રપત્રે
શોભી રહે શ્યામ વિરાટ ભૃંગ
હવા યદા ગુંજત સાંધ્યમંત્રે.

પ્રશાંત આકાશતણા વિનીલ
સરોવરે પૃથ્વીનું પદ્મ ખૂલે
ઉષાતણી તેજલ રંગઝાંય
અંધારના વારિપરે. છવાય...
ક્ષિતિજની સીમ સુધી વિશાલ
ખીલી રહે લાલમ પાંખડીઓ.

ને અદ્રિમાળા તવ વૃત્ત વચ્ચે
ત્યાં દીપતી ઉચ્છ્રિત કર્ણિકા શી.
બાલાર્કની સ્વર્ણિમં તેજરાશી
ઝીલી રહેલી વનરાઈ ઝૂલે
તંતુસમી...
નિર્મલ ઓસવારિ.
સોહાય શો રમ્યપરાગ... (ધીરી
હવા થકી ચંચલ વેલડીઓ
ને વૃક્ષ પર્ણે ચ તૃણે ઝરેલ !)
તું પાંખ ખોલી, પડખે ઢળેલ
બે અદ્રિધારો તણી દીર્ઘ શ્યામ !
(જ્યાં બિંદુ ચોંટ્યા મકરંદકેરાં
સુકાયેલા ઘાસતણાં ભલેરાં)
બિરાજીયો શો ત્યહીં અભ્ર ઉંચે
ઠંડી હવામાં કરતો વિરામ.
ચૂસી રહ્યો નિર્ઝરનો અમંદ
ઝરી રહેલો મધુરો મરંદ.
પ્રભાતના જાગૃત કુંજ કુંજે
આનંદથી કૂજી રહ્યા વિહંગ



તણા રવે તું મધુમત્ત ગુંજે
ઝીલી કશા મોહક સાંધ્યરંગ !

હે ગિરિનાર શૃંગ !
નિસર્ગના શાસ્વત કેલિ કુંજ !
તું ચંદ્રના શુભ્ર પ્રશાંત તેજે
પ્રસન્ન ડોલે રવહીન શૂન્ય
ને ગ્રીષ્મના આતપથી ન સ્હેજે
તું કલાંત... કોલાહલથી ય ધન્ય.
વસંતમાં ફૂલ-દલે લચેલ
શો મંજરીને મધુપાન કૂજે
ના. તું અને પાનખરે અચેલ
તુષાર ભીના મરૂતે ય ધ્રૂજે !
હેમંતમાં નિર્મલ અભ્રહીન
તું દર્શને મોહક સૌમ્ય નીલ !
ને પ્રાવૃષે મેઘમહીં વિલીન
તું નેત્રને દુર્લભ. રૂદ્રશીલ !
છવાય ક્યારેક તું રંગફૂલે
સંધ્યા-ઉષાના પળવાર રમ્ય
ક્યારેક વીંધે વળી તીક્ષ્ણ શૂલે
તૂફાન ઝંઝાનિલના અદમ્ય
તને...
શી તારી સમતા ઉદાર !
અવર્ણ્ય તું...
ચંચળને ગભીર
વાચાળને મૂક... પ્રશાંત-રૂદ્ર
પ્રેમાળને ભીષણ... ભીરૂ-વીર
અધીરને સ્થિર... ઉદાત-ક્ષુદ્ર
નાના સ્વરૂપે પ્રગટી... અપાર
સૌંદર્યના હે નિધિ !...
ભિન્ન ભિન્ન
કાળે ઋતુએ ઋતુએ વિભિન્ન
આકાર લૈ અદ્‌ભુત રૂપરંગ
દર્શાવતા... હે ગિરિનાર શૃંગ !
નમું તને હું પ્રણયે નતાંગ.

**ફા. પૂર્ણિમા વિ. સં. ૨૦૨૪**

# શ્રી પાર્શ્વ પ્રભાવતી ગીત કથા

## શાર્દૂલવિક્રીડિત

ફૂલે વૃક્ષ કંદબ પદ્મમધુથી રંગાઈ રહે સ્રોવર,
કૂજે કોયલ પ્રેમગીત સહુના સ્નેહે સ્રવે અંતર ।
તેવા મત્ત વસંતના મધુરસ્યા કાળે બની નિર્ભય,
જેણે રાગ વિરાગ રંગ ઉજવ્યા તે પાર્શ્વ પામો જય ! ॥

### ગીત ~ ૧

**આવી વસંત મધુરસ ઝરતી**

સકલ ચરાચરના જીવનમાં, કરતી રસની ભરતી,
મંદ મંદ મલયાનિલ આવે, મત્તમધુર વનવેણું બજાવે,
પદ્મ પરાગ થકી ન્હવરાવે, મદભર અંબર ધરતી...
આલિંગે તરૂને વનવેલી, રસ ઝરતી મનહરતી ઘેલી,
વન કુસુમોની સુગંધ હેલી, દશ દિશમાં સંચરતી...
કુંજે કુંજે પંચમ સૂરે કોયલ ગાતી રસ ભરપૂરે,
યુવ મંડળીઓ મદને પૂરે, વન ઉદ્યાને ફરતી...

**આવી વસંત મધુરસ ઝરતી...**

★★★

### શાર્દૂલ૦

આવી રમ્ય વસંત સંતજનના યે ચિત્ત ડોલાવતી,
ખીલ્યા પદ્મ પરાગ પી મદભર્યા ખેલે મરાલો રતિ ।
ત્યારે રાજકુટુંબ સાથ મધુના રંગોત્સવો ઝીલવા,
ચાલ્યા નાગરિકો કુશસ્થલ તણા, ઉદ્યાનમાં ખેલવા ॥

## સોરઠો

ને... ચાલી સખિયન સંગ, રાજકુમારી પ્રભાવતી,
ઉરને ગાઢ ઉમંગ, વનની શોભા પેખવા...

## ગીત ~ ૨

**ચાલી રમવા રાજકુમારી!**

સખિયન સંગે મનને રંગે, વનભીતર મનહારી...
વસંત શી મનહર અતિ ચંચલ, નવ યૌવનની લહેરે,
મુગ્ધા ઉર ઉલ્લાસે છલતી, પદ પદ કુંકુમ વેરે,
અનુપમ રૂપ મધુર લાવણ્યે, પદ્મ સમી સુકુમારી....

**ચાલી રમવા રાજકુમારી...**

મોહક રંગ છટા વેરંતી, વાસંતી શી ચાલે,
કુંજ નિકુંજે ભમતી રમતી, વસંત શોભા ન્યાળે,
મધુકેલી કરવાને જાણે, આવી કો સુરનારી,

**ચાલી રમવા રાજકુમારી...**

★★★

## શાર્દૂલ૦

ત્યારે વાયુ વસંતનો ગજબની રે ! મિષ્ટ સુરાવલી,
ચોરી કોઈક ગુંજથી વનમહીં રેલાવતો જંગલી ।
સૂરો અદ્ભૂત ગીતના શ્રુતિપથે ઝીલી રસીલી તદા,
ચાલી મૂળ નિહાળવા ગીતતણું તે ચિત્ત આકર્ષતા ॥

## સોરઠો

હીંસી આમ્ર હીંડોળ ગીતો પાર્શ્વકુમારના,
માધુર્યે અણમોલ કિન્નરીઓ ગાતી હતી...

## ગીત ~ ૩

જય જય પાર્શ્વકુમાર !

**અશ્વસેન કુલ કમલ દિવાકર ! વામા તનય ઉદાર !...**

નીલ વરણ તનુ છવિ મનમોહક ! અનુપમ સુષમા સાર

નયને છલકત અસીમ મધુરો, પ્રેમનો પારાવાર...

પરમ મધુર પ્રેમે છલકંતી રૂપ છવિ મનોહાર,

જેની પળ પણ ના ભૂલાતી ઝીલી નયન દુવાર...

ધન્ય ધન્ય તે કાશી ધરતી, ધન્ય ત્રિપથગા વાર,

જેના પાવન ફરસે દરશે ઝરતા પુણ્ય અપાર...

જય અનુપમ લાવણ્ય સુધાનિધિ સકલ તાપ હરનાર,

જય પ્રણયીજન વાંછિત પૂરક ! વ્હાલમ પ્રાણાધાર...

**જય જય પાર્શ્વકુમાર...**

★★★

## શાર્દૂલ૦

ઉદ્યાને ગુણ રૂપ વર્ણન તણાં ગીતો સુણી પાર્શ્વના,

તે મહેલે ગઇ પાર્શ્વ દર્શન તણી, ચિત્તે ધરી ઝંખના ।

આલિંગ્યો રસ મસ્ત ઇંદુ નિશને શીળા હુંફાળા કરે,

ત્યારે તે ઉરતાપને શમવવા, ગૈ ચંદ્રશાલા પરે ॥

## સોરઠો

ઉગ્યો પ્રેમ અંકુર મુગ્ધ પ્રભાવતી ચિત્તમાં,

ઝંખે પ્રેમને પૂર (તે) દર્શન પાર્શ્વકુમારનું...

## ગીત ~ ૪

**મધુમય ચંદ્રધવલ રજનીએ !**

અર્ધ નિમીલિત નયને સૂતી, કમલતણાં શયનીયે,

સુરભિત મંદ વહેતો તો વાયુ ગ્રીષ્મતણી હરતો લ્હાયું,
સ્વપ્ન પથે તવ પાર્શ્વ કુમારને નિરખ્યો રાજકનીએ...
મધુ છાયેલ તરંગિત નીરે, સુંદર નિર્મલ સ્રોવર તીરે,
ફરતી અનુપમ કુંજ નિકુંજે કોકિલ કુલ કમનીયે...
નીલ વરણ તેજે ઝલહલતો, પરમ શાંત રૂપે ઉલ્લસતો,
રંગે ખેલે પાર્શ્વકુમર ત્યાં, મદભર આમ્રવનીએ...
અતિ મોહક સ્મિત વેરી તેણે, સ્નેહ સુધાથી છલતા નેણે,
ન્યાળી રાજસુતાને પલભર, સૂધ ભૂલી નીજની એ

**મધુમય ચંદ્રધવલ રજનીએ...**

★★★

## શાર્દૂલ

પેખી સ્વપ્નપંથે અપૂર્વ રસના અંભોધિ શા પાર્શ્વને,
ઝીલી પ્રેમ કટાક્ષ રંગ્યુ ઉરને, તેના જ ચિત્રાંક ને ।
ભૂલી ભાન પ્રભાવતી પ્રણયના રંગે બની ઘેલડી,
ઝંખે સંગમ પાર્શ્વનો પળપળે શાંતિ લહે ના ઘડી ।।

## સોરઠો

ને... પ્રમદા પ્રણયાતુર ઉછરંગે વીણા ધરી,
ગાતી રસભર પૂર ગીત મિલનને વાંછતા...

## ગીત ~ ૫

શમણાને સંગ કાલ આવ્યો ને આજ
ઘેરી રમણાને રંગ ભીંજવાતો,
નજરૂં ને તાર હજી બાંધ્યો ન તોય
મારે ઉરને કાનન અટવાતો...

શ્યામ તું કેવોક છે મદમાતો ?

**પ્રાણ મારો તું થી બન્યો રંગરાતો...**

કાલે ચાલીતી હું ઉપવનને રમ્ય-

દેશ રમવાને રંગે રસીલી,

કિન્નરીએ ગાંયેલું ગીત તારૂં મીઠું,

ત્યહીં અંતરને સ્રોવર ઝીલી...

રોમ રોમ તારૂં જ ગીતડું ગાતો

**પ્રાણ મારો તું થી બન્યો રંગરાતો...**

ગીતને આધાર તને કલ્પી અદ્‌ભુત

હું તો મોહી પડી છું ઘેલી,

ભીંજવને શુષ્ક મારૂં અંતર તું

નેણથી વરસાવી પ્રેમની હેલી...

વિજોગના તાપ થકી મુરઝાતો,

**પ્રાણ મારો તું થી બન્યો રંગરાતો...**

કાળો તે મેઘ માંહી સોનેરી વીજ,

એવો તારો છે પ્રીતમ સંગ

ક્યારે તે અંક તારે બેસી માણીશ

હું એ મોંઘેરો નેહનો રંગ...

એવી ઝંખના મહીં ઘૂમરાતો

**પ્રાણ મારો તું થી બન્યો રંગરાતો...**

★★★

## શાર્દૂલ

પ્રેમે વિહ્વલ પુત્રીને નીરખતાં પૂછી સખી વૃંદને,

જાણ્યું તાત પ્રસેનજિત, નૃપતિએ, ચાહે સુતા પાર્શ્વને ।



ત્યારે હર્ષિત થૈ વધ્યો નરપતિ સ્થાને અનુરાગ છે,
ઈન્દ્રે પૂજિત પાર્શ્વથી અવર ક્યો હ્યાં ચાહવા જોગ છે ? ॥

### સોરઠો

ત્રણે જગતને માન્ય અતિ ઉત્તમ વર ચિંત્તવ્યો
પુત્રી તું ધન્ય ધન્ય ! પાર્શ્વ દેવને ઝંખતી...

### ગીત ~ ૭

**આનંદી અલબેલી !**

સ્વસ્થ બની ગઇ અંતર કેરી વિહ્વળતાને ઠેલી...
પ્રભાવતીને શુભવેળાએ, સ્વયંવરાને રૂપે,
મોકલશું વાણારસી નગરે, પાર્શ્વકુમાર સમીપે,
તાત તણી આ વાત સુણીને હસી ઉઠી ઉર ઘેલી...
પ્રિયના ભાવિ સંગમ કેરા, જોતી મધુરાં શમણાં,
અંતરના આનંદે ઝૂમી, ગાતી ગીતો નમણાં..
કાળ પસાર કરે સખી સંગે રમતી રસને રેલી...

**આનંદી અલબેલી...**

★★★

### શાર્દૂલ૰

એ વૃત્તાંત કલિંગરાજ યવને, જાણ્યો અમર્ષે સરી,
ચિંતે ચિત્તમહીં અમે અહીં છતાં એ કોણ જાશે વરી ।
કન્યા રાય પ્રસેનની ઉછળતા રોષે બની એકઠા,
સીમાના નૃપ સૌ કુશસ્થલપુરે ઘેરો લગાવી પડ્યા ॥

### સોરઠો

નિસુણી એ સવિ વાત પ્રસેનજિતનરમુખથી,
અશ્વસેન નરનાથ કોપે સૈન્ય લઇ ચાલતો.

## ગીત ~ ૭

**ઢમ્ ઢમ્ ઢમ્ ઢમ્ ઢોલ ધ્રબૂક્યા !**

શુરાના હૈયે આગ જગવતા રણરસે રણશીંગડાં ફૂંક્યાં...

કોઇ મત્ત માતંગે આવે, કોઇ તેજી તુખાર ચલાવે

સમ્ સમ્ સમ્... વીંઝાતા ખડ્ગે, વીજનાં તાતાં તેજ ઝબૂક્યાં...

હુમ્ હુમ્... જોશીલા વીર ગરૂં જે

ધમ્ ધમ્... પગલે ધરતી ધ્રૂજે

ચારણના હાકલ પડકારે, કાયરના દિલ ધ્રમ્મ ધડૂક્યા...

મત્ત માતંગની બોજીલી ચાલે

તેજી તુખારની તાતી ફાળે

રણ વાજિંત્રના ભીષણ નાદે ધરતીને અંબર પણ ઝૂક્યા

**ઢમ્ ઢમ્ ઢમ્ ઢમ્ ઢોલ ધ્રબૂક્યા...**

★★★

## શાર્દૂલ૰

રોકી પાર્શ્વકુમાર ત્યાં જનકને, સેનાની થૈ સંચર્યો,

ઈન્દ્રે માતલિ મોકલ્યો રથ લઇ ત્યાં દિવ્ય શસ્ત્રે ભર્યો ।

ને થોડાક જ કાળમાં રિપુ ગણો ઘેરો લગાવી પડ્યા,

ત્યાં પહોંચંત અસંખ્ય સૈન્ય લઇને શ્રી પાર્શ્વ યુદ્ધે ચડ્યા ! ॥

## સોરઠો

ચિંતે પાર્શ્વકુમાર વ્યર્થ શું હિંસા ખેલવી !

દૂત મોકલી સાર રિપુગણને સમજાવતા...

## ગીત ~ ૮

**માનને મૂકો ! માનને મૂકો !**

અય રાજાઓ માનને મૂકો !

ગર્વ ભર્યા આટોપ તજીને, પાર્શ્વકુમારના ચરણે ઝૂકો !

**માનને મૂકો !**

દષ્ટિથી એ દુષ્ટોનો ત્રાસક !
ક્યાં એ ત્રણ ભુવનનો શાસક !
વિશ્વતણા અન્યાયનો નાશક !
એની સામે યુદ્ધે ચડીને, મૂરખ ! પ્રલય અનલ શું ફૂંકો ?

**માનને મૂકો !**

સાંભળી દુઃસહ દૂતની વાણી, રાજસભા અતિરોષે ભરાણી,
ઉભી થઇને ખેંચી કૃપાણી, દૂતને કંઠે પકડી બોલે
આ અમ ઉત્તર છે ટચ ટૂંકો ! માનને મૂકો !
વૃદ્ધ અમાત્ય થઇ તવ ઉભો,
બોલ્યો પળભર થોભો થોભો !
સત્ય વચનથી એમ શું ક્ષોભો !
અવિચારી યુદ્ધો જગવીને, નિજના ભાગ્ય ઉપર શું થૂંકો.

**માનને મૂકો !**

ત્રણે ભુવનનો જે છે શિવંકર !
ચોસઠે ઇન્દ્ર છે જેના કિંકર !
ક્યાં એ મેરૂને ક્યાં તમે કંકર.
ઐરાવણ હસ્તીની સામે, ઘેલા ગર્દભ જેમ શું ભૂંકો.

**માનને મૂકો !**

ધરતીથી અદ્ધર ચાર આંગળ !
જેનો રથ ચાલે પ્રલયાનળ,
વજ્રાદિક શસ્ત્રોની આગળ,
રાંકડા કેમ તમે ઝૂઝશો સહુ, શાણા થઇને રે મત ચૂકો !

**માનને મૂકો !**

પાર્શ્વકુમારના બળથી ચોંકી,
યવનાદિક નૃપ યુદ્ધને રોકી;
કાંધ પરે કુહાડો મૂકી,
પાર્શ્વને શરણે જઇને બોલ્યા, માફ કરો પ્રભુ અમ ભૂલ ચૂકો.
**માનને મૂકો !**

★★★

## શાર્દૂલ૦

શત્રુ મિત્ર બન્યા... ખસ્યો નગરનો ઘેરો... ખૂલ્યાં બારણાં,
આવ્યા રાય પ્રસેનજિત... નગરના લોકોય બીજા ઘણા ।
આનંદે પ્રભુને કહે નગરમાં આવો ! પ્રભુ સંચરે,
સોહાવી પુર તોરણે ગજબનું સામૈયું રાજા કરે ।

## સોરઠો

સખીયોની સંગાથ ગોખે રહી પ્રભાવતી
ન્યાળે મનનો નાથ હૈયે નેણે ઉલ્લસી...

## ગીત ~ ૯

**સખિ, તારો નાવલિયો ભારે સોહામણો ?**
વાસંતિ રંગ ધરી પ્રગટ્યો અનંગ શું આ ?
દર્શકના ચિત્તમહીં લાગે લોભામણો...
ચળકંતા દિવ્યમણી રત્નોની સંગમાં,
સોહે કિરીટ એનો ભિન્ન ભિન્ન રંગમાં.
મોહક થૈ ઉછળતા તેજના તરંગમાં,
સંધ્યાના રંગ થકી છાપેલા વ્યોમ જેમ -
**દીપે કુમાર કેવો રૂપે કોઠામણો...**
રાજકની કુંવરને ભવભવની તર્ષથી,

ન્યાળે ખીલેલ દગે પ્રેમના પ્રકર્ષથી,
અંગ અંગ એનું ઝગે ઉછળતા હર્ષથી,
ઢળી જવા પ્રિયતમના ચરણોમાં વેગથી,
**ધસે એના હૈયાના સાતે મ્હેરામણો...**

ધસમસતા પૂર જેવી હૈયાની લાગણી,
અંતરને તાર તાર ઝરે પ્રેમ રાગણી,
રમે એને અંગ અંગ રંગભરી ફાગણી,
હસી હસી સખિ કહે કાશીનો ધૂર્ત્ત આ,
**જો જે ના જાય ઠગી કરી કશા કામણો...**

★★★

## શાર્દૂલ

વીત્યા એમ અનેક વાસર ત્યહીં આનંદને ઉત્સવે,
રાજા યોગ્ય પળે સુતા પરણવા શ્રી પાર્શ્વને વિનવે,
આવ્યો તાતની આણથી અહીં હું તો સંરક્ષવા આપને,
સ્ત્રીના બંધનની ન વાત કરશો ના લગ્નવાંછા મને ॥

## સોરઠો

જાણી એ વૃત્તાંત હૈયે ભગ્ન પ્રભાવતી,
કરતી મહા કલ્પાંત ઓલંભા દે પાર્શ્વને...

## ગીત ~ ૧૦

**તારા મુખડાને મલકારે કે મન મારૂં મોહ્યું મોહ્યું રે**
**તારી પાંપણને પલકારે કે દીલ મારૂં પ્રોયું પ્રોયું રે...**

રાત ઈંદુની સાથે રમતી હતી
હું કુંજ ગલીમાં ભમતી હતી
**ત્યારે પ્રેમતણે છંટકારે ચિત્ત મારૂં ચોર્યું ચોર્યું રે...**

મારા અંતરને આંગણ આવી ગયો

કાંઇ પ્રીત્યુની આગ જગાવી ગયો

**તારી આંખડીના અણસારે મેં ભાન મારૂં ખોયું ખોયું રે...**

વ્હાલા સ્વપ્નમહીં સ્વીકારી મને

હવે ના કહેવી ન ઘટે તુમને

**તારા એક જ રે ! ઈનકારે કે ઉર મારૂં રોયું રોયું રે...**

તારો પ્રીતનો તાર શું તૂટી ગયો ?

મારા ભાગ્યનો કુંભ શું ફૂટી ગયો ?

**(કે) મારે અંતરને આવકારે તેં શું ઓછું કાંઇ જોયું જોયું રે ?**

★★★

## શાર્દૂલ૦

આ છે નીરસ ચિત્તને પળપળે ઝંખે સુતા એહને,

હા વા શું કરૂં જાઉં કાશી વિનવું શ્રી પાર્શ્વના તાતને ।

ચિંતી એમ કુમાર સંગ નૃપતિ કાશી પ્રતિ ચાલીયા,

કન્યાને લઇ સાથ અલ્પ દિનમાં નિર્વિઘ્ન ત્યાં પહોંચીયા ॥

## સોરઠો

પ્રભાવતીની વાત અશ્વસેન નૃપને કરી,

કરે લગ્નનો ગાઢ - આગ્રહ બન્ને પાર્શ્વને...

## ગીત ~ ૧૧

**ઢમક... ઢમક... ઢોલ બાજે, ધમક... ધમક... ઘુંઘરૂ ગાજે,**

તા થેઇ... તા થેઇ... તાનને સાજે નાચે અપ્સરનાર,

**પરણે પાર્શ્વકુમાર...**

બારે બારે તોરણમાળા! આંગણ આંગણ ગીત રસાળા !

ચૌટે ચૌટે ચેટકચાળા નાટકના નહિ પાર,

**પરણે પાર્શ્વકુમાર...**

ખલક... ખલક... કંકણ ખલકે ઝળક... ઝળક... ટીકા ઝલકે,

મલક... મલક... માનુની મલકે મંગળને આચાર,

**પરણે પાર્શ્વકુમાર...**

વાંછિત પામી નાચેં માંગણ ઉછળતા ચારણ બંદી ગણ,

હોંશીલા ગજવે ગગનાંગણ ગીતતણે લલકાર !

**પરણે પાર્શ્વકુમાર...**

પ્રભાવતી નિત નવલા રંગે વિલસે પાર્શ્વકુમારની સંગે,

દૈવી ભોગના સિંધુ તરંગે, ખેલે પ્રેમ ઉદાર,

**પરણે પાર્શ્વકુમાર...**

★★★

## શાર્દૂલ

વીત્યા વર્ષ અનેક રંગ રમતાં ને એક દી બાગમાં,
ખીલી ઋતુ વસંત કિંશુકતણાં ફૂલો ઝૂલ્યા રંગમાં ।
પીને પુષ્પ પરાગ મત્ત ભમરા ગૂંજે મીઠું તાનમાં,
કાશીના રસિકો તદા વનમહીં ચાલ્યા પ્રિયા સાથમાં ॥

## સોરઠો

તવ ઘરની અનુરાગ પ્રભાવતી પ્રિયને કહે,
ચાલો પ્રીતમ બાગ, મધુકેલી કરવા રસે...

## ગીત ~ ૧૯

**ચાલો રંગ રસીયા રમીએ !**

ખીલ્યું જોબન વસંત ખીલી કાનન કાનન ભમીએ...

અણુ અણુથી પ્રગટે છે ઘેરી, વસંતની રસમસ્તી

ચાલો પ્રીતમ ડૂબીએ એમાં, ભૂલી આપણી હસ્તી...
પાર્શ્વકુમાર પ્રિયાને સંગે ચાલ્યા વન ઉદ્યાન
રમતા ભમતા વનમાં મનમાં ઝીલે મધુનાં ગાન...
રંગબેરંગી ફૂલડાં ખીલ્યાં, ફૂલ્યા તરૂવર પાન,
વનવેલીને પજવે ભમરા કરતા મધુરસ પાન...
ફરતા આવે રંગ ભવનમાં બન્ને મનને રંગે
ન્યાલે અદ્ભૂત ચિત્ર સૃષ્ટિ ત્યાં, અનુપમ રંગ પ્રસંગે...
નેહે ભીની રાજુલ છોડી ચાલ્યા નેમ નીરાગી
ન્યાલી ચિત્ર બન્યા ઉર માંહી, પાર્શ્વકુમર વૈરાગી...

★★★

### શાર્દૂલ૰

ભાગ્યો રંગ અનંગનો મધુતણો ઉલ્લાસ નાસી ગયો,
જાગ્યો ભોગવિરાગ જોગ ગ્રહવા ઉત્સાહ ભારે થયો ।
હૈયે પાર્શ્વકુમારના સુર અને લોકાંતિકો આવીયા,
સ્થાપો તીર્થ કરે વિનંતી પ્રભુજી વૈરાગ્ય રંગે રમ્યા ॥

### સોરઠો

જાણી ચિત્ત વિરક્ત પ્રભાવતી રોતી વદે,
કરવાને અનુરક્ત રાગે પાર્શ્વકુમારને...

### ગીત ~ ૧૩

**પ્રીતમજી મત જાઓ !...**

મૂકો જોગનું ગાન બસૂરૂં, પ્રીતની વેણુ બજાઓ !
જોબન રસ ભરપૂર વહે છે છલકે પ્રીત કટોરો
રંગ-અનંગના પૂરા ન પૂર્યા ત્યાં, વ્હાલમજી ! કાં ઢોળો !

**પૂરણ પ્રીત જગાઓ !**

ભવ સાગરમાં હું ભોળી અટૂલી, એકલ નિરાધાર
કેમ તું મુજને જાય તજી ઓ ! જીવન પ્રાણાધાર !

**હિત મારૂં મન લાઓ !**

છોડીને જો જાવું તું વાલમ ! તો શું કીધી પ્રીત
જીવન પંથ અધૂરો હજી છે મુજને લાગે ભીત

**પૂરો પંથ કપાઓ !**

કરૂણાસાગર તું કહેવાતો, તો યે બનીને ક્રૂર
અંતરની આશા અમ છેદી જાઓ  છો કેમ દૂર

**ઉરથી પ્રેમ ઝરાઓ !**

જાણ્યું હા ઓ જગના સ્વામિ ! તું તો છે વીતરાગ
તોયે પ્રીતના દાવે માંગું કાંઇક રાખજે રાગ

**શિવનો પંથ રચાઓ**
**પ્રિતમજી અબ જાઓ !**

★★★

## શાર્દૂલ

લીધી માતપિતા તણી અનુમતિ ને થૈ વ્રતે ઉદ્યત,
આપ્યું વાર્ષિક દાન સર્વજનનાં પૂર્યા મનોવાંછિત ।
આવ્યા ચોસઠ ઈન્દ્ર ઉત્સવ કરે દીક્ષા તણાં અદ્ભુત,
ત્યાગી ને મમતા જઇ વનમહીં લીધું પ્રભુએ વ્રત ॥

## સોરઠો

નગરીના સહુ લોક જાતા જોઇ પાર્શ્વને
રોતા પોકે પોક ઘેરા શોકે ડૂબીયા...

## ગીત ~ ૧૪

ચાલ્યા પાર્શ્વકુમાર
છાંડ્યા માતપિતાને પત્ની, છોડ્યો સકલ સંસાર...
રોતા રાયને રાણી રોતી પ્રિયા પ્રભાવતી નાર,
રોતો પરિજન રોતાં સઘળાં કાશીનાં નરનાર...
આંસુભરી આંખે સહુ બોલે, રોવંતા ચોધાર,
પાછા વળો પ્રભુ પાછા વળો ઓ ! સુણી અમ પોકાર...
તુમ વિણ સ્વામિ સૂનું કાશી, સૂનાં નૃપ દરબાર,
ખાવા ધાશે ગૃહ ઉદ્યાનો જેવા મરૂ કાન્તાર...
કેમ અમોને છોડી જાઓ, વ્હાલા પાર્શ્વકુમાર,
તુમ વિણ કોણ અમારી લેશે વ્હાલભરી સંભાળ...
વિશ્વના હિતને જેણે થાપ્યું હૈયે અટલ નિર્ધાર,
તોડી મોહને ચાલ્યા આગળ, ઉંડા વન મોઝાર...

★★★

### શાર્દૂલ

ઉંડા તે વનમાં જઇ તપ તપી, કૈવલ્યને મેળવી,
આવ્યા પાર્શ્વ જિનેન્દ્ર કાશી નગરે, ભવ્યો ઘણા બૂઝવી ।
સ્થાપ્યું તીર્થ પ્રભાવતી વ્રત ગ્રહે કર્મો ખપાવી બધાં,
ખેલે નિત્ય વસંત ફાગ શિવમાં તે દંપતી શાશ્વતી ॥

• • •

# શ્રી વીર જન્મોત્સવ

**વિ. સં. ૨૦૬૧ ભા. સુ. ૧.**

## એક જનમ્યો રાજ દુલારો

૧

**પાયલ છુમ છુમ છન..ન..ન બાજે,**

તાથેઇ તાથેઇ તતથેઇ તાલે, ચંચલ પદતલ છાજે. . .

હાવભાવ  કરતી અતિસુંદર નાચે દેવસમાજે,

શશિવયણી મૃગનયણી અપછર ગુહિર મૃદંગા ગાજે. . .

વીણાવેણુ મૃદંગ કરતલ બહુવિધ મધુરા  સાજે,

નાચગાનની ધૂમ મચી છે દેવલોકમાં આજે.

વીર પ્રભુનો દેવ આતમા ત્યારે ત્યાં જ બિરાજે,

રંગરાગમાં ચિંતન જેનું વીતરાગતા કાજે . . .

૨

**ક્યારે  દેવલોકથી જાઉં ?**

છૂટી ક્યારે એહ દેહથી માનવ તન હું પાઉં ?

રંગરાગને ભોગવિલાસો એ તો મોટી માયા,

ભૂલાવે છે આત્મરૂપને, એની બૂરી છાયા,

ઐયાશીની મોહજાળથી આતમ કેમ બચાઉં ?

દેવલોકનું જીવન કેવળ ભોગવટાનું સાધન,

એનું લાંબું આયુષ એ તો સાધક માટે બંધન,

છૂટી ક્યારે અહીંથી જલ્દી જગનો તારક થાઉં !...
સકલ જગતના સર્વ જીવને શાસનરસિક બનાઉં..
એકાંતે સુખકેરો મારગ, હું સહુને બતલાઉં..
ક્યારે મારી એહ ભાવના હું સાકાર કરાઉં !...

૭

**જિનવર અવનિ ઉપર અવતરતા,**
ત્રણે લોકના જીવો કેરું હૈયું હરખે ભરતા...
બ્રાહ્મણકુંડ નગરમાં બ્રાહ્મણ, ઋષભદત્તને ઘેરે,
મધરાતે અવતરતા ઉદરે, દેવાનંદા કેરે.
ચૌદ સુપન નિરખીને માતા, નિદ્રાને પરહરતાં...
ગજવર ઋષભ સિંહ ને લક્ષ્મી, માળા સૂરજ ચંદા,
ધજા કળશ સરવર ને સાગર, વિમાન રત્નના વૃંદા,
નિર્ધૂમ અગ્નિ જોઇ માતા, ભારે અચંબો ધરતાં...
ધીરી ધીરી મંગળ ચાલે, પતિની પાસે આવે.
મીઠા બોલે જગવી પિયુને, સપનાં સર્વ બતાવે.
ઊંડું આલોચી અંતરમાં, ઋષભદત્ત ઉચ્ચરતાં...
અતિઉત્તમ ને મંગળકારી, સપનાં આવ્યાં તમને,
પરમપુરુષ તુમ ઉદરે આવ્યો, એવું લાગે અમને.
ત્રિભુવન પૂજિત સુતની જનની તમે થશો મનહરતાં...
દેવાનંદા ગર્ભ ઉછેરે, ઘણા મનોરથ સાથે.
નીચ ગોત્રનું કર્મ ખપ્યાથી, હરિણગમેષી હાથે,
બ્યાસી દિવસે ઇન્દ્ર પ્રભુને, ગર્ભ થકી અપહરતા...



## ૪

**ચૌદ સ્વપ્ન સૂચિત મુજ બાળક, હરી લીધું છે કોણે ?**

હું જઈને પૂછું કોને ?...

મધરાતે અધખુલ્લી આંખે, સૂતી હતી હું જ્યારે,
જાણે ચૌદે સ્વપ્ન હરે છે, ત્રિશલાદેવી ત્યારે,
થયો મને આભાસ એ સાચો કે ખોટો છે કહોને !...

લોક કહે છે પ્રભુ હંમેશાં ક્ષત્રિય કુલ અવતરતા,
અન્ય ઘરે આવે તો તેને, દેવરાજ અપહરતા.
શું મારે પણ એવું થયું છે ? જોષીડા તું જોને...

ચૌદસ્વપ્ન આવ્યા'તા ત્યારે, ઘડયા મનોરથ મોટા,
પણ અમ આંગણ ન્હાનું પડયું ને, જોષ થયા સહુ ખોટા,
બાળક મારું ગયું પરાયે, ઘર કોઈ વાવડ દ્યોને...

ભલે હરાયું મારું બાળક, ભલે જનમશે બીજે.
પણ છે બીજ અમારું તેથી, હૈયું મારું રીઝે.
જ્યાં હો ત્યાં એ મોટું થઈને, જ્ઞાન આપજો સૌને...

## ૫

**માંગે તેને ઘેર કદી પણ, પ્રભુ નથી અવતરતા,**

આપે તેના આંગણિયામાં, પાવન પગલાં કરતા,
સિદ્ધારથ રાજાને ઘેરે, તેથી પ્રભુજી આવે.
ચૌદ સુપનનું તોરણ બાંધી, ત્રિશલામાત વધાવે...
આવ્યા ત્રિભુવનના રાજા, વાગ્યાં મંગળતૂર વાજાં,

અજબગજબનાં સુપનાં જોયાં, ત્રિશલા માએ રાતે,
તુરત જ ઊઠી કહેવા ચાલ્યાં, રાજાજીને જાતે,

સુંદર સેજે સૂતી'તી હું, અધબીડેલી આંખે,
ઊતર્યાં ચૌદ સુપન મુજ ઉદરે વાદળ કેરી પાંખે ...
સુણતાં રાજા બહુ આણંદ્યા,
રાણી ત્રિશલાને અભિનંદ્યા,
ઉત્તમ સપનાં જોયાં રાણી, ફળ એનું બહુ મોટું,
સર્વોત્તમ બેટાની માતા, તમે થશો નહીં ખોટું...
નિસુણી રાજા કેરી વાણી,
માતા હૈયે અતિ હરખાણી...

૬

**આઈ આઈ વસંત રંગભીની,**
બહાર છવાઈ મદભર ચોદિશિ મલયાનિલ લહરીની...
નીલમ પાને પાને પ્રગટી, રૂપછટા ધરતીની,
છલક છલક છલકે રસધારા, પુષ્પિત વનવીથીની...
નરનારીના અંગઅંગમાં, થિરકન ઝીની ઝીની...
જગ મંગલકારી જબ આઈ, જન્મ ઘડી જિનજીની...
આઈ આઈ વસંત રંગભીની...

૭

**થયો જબ જિનનો જન્મ ઉદાર,**
દેવદુંદુભિ ગગડી નભમાં, પ્રકાશનો ચમકાર,
ત્રણે ભુવનમાં પ્રસરી સુખની લહેરો સર્વ પ્રકાર
લીલુડી ધરતીના ખોળે, ખેલે સહુ કૃષિકાર.

આંબાડાળે માંજર પીતી, કોયલના ટહુકાર...
વહે વાયરા ધીમા ધીમા, સુરભિત ને સુખકાર.
પશુ પંછી ગણ મધુરા બોલે, સુકન કરે શ્રીકાર...

૮

**આજ દેવદેવીઓ રાસ રમે રંગમાં,**
રાસ રમે રંગમાં, ઉરના ઉમંગમાં...
કુંજ કુંજ કોયલડી, હર્ષગીત ગાઇ રહી.
બાજે વસંતની વેણુ,
રંગભરી વાયુની લહરીઓ જાય વહી
ઊડે પરાગની રેણુ
સાગર ઉભરાય અહો આનંદનો અંગમાં...
આજ દેવદેવીઓ રાસ રમે રંગમાં...
ચૈત્રસુદિ તેરસને વીરકુંવર જનમ્યા,
ત્રણે જગત હુલસાય
એક ઘડી નારકીનાં સર્વ દુઃખડાંય શમ્યાં
અણુ અણુ તેજે છવાય...
જન્મોત્સવ થાય હવે અલબેલા ઢંગમાં,
આજ દેવદેવીઓ રાસ રમે રંગમાં...
ડોલ્યા મધરાતમાં ઇન્દ્ર તણાં આસન
દેવોની દુનિયા જાગી...
જિનજીનું શુચિકર્મ કરવાને પાવન,
ભકિતભરી ભાગી ભાગી...
છપ્પન દિક્કુમરી આવે સેવકની સંગમાં,

આજ દેવદેવીઓ રાસ રમે રંગમાં...

કરવા અભિષેક ઈન્દ્ર ચોસઠ વીરને

મેરુ શિખર લઈ જાય...

કોટિ કળશ જળ સહશે આ કેમને ?

ઈન્દ્રમન સંશય થાય ...

વીરે અંગૂઠો દાબ્યો સુરગિરિ શૃંગમાં,

આજ દેવદેવીઓ રાસરમે રંગમાં...

## ૯

**ધણણણ.. ધણણણ... ધણણણ... ધમ્મ...**

મેરુગિરિવર ચડિયો ઝોલે, શિખરો પડતાં હણણણ હમ્મ

ઘોર અવાજે ખડકો દડતાં, પત્થર સરકે ખણણણ ખમ્મ...

ગુફા અને ગહ્વરમાં ગાજે, પ્રલય હવાઓ સણણણ સમ્મ...

વન પશુપંખીની ચીસોથી, ભરી દિશાઓ ચણણણ ચમ્મ...

સાગર સરિતા ભંવર લેતી, ઊછળે ચિંહુગમ છણણણ છમ્મ...

ધરતી હાલક ડોલક થાતી, ધ્રૂજે થર...થર... ધણણણ... ધમ્મ

નાચ ગાન કરતાં સુર અપછર, તમ્મર ખાતાં તણણણ તમ્મ

## ૧૦

**આ શો ઉપડયો ઉત્પાત ?**

રંગ અને ઉછરંગ મહીં આ કોણ કરે આઘાત ?

સ્તબ્ધ ચકિત સહુ સુર અપ્સર ગણ, ભયથી થર થર કંપે,

કોણે આ ઉત્પાત કર્યો છે ? કોપે ઈન્દ્ર પયંપે

અવધિજ્ઞાન તણા ઉપયોગે જાણે સાચી વાત...
માફ કરો પ્રભુ ! માફ કરો મેં, શંકા કીધી ખોટી
ત્રણે ભુવનથી સ્વામી ! તારી, બળ અધિકાઈ મોટી...
વીરોના મહાવીર તમારો જય હો ત્રિશલાજાત !...

## ૧૧

**છલકે ક્ષીરસાગર જલધારા...**
વીરકુંવરના શિર પર વરસે કોટિ કળશ ભૃંગારા...
છલક છલક છલકાતા ચાલે અગણિત જળના રેલા...
મેરુગિરિનાં અસંખ્ય શિખરો ભીંજવતા અલબેલા...
પ્રભુના ફરસે શિખરે શિખરે ફૂટયા હર્ષફુવારા...
દેવો ઘેલા દેવી ઘેલી, ત્રિભુવન ઘેલું ઘેલું.
પ્રભુજીના અભિષેક પ્રસંગે, ભકિતરસે રંગેલું...
પ્રેમ તણા રસરેલા ચાલ્યા, તાપ બધા હરનારા ...
ત્રણે ભુવનના કેન્દ્રબિંદુએ મેરુગિરિના શૃંગે...
ત્રિભુવનનાયક વીર કુંવરનો, કરી અભિષેક ઉમંગે...
ઈન્દ્રે માતા પાસે મૂકયા કરી સુંદર શણગારા...

## ૧૨

**રાય સિદ્ધારથના આંગણિયે, રૂડો અવસર આવ્યો,**
મીઠાબોલી દાસીએ ત્યારે, મીઠા બોલે વધાવ્યો...
આણંદો ઓ રાજા મારા, ખૂબ જ ખૂબ આણંદો,
રાણી ત્રિશલાએ જાયો બેટો, જાણે પૂનમચંદાં

અંગેઅંગથી એનાં અજબ, તેજનાં કિરણ ફૂટે,
મીઠી મીઠી આંખલડીથી, અમૃતધારા છૂટે.
આજ તમારે આંગણ જન્મ્યા ત્રણ ભુવનના રાજા.
ચૌદે લોકમાં આનંદ છાયો, વાગ્યાં મંગલ વાજાં.
આણંદો ઓ રાજા મારા...
આણંદે ઉછળી રાજાએ, દાસપણું દૂર કીધું,
સાત પેઢી ખાતાં ના ખૂટે, એવું દાસીને દીધું...

૧૭

**રાજા સિધ્ધારથના ઘેર, આજે વર્તે લીલાલ્હેર...**
વાજે મીઠા મંગળતૂર, સહુનાં હૈયાં સુખ ભરપૂર...
રાણી ત્રિશલાદેએ આજ, જાયો ત્રણ ભુવનનો તાજ,
રૂપે રૂડો રાજકુમાર, જોઇ જોઇ હરખે લોક અપાર...
ચાલે વધામણીનો દોર, લેવે દેવે આઠે પ્હોર,
રાજા રીઝ્યા રેલમછેલ, છૂટયા કેદી ખૂલી જેલ...
ફેડયા સહુના ઋણના ભાર, વર્ત્યો જગમાં જયજયકાર.
દશ દિન ઓચ્છવના મંડાણ, કોઈનાં ના લ્યે કર ને દાણ,
વાગે ઢોલ નગારાં જોર, છાયો આનંદનો કલશોર,
ફૂલે શણગાર્યા સહુ ચોક, નાચે લોકો થોકે થોક...
ઘર ઘર બાંધી તોરણમાળ, ઊડે ચોગમ અબિલ ગુલાલ.
સહુએ પ્રભુ જનમનો આવો, લીધો વધામણનો લ્હાવો...

## ૧૪

**પારણું સોના રૂપાનું પારણું ...**

પારણું રતને જડેલું પારણું, પારણે પોઢ્યો છે મારો મહાવીર...
પારણું મોતી મઢેલું પારણું, દોરી બાંધી છે રેશમ હીર...
પારણે પોઢયો છે મારો લાડલો, વ્હાલો ત્રણ ભુવનનો ઈશ.
છપ્પન દિક્કુમરીએ હુલરાવિયો, જોઇ જોઇ અમૃત ઘુંટડા પીશ...
પારણે ઉછળે છે મારો લાડલો, બેસારી મેરૂગિરિની ટોચ,
એને ચોસઠ ઈન્દ્રે નવરાવીયો, એવી એની છે પુણ્યની પહોંચ...
પારણે ઝૂલે છે મારો લાડલો, મુખડું પૂનમ કેરો ચંદ,
આંખડી જાણે કમળની પાંખડી, જોઇ જોઇ ઉછળે ઉર આનંદ...
પારણે પોઢેલો મારો લાડલો, મારા કાળજાની કૂણી કોર
નિરખી નિરખીને હેયું હેલે ચડે, નાચે મારા મનડાનો મોર...
હળુ હળુ હાલે છે કેવું પારણું, હળુ હળુ વાય છે મીઠો સમીર...
હળુ હળુ હેતે હસે છે મારો લાડલો, સોહે કંચનવર્ણ શરીર...
થાપશે તીરથ મારો લાડલો, થાશે જગનો તારણહાર,
હોશે આનંદ આનંદ વિશ્વમાં, થાશે જગમાં જયજયકાર...

• • •

# વિવિધ સ્તુતિ

## અષ્ટ મહાપ્રાતિહાર્ય સ્તુતિ

જે ત્રણ ભુવનનો નાથ ચોસઠ ઈન્દ્ર જેને વંદતા,
ને અષ્ટ પ્રાતિહાર્ય જેની પરમ ઓળખ આપતા.
એવો મળ્યો તું નાથ મુજને વિશ્વમાંહિ અનન્ય જે,
તુજ પ્રાતિહાર્ય નિહાળતા મુજ હૈયું અતિ હરખાય છે...૧

તુજ ચૈત્યવૃક્ષ અશોક રાતો પવન લ્હેરે લ્હેરતો,
ઘાટા ચમકતા પર્ણપુંજે દિવ્યકાંતિ વિખેરતો.
જાણે પરમ ચૈતન્ય ઉર્જાની મહાવર્ષા કરે,
તુજ ચૈત્યવૃક્ષ નિહાળતા મુજ હૈયું અતિ હરખાય છે...૨

ઘૂમી રહેલા વિવિધ રંગી ભ્રમર જ્યાં ગુંજારતા,
તે પંચરંગી દિવ્યપુષ્પો દેવગણ વરસાવતા.
જે કોટિકોટિ ઈન્દ્ર ધનુષોની ગજબ રચના કરે,
તુજ પુષ્પવૃષ્ટિ નિહાળતા મુજ હૈયું અતિ હરખાય છે...૩

તુજ હ્રદયના સાગરમહીંથી દિવ્ય સૂરો નીકળે,
અમૃતતણા ઝરણાં બનીને તે જગતમાં ઉછળે.
જેનું કરીને પાન ભાવિકલોક અજરામર બને,
દિવ્યધ્વનિ તુજ સાંભળી મુજ હૈયું અતિ હરખાય છે...૪

તુજ કનકવરણી દેહની બે તરફ ઈન્દ્ર ઉભા રહી,
જે રજતવરણા ચામરો ઢાળી રહ્યા છે કર ગ્રહી.



જાણે સુમેરૂ સ્વર્ણ શિખરે ચાંદની ઢોળાય છે,
ચામરયુગલ તુજ દેખતાં મુજ હૈયું અતિ હરખાય છે...૫

રત્ને જડેલા મણિ મઢેલા સ્વર્ણના સિંહાસને,
જ્યારે તમે આરૂઢ થઈને આપતા ઉપદેશને.
જાણે ઉદયગિરિ પર રહેલો ચંદ્ર અમૃતરસ ઝરે,
તુજ સિંહઆસન દેખતાં મુજ હૈયું અતિ હરખાય છે...૬

શું બાર સૂરજ એક સાથે તુજ સમીપે ઝળહળે,
એવું અજબ રેલાય છે અજવાળું તુજ ભામંડલે.
તે શું તમારી શુદ્ધ આતમ જ્યોત કેરૂં તેજ છે?,
તુજ પ્રભામંડલ દેખતા મુજ હૈયું અતિ હરખાય છે...૭

જે દેવદુંદુભિ નાથ ! તારા સમવસરણે ગડગડે,
સાગરતણી ભરતી થકી ઉઠેલ ઘૂઘવાટા પરે.
તે શું તમારી નાભીથી ઉઠતો અનાહત નાદ છે,
તુજ દેવદુંદુભિ સાંભળી મુજ હૈયું અતિ હરખાય છે...૮

ત્રણ છત્ર તારા શિર ઉપર ચમકી રહ્યા છે ઉજળા,
તેમાં ઝળુંબે શ્વેતમોતીઝૂલ તેજે ઝળહળા.
તુજ ઉર્ધ્વગતિની દિવ્ય શક્તિરૂપ તેહ જણાય છે,
છત્રત્રયી તુજ દેખતાં મુજ હૈયું અતિ હરખાય છે...૯

હે ભાવતીર્થંકર તમારી સાથ રહેતી સર્વદા,
અડ મહાપ્રાતિહાર્ય કેરી દિવ્ય યૌગિક સંપદા.
છો વિશ્વના સર્વોચ્ચ સત્તાકેન્દ્ર એવું સુચવે,
તેનું કરીને ધ્યાન પામું આપને હું ભવોભવે...૧૦

# સ્તુતિ

- હરીગીત છંદ

હે નાથ શંખેશ્વર તમારા દ્વારમાં આવી ઉભો,
મુજ રોમ રોમે અમૃત છલકે નિરખતાં તમને વિભો !
તારૂં અનોપમરૂપ જોઇ ઉર ઢળ્યું મુજ પ્રેમથી,
મારો જનમ પાવન થયો પ્રભુ તુજ નજરની રહેમથી...૧

હું ભાન ભૂલ્યો શાન ભૂલ્યો, ધ્યાનથી જોતાં તને,
સંસારનાં અપમાન ભૂલ્યો માન દેતાં આપને.
નાદાન બહુ ભવમાં ભમ્યો ગુલતાન વિષયોમાં બની,
અજ્ઞાન મૂકી માન આજે પાસ આવ્યો આપની...૨

તુજ અંગ અંગે તેજ તપતું કોટિ કોટિ સૂર્યનું,
ને આંખમાંથી ઝરણું ઝરતું અમૃતશા માધુર્યનું.
જાણે કમલની પાંદડી જેવી તમારી આંખડી,
એકીટસે જોતાં ખૂલે મારા હૃદયની પાંખડી...૩

તુજ મસ્તકે સોહે મુકુટ રત્ને મઢેલો ચમકતો,
ને કંઠમાહે હંસલો હીરા જડેલો દમકતો.
બે કાનમાં કુંડલ સૂરજને ચાંદ જેવા શોભતા,
ને સ્વર્ણમય આભૂષણો તુજ અંગ અંગે ઓપતા...૪

ઝીલમીલ થતા દીપકતણા અજવાશનાં પડદા પરે,
હરપળ અને હરક્ષણ પ્રભુ તું નવ નવા રૂપો ધરે.
હે વિશ્વમોહન નિરખતાં અનિમેષ નેત્રે આપને,
ત્રણ જગત ન્યોચ્છાવર કરૂં તારી ઉપર થાતું મને...૫



હે ખલક કેરા નાથ તારી ઝલક જ્યાં જોવા મળી,
ના પલક પલકે છલકછલકે હૈયું હેતે લળી લળી.
તારૂં મલકતું મુખ ચળકતાં નેત્ર જોતાં અંતરે,
ઉભરાય પ્રેમ અસીમ આતમ માહરો તુજમાં ઠરે...૬

જોવા સરીખું રૂપ તારૂં વિશ્વમાંહી અનન્ય છે,
લેવા સરીખું નામ તારૂં એક ના કો અન્ય છે.
તારા સ્વરૂપમાં લીન થાઉં એક એ મુજ માન્ય છે,
રહેતા સદા તુજ ધ્યાનમાં જીવન અમારૂં ધન્ય છે...૭

વાણી તમારા ગીત ગાને આજ મન ભાવન બની,
આંખો તમારૂં રૂપ જોતા આજ અતિપાવન બની.
અંગો તમોને નમન કરતાં આજ પામ્યા સફળતાં,
મન થિર બન્યું તુજ ધ્યાનથી આજે તજીને ચપળતા...૮

ભવ ભવ તમારૂં શરણ પામી ચરણમાં બેસી રહું,
ભવભવ તમારી આણ પામી કર્મનો કાંટો દહું.
ભવોભવ તમારો સાથ મળજો એજ છે મુજ પ્રાર્થના,
ભવભવ તમારૂં પામું શાસન એક એ અભ્યર્થના...૯

**મહાસુદ ૧૦-૨૦૪૬ દીક્ષા દિન**

★★★

# સામાન્ય જિન સ્તુતિ

આ ભીમ ભવ અટવી મહીં ભયભીત ભમતા ભવ્યને,
તુજ સેવનાથી મોહનો ક્ષય થાય છે એ નિશ્ચયે.
આનંદું છું પણ નાથ મારા! પૂર્ણ મોહતણા ક્ષયે,
ના કેવલી વંદે તમોને એજ મુજ મન વેદના...૧

ભવસિંધુ પાર તારનારો તું પ્રભુ પળવારમાં,
તારા ભરોસે નાવ મૂકી મેં ય ભવ મઝધારમાં.
તાર્યા અનંતા તેં પ્રભુ ! તારી જ અમને આશ છે,
તારક ખરેખર તારશે તું હૃદયમાં વિશ્વાસ છે...૨

આવ્યો સ્મરણમાં તું મને મુજ ચિત્ત હેમલ થઇ ગયું,
આવ્યો શ્રવણમાં તું મને મુજ હૃદય કોમલ થઇ ગયું.
દર્શન તમારૂં પામતાં મુજ નયન પ્રેમલ થઇ ગયા,
સ્પર્શ તમારૂં માણતાં મુજ અંગ નિર્મળ થઇ ગયા...૩

હે નાથ ! તારા ગીતમાં ગુલતાન મારૂં મન બનો,
હે નાથ ! તારા ધ્યાનમાં મસ્તાન મુજ જીવન બનો.
હે નાથ ! તારી સેવનામાં અંગ મુજ હોજો વિમલ,
હે નાથ ! તારી અર્ચનામાં દ્રવ્ય મુજ હોજો સફળ...૪

તુજ ધ્યાન કેરા સ્નાનથી ઉર માહરૂં નિર્મળ બનો,
તુજ ગૌરવોના ગાનથી મારી ગિરા પાવન બનો.
તુજને નિરંતર પ્રણમતા કાયા અમારી સ્વચ્છ હો,
તું હી એક સ્વામી એહવો સુવિવેક મારે ઉર રહો...૫



હે જગતસ્વામી સ્વર્ણને ચાંદી તથા રત્નોતણા,
ત્રણ ગઢતણી શોભા થકી રમણીય છો આપ જ ઘણા.
ભૂમિ સમવસરણતણી તુજ ઋદ્ધિ અતિશય બોલતી,
ધ્વજરૂપ જીભ થકી શું દુંદુભિરવ મિષે અતિ ડોલતી...૬

જિનવર તમારા ધવલયશના ગીત ગાતા દેવતા,
રત્નો અનેરા મેળવી ઝટ સમવસરણ રચાવતા.
તુજ ધર્મપર્ષદની ધરા મંદાર-કુસુમે મ્હેકતી,
ત્રણભુવનના ભવિ ચિત્તને આનંદ અનુપમ અર્પતી...૭

★★★

## વિવિધ સ્તુતિઓ

જે ઉગતા સૂરજ સમા ચમકે સદા તનુ કાંતિથી,
જે સર્વ ભવ્યોને ઉગારે મોહ કેરી ભ્રાંતિથી.
ચંપાપુરીના રાયને વસુપૂજ્ય નરપતિ તેહના,
શ્રી વાસુપૂજ્ય જિનેન્દ્રના ચરણે અમારી વંદના...૧

હે પુષ્કલાવતી વિજયભૂષણ નાથ પુંડરિકીણીતણા,
વળી બાલ નૃપશ્રેયાંસના ને લાલ સત્યકી માતના.
નિત્ય વિદેહે વિચરતા હરતા ભવિકના સંશયો,
ત્રણ ભુવનના શિરતાજ સીમંધર જિનેશ્વર તું જયો...૨

જ્યાં ત્રણ જગતને અભય દેતું શુદ્ધ સંયમ આદર્યું,
વળી ત્રણ જગતના સર્વ ભાવો જાણતું કેવળ વર્યું.
ને ત્રણ જગતની ટોચ પરનું મુક્તિપદ પણ જ્યાં મળ્યું,
તે ઉજ્જયંત ગિરીન્દ્રમંડન વંદું નેમિ જિનેશ્વરૂ...૩

જે વાદળોથી વાત કરતો આભ ઉંચે સોહતો,
ગિરિ નિર્ઝરોના રમ્યરવથી પ્રાણિગણને મોહતો.
જળકુંડના નેત્રો થકી વાત્સલ્યધારા જે વહે,
પંખીગણો કલરવ કરી મહિમા સદા જેનો કરે...૪

માથે ધર્યો મોતી મઢ્યો મંદિર શ્રેણીનો મુકુટ,
મરકત મણીના હાર જેવી વૃક્ષપંક્તિ જ્યાં પ્રકટ.
શિખરે બિરાજે જેહના આદિપ્રભુ ત્રિભુવન તિલક,
સહુ તીર્થના શિરતાજ શત્રુંજય તું તો પ્રભુની ઝલક...૫

જય જ્ઞાનની ગરિમા થકી સહુ સંશયોને છેદતા,
જય સર્વભાષા વ્યાપિની વાણી થકી ભવ ભેદતા.
જય દેવ દેવેન્દ્રો થકી પૂજિત જિનેશ્વર જગપતિ,
ટાળી અપાયો સર્વ દેજો દેવ અમને સન્મતિ...૬

★★★

## નિરખ્યો નેમિ જિણંદને

જે પાંચરૂપે ઈન્દ્ર પ્રભુને મેરૂગિરિપર લાવતા,
પાંડુકવનમાં સ્વર્ણના સિંહાસને પધરાવતા.
બહુભાવથી સહુ દેવગણ કરતા જનમઅભિષેકને,
નિરખ્યું હશે તે દૃશ્ય ત્યારે જેમણે તે ધન્ય છે...૧

શ્યામલ પ્રભુના દેહપર જબ ક્ષીરસાગર જળ ઢળે,
કાલી ઘટામાં શ્વેત જાણે વીજળીઓ ઝળહળે.
વળી દેવદુંદુભિ ઘોરનાદે મેઘરવ જિમ ગડગડે... **નિરખ્યું...૨**

માતા શિવાદે ગર્ભમાં વહેતા હતા જબ નાથને,
સ્વપ્ને નિહાળે રિષ્ટ નિર્મિત ચક્ર કેરી ધારને.
તેથી અરિષ્ટનેમિ થાપે નામ પ્રભુનું શુભપળે... **નિરખ્યું...૩**

દશ ધનુષની કાયા ઉપર વાયો વસંતી વાયરો,
જામ્યો મજાનો જોબનાઈના ફૂલોનો ડાયરો.
વનરાઈ જેવો શ્યામ પ્રભુનો દેહ જગકામણ કરે... **નિરખ્યું...૪**

મદભર જુવાનીના રસે છલકેલ દોસ્તો નાથને,
રમવા જતા ખેંચી નગરમાં સીમમાં કે ઉપવને.
થાતો વસંતોત્સવ તદા સહુ નગરજનના નેત્રને... **નિરખ્યું...૬**

શ્રી કૃષ્ણની આયુધશાળામાં પહોંચ્યા એકદા,
ત્યાં મિત્રહઠથી દાખવ્યા સહુ શસ્ત્રના દાવો બધા.
શ્રી કૃષ્ણકેરો શંખપૂર્યો ઘોરનાદે નેમિએ... **નિરખ્યું...૭**

શ્રી કૃષ્ણને બલરામ યાદવ સર્વ દોડ્યા તે સ્થળે,
ચમક્યા નિહાળી નેમિને ત્યાં ખેલતા શસ્ત્રો વડે.
દેખી અચિંતિત બળ પ્રભુનું ચકિત ચિત્તે સર્વ તે... **નિરખ્યું...૮**

તવ નેમિનું બળ માપવાને કૃષ્ણ કર લાંબો કરે,
પળમાં નમાવી હાથ હરિનો નાથ નિજકરને ધરે.
શ્રી કૃષ્ણ લટકે વાંદરાની જેમ તોયે ના વળે... **નિરખ્યું...૯**

દેખી અનંતું નાથનું બળ કૃષ્ણ મનમાં ભય કરે,
શું નેમિ મારૂં રાજ લેવા લાલસા મનમાં ધરે.
'લેશે કુંવારા નેમિ સંયમ' ગગનવાણી ઉચ્ચરે... **નિરખ્યું...૯**

શ્રી કૃષ્ણ હોળી ખેલવા ચાલ્યા ઉમંગે સરવરે,
શ્રી નેમિને પણ ખેલવા ખેંચી જતા સાહી કરે.
જલકેલિ કરતા ત્યાં હજારો ગોપીઓની સંગ તે... **નિરખ્યું...૧૦**

શ્રી કૃષ્ણના આદેશથી શ્રી નેમિને ખેલાવતી,
ગોપી બધીએ લાજ મૂકી વ્યંગબાણો છોડતી.
લલચાવવાને લગ્ન માટે ગજબના નખરા કરે... **નિરખ્યું...૧૧**

તવ નિર્વિકારી નેમિ રાખી મૌન મુખ મલક્યા કરે,
સહુ સ્વજન સ્મિતને સંમતિ માની ઘણા હરખ્યા ઉરે.
પરણાવવાને રાજિમતીની સાથ જોડે જાનને... **નિરખ્યું...૧૨**

રૈવતગિરિના શ્યામ શિખરે શ્વેત વાદલડી રમે,
રે ! તેજ રીતે શ્યામ નેમિ ગૌરી રાજુલને ગમે.
આ શ્યામ શ્વેતા જોડલીની જોડ જગમાં ના જડે... **નિરખ્યું...૧૩**

પણ ગોખમાં બેઠેલી રાજુલ રાહ જોતી રહી ગઇ,
રે કર્મરાજાને ન આવી જોડલી મંજુર થઇ.
પશુઓ તણા પોકારથી હા ! નેમજી પાછા વળે... **નિરખ્યું...૧૪**

કરવું નહોતું લગ્ન તોયે કેમ આવ્યા પરણવા?,
નવભવતણી જે પ્રીતડી તેને જ નિત્ય બનાવવા.
બસ કોલ દેવા રાજુલાને કે ન જાજે અન્યને... **નિરખ્યું...૧૫**

લોકાંતિકોના વચનથી વ્રત ગ્રહણ વેળા મન ધરી,
દઈ દાન વાર્ષિક વિશ્વમાં દારિદ્ર દુઃખો સંહરી.
માતા/પિતાની સંમતિથી સર્વ મમતાને તજે... **નિરખ્યું...૧૬**





રૈવતગિરિના મધ્યમાં સહસ્ત્રાભ્રવનમાં સંચર્યા,
ત્યાં સહસનર સાથે તમે સ્વામી પ્રવ્રજયાને વર્યા.
ને મનઃ પર્યવજ્ઞાન પ્રગટયું વ્રતગ્રહણ કેરી ક્ષણે... **નિરખ્યું...૧૭**

છદ્મસ્થકાળે દિવસ ચોપન અપ્રમત્તપણે રહ્યા,
તપધ્યાન કેરા ઉગ્ર અનલે ઘાતી કર્મોને દહ્યા.
સહસાભ્રવનમાં શ્રેણિમાંડી કેવલશ્રી મેળવે... **નિરખ્યું...૧૮**

રત્ન કંચન રજતના ત્રણ ગઢ સુરો અસુરો રચે,
પ્રભુ દેશનાનો મેઘ વરસે બારપર્ષદની વિચે.
વરદત્ત આદિ ગણધરોની થાપના થઇ ત્યાં કને... **નિરખ્યું...૧૯**

જે મદ્યપીએ દ્યૂતખેલે કંઇ કૈં કરે દુષ્કર્મને,
ક્રોડો ગમે તે યાદવોને પાંડવોને સર્વને.
આ ઘોર ભવથી તારનારા તીર્થને થાપ્યું તમે... **નિરખ્યું...૨૦**

તુજ તીર્થમાં વીસ કોટિ મુનિની સાથ પાંડવ ભવતર્યા,
વળી શાંબને પ્રદ્યુમ્ન ક્રોડો સાધુ સાથે શિવવર્યા.
વસુદેવને શ્રીકૃષ્ણનો પરિવાર પણ મુક્તિ લહે... **નિરખ્યું...૨૧**

જેણે મહાયુદ્ધો કર્યા ક્રોડો મનુજ સંહારના,
તે કૃષ્ણ વાસુદેવ પણ સેવી ચરણયુગ આપના.
સમ્યક્ત્વ પામી બાંધતા જિનપદપ્રદાયક કર્મને... **નિરખ્યું...૨૨**

છો ના કર્યું મુજ કરગ્રહણ તેં નાથ આવી માંડવે,
તારા જ કરથી વ્રતગ્રહણ હું કરીશ આવીને હવે.
તે બોલ પાળીને બતાવ્યો નેહ ઘેલી રાજુલે... **નિરખ્યું...૨૩**

નવ નવ જનમની પ્રીતડી શ્રી નેમરાજુલની હતી,
અહીં દેહનો સંબંધ તોડી તેમણે જે શાશ્વતી.
પ્રીતિતણો સંબંધ જોડ્યો મુક્તિ કેરા માંડવે... **નિરખ્યું...૨૪**

તે ધન્ય શૌરીપુર નગર જ્યાં ચ્યવન જન્મ થયા હતા,
તે ધન્ય સહસાવન પ્રભુ જ્યાં દિક્ખ કેવળ પામતા.
તે ધન્ય રૈવતગિરિ શિખર જ્યાં શિવરમા સંગમ લહે...**નિરખ્યું.૨૫**

ગિરનાર ગિરિપર પાંચસો છત્તીસ મુનિની સાથમાં,
નિર્વાણ પામ્યા માસનું અણસણ કરી પરમાતમા.
આયુષ્ય એક હજાર વર્ષનું પૂર્ણ કરી ખડ્ગાસને... **નિરખ્યું...૨૬**

ગિરનારગિરિ શણગાર તમને કોટિ કોટિવંદના,
રાજૂલતણા ભરતાર તમને કોટિ કોટિવંદના.
યોગીશ્વરોના નાથ તમને કોટિ કોટિવંદના,
નવભવતણા સંગાથ તમને કોટિ કોટિવંદના... **નિરખ્યું...૨૭**

ગિરનાર ગિરિપર જુગજુગોથી જેમના છે બેસણાં,
જે નાથની કરૂણા થકી પંથે ચડ્યો અનુભવતણાં.
દર્શન કરાવ્યા પરમના તે નાથની સ્તવના સ્તવે,
માંગે **ધુરંધર** વિજય હોજો બોધિલાભ ભવોભવે... **નિરખ્યું...૨૮**
**(તે દશ્યના જોનાર કેવા ધન્ય ધન્ય બન્યા હશે?)**

★★★





## પારસ પ્યારો લાગે

### (પ્રભુ પાસનું મુખડું જોવા)

જે જન્મ સમયે મેરૂગિરિપર સ્વર્ણના સિંહાસને,
અભિષેક અરથે ગોદમાં ઈન્દ્રે ધર્યા'તા આપને.
શોભી રહ્યાતા મુકુટ માંહિ જડેલ નીલમની પરે,
તે દશ્ય ત્યારે જેમણે માણ્યું હશે તે ધન્ય છે...૧

તુજ નીલવરણી કાયની કાંતિથકી ઝળહળ થતી,
અભિષેકની જળધાર ક્રોડો કુંભથી વરસી હતી.
જાણે સુમેરૂ શૃંગપર જમના નદી નવલી વહે... **તે દશ્ય...૨**

જ્યારે પધાર્યા નાથ વામામાત કેરા ગર્ભમાં,
ત્યારે નિહાળ્યો સ્વપ્નમાં અહિને સરકતો પાસમાં.
તેથી તમારૂં નામ પાડયું 'પાર્શ્વ' રાજા રાણીએ... **તે દશ્ય...૩**

ગંગા કિનારે શિશુ બનેલા દેવદેવી સાથમાં,
ખુલ્લા પગે રમતા હતા ધોળી સુંવાળી રેતમાં.
પગલાં પડેલા માત્ર સ્વામી આપ કેરા ત્યાં કને... **તે દશ્ય...૪**

ફૂટી જવાની ફૂટડી નવહાથની કાયા ઉપર,
શી નીલ તેજોવલય મંડિત રૂપ લાવણ્યે સભર.
નેત્રો સ્વજનને નગરજનના જોઇ જોઇને ઠરે... **તે દશ્ય...૫**

તુજ રૂપગુણના ગીત કિન્નરના મુખેથી સાંભળી,
થૈ મુગ્ધચિત્ત પ્રભાવતી મનથી પ્રભો તુજને વરી.
આવી પરણવા જાન જોડી આપના પુર આંગણે... **તે દશ્ય...૬**

તું નીલવરણો નાથને તે સોનવરણી કુંવરી,
ઘેઘૂર આંબાડાળ પર જાણે લચેલી મંજરી.
જબ ચોરીમાં ચતુરાઈથી બેઠા હતા કર સાહીને... **તે દશ્ય...૭**

ગંગાનદીના શુભ્રસલિલે સખી સંગે ખેલતા,
નવ દિવ્ય ઈન્દીવરસમાં પ્રભુ આપ અનુપમ દીસતા.
રાણી જણાય પરાગથી રંગાયેલી હંસી પરે... **તે દશ્ય...૮**

પ્રભુ! એકદા બેઠા હતા ગોખે પ્રભાવતી સાથમાં,
દીઠું નગરનું લોક જાતું લઈ પૂજાપો હાથમાં.
ત્યારે તમે ઘોડે ચડી પહોંચ્યા કમઠ તાપસ કને... **તે દશ્ય...૯**

ત્યાં જ્ઞાનથી બળતો નિહાળ્યો અગ્નિકુંડે નાગને,
કરૂણાનિધાન તમે કઢાવ્યો આગમાંથી તેહને.
સેવક મુખે નવકાર આપી ઈન્દ્રપદ દીધું તમે... **તે દશ્ય...૧૦**

રૂડી વસંતે સખી સંગે સંચર્યા'તા ઉપવને,
ત્યાં જોઈ રાજુલ ત્યાગતા શ્રી નેમિને ચિત્રામણે.
વૈરાગ્યના રંગે તમે રંગાઈ ઉઠ્યા તે ક્ષણે... **તે દશ્ય...૧૧**

થઈ મેઘ કંચનના તમે પુરૂં વરસ વરસી રહ્યાં,
સદુ દીનજનના દુઃખને દારિદ્રયને દૂરે કર્યાં.
છે દાન અગ્રિમ ધર્મમાં એવું જણાવ્યું વિશ્વને... **તે દશ્ય...૧૨**

દીક્ષાતણો અભિષેક કરવા ઈન્દ્ર ચોસઠ આવિયાં,
તવ પિતા રાજા અશ્વસેને સહુ પ્રથમ નવરાવિયા.
તુજ નીલદેહે વારિધારા ચમકતી વીજળી પરે... **તે દશ્ય...૧૩**



સહુ સ્વજનની લઈને રજા ચારિત્રના પંથે ચડ્યા,
શિબિકા ઉપર આરૂઢ થઈને નગર બહારે નીસર્યા.
અગણિત દેવો દાનવો મનુજો કરે જયઘોષને... **તે દૃશ્ય...૧૪**

તે ધન્ય આશ્રમપદ મહાઉદ્યાન વૃક્ષ અશોક તે,
જ્યાં સર્વસંગતજી મહાવ્રત ઉચ્ચર્યાંતા ચાર તે.
ને સ્કંધપર ધારણ કર્યું દેવેન્દ્ર અર્પિત દુષ્યને... **તે દૃશ્ય...૧૫**

છદ્મસ્થ ભાવે દિવસ ચોર્યાશી સુધી પૃથ્વીતળે,
વિચર્યા તમે ઉપસર્ગને સહતાં ચમકતાં તપબળે.
મૈત્રી અને કરૂણાતણો વરસાદ વરસાવ્યો બધે... **તે દૃશ્ય...૧૬**

કાદંબરી અટવીમહિં પ્રભુ ધ્યાનમાં ઉભા હતા,
વનહાથીએ કમળો વડે તુજ ચરણને પૂજ્યાં હતા.
'કલિકુંડતીરથ' ત્યાં થપાયું કુંડ સરવરના તટે... **તે દૃશ્ય...૧૭**

ત્રણ દિવસ કૌસ્તુભ કાનને જ્યારે તમે કાઉસ્સગ્ગ કર્યો,
ધરણેન્દ્ર નાગ કરી ફણા શિર ઉપર છત્ર ધરી રહ્યો.
ત્યાં 'તીર્થ અહિછત્રા' થપાયું પ્રગટ કરતું ભક્તિને...**તે દૃશ્ય...૧૮**

ઉપસર્ગ કરતો મેઘમાળી મેઘની વર્ષા કરે,
ધરણેન્દ્રને પદ્માવતી બહુભાવથી સેવા કરે.
તે બેય ઉપર આપ હૈયે ધારતા સમભાવને... **તે દૃશ્ય...૧૯**

નીલો તમારો દેહને વટવૃક્ષ પણ લીલું હતું,
ચોગમ ઉછળતું મેઘજળ પણ નીલવરણું ભાસતું.
જે મેઘમાળીની પ્રજળતી આંખને શીતળ કરે... **તે દૃશ્ય...૨૦**

તે ધન્ય ચૈત્રી ચોથ જ્યારે કાશીના ઉદ્યાનમાં,
જઈ ધાતકીના વૃક્ષનીચે રહ્યા સ્વામી ધ્યાનમાં.
ઘનઘાતી કર્મો ચાર છેદી લહ્યા કેવળજ્ઞાનને... **તે દશ્ય...૨૧**

સુર અસુર માનવ કોટિ ચાતક જેમ તુજ સેવા કરે,
તું નિત્ય નવલાં મેઘની જિમ વચન અમૃતને ઝરે.
સંતૃપ્ત કીધી ભવ્ય જીવોરૂપ ધરતી હરપળે... **તે દશ્ય...૨૨**

જ્યાં સ્વર્ણકમલે ચરણ ઠવતા આપ પદ ધરતા હતા,
તે ધન્ય ધરતીની રજે દુઃખી બધા આળોટતા.
કાયા થતી કંચનસમી સંતાપ શમતો તત્ક્ષણે... **તે દશ્ય...૨૩**

તુજ નામ મંત્ર સમું બન્યું જે સર્વ ટાળે આપદા,
તુજ મુર્તિ ચિંતામણી બની જે સકલ આપે સંપદા.
લાખ્ખો તર્યા તુજ નામને મૂર્ત્તિતણા આલંબને... **તે દશ્ય...૨૪**

સમ્મેતશિખરે કરી અણસણ એક મહિનાનું ચરમ,
તેત્રીસ મુનિવર સંગમાં પામ્યા તમે પદને પરમ.
કાઉસગ્ગમુદ્રામાં હણ્યા સહુ કર્મ કેરા મર્મને... **તે દશ્ય...૨૫**

જ્યાં વીશ જિનવર અજિત આદિ મુક્તિપદને પામીયા,
ત્યાં વીશમાં અંતિમક્રમે શ્રીપાર્શ્વ આપ પધારીયા.
છેલ્લું થયું નિર્વાણ કલ્યાણક તમારૂં તે સ્થળે... **તે દશ્ય...૨૬**

આ ઘોર કલિકાળે પ્રભુ પ્રગટયો શતાધિક તીર્થની,
સુની ધરાનાં માંડવે તું દિવ્ય કલ્પતરૂ બની.
પૂરી બધાની કામના તિમ પૂરજો મારી હવે,
તુજ દિવ્ય શાસન અચલભાસન પ્રાપ્ત થાવો ભવોભવે.**તે દશ્ય...૨૭**



શ્રી પાર્શ્વ તારો વિજયડંકો વિશ્વભરમાં વાગતો,
શ્રી પાર્શ્વ તારો દિવ્ય મહિમા આ યુગે પણ જાગતો.
શ્રી પાર્શ્વ તારી મોહિનીને પ્રેમથી પ્રેરાઈને,
શ્રી **ધુરંધર** વિજયે રચી આ ભક્તિરચના ગાઈને.
**નિત પામજો સહુ દિવ્યમંગળ માળ કેરી વધાઈને... તે દશ્ય...૨૮**

★★★

## શ્રી પાર્શ્વવંદના

જેને કમઠ ઉપસર્ગની ઝડીયો ડગાવી ના શકી,
ધરણેન્દ્રદેવ ઉપાસના જેને ન મલકાવી શકી.
જે સ્વ સ્વભાવે લીન થઈને વર્તતા આનંદમાં,
હોજો નમન નિતભાવથી શ્રી પાર્શ્વના પદપદ્મમાં...૧

શ્રી કૃષ્ણના અટ્ઠમવડે ખેંચાઈને પદ્માવતી,
પાતાળથી જસ દિવ્ય પ્રતિમા પૃથ્વી પટપર લાવતી.
ને સ્નાત્રજળથી જેહના જાદવતણી ભાગી જરા,
કરૂં કોટિ કોટિ વંદના હે પાર્શ્વપ્રભુ શંખેશ્વરા...૨

જેની સદા સેવા કરે ધરણેન્દ્રને પદ્માવતી,
જેના સ્મરણથી વિઘ્નની શ્રેણી પલકમાં ભાગતી.
ને દ્વારિકાથી શિખર નિરખી કૃષ્ણ જેને વંદતા,
શંખેશ્વરા મંડન પ્રભુ શ્રી પાર્શ્વને મુજ વંદના...૩

જેને અષાઢી શ્રાવકે નિર્મ્યા અનેરા ભાવથી,
વિઘ્નો નિવારે સર્વના જે નિત્ય દિવ્ય પ્રભાવથી.
ઈન્દ્રો નરેન્દ્રોએ સદા જેની કરી છે અર્ચના,
શંખેશ્વરા મંડન પ્રભુ શ્રી પાર્શ્વને મુજ વંદના...૪

શ્રી પાર્શ્વ તારૂં રૂપ જગના સર્વ પાપો સંહરે,
શ્રી પાર્શ્વ તારૂં નામ જગના સર્વ વિઘ્નોને હરે.
પ્રભુ પાર્શ્વ તારૂં ધ્યાન સહુની વાંછના પૂરી કરે,
પ્રભુ પાર્શ્વ તારી સેવનાથી ભક્ત મુક્તિને વરે...૫

★★★

## વીર કુંવરની વાતડી કેને કહીએ !

જ્યારે પધાર્યા આપ બ્રાહ્મણ ઋષભદત્તતણાં ઘરે,
ત્યારે જગતના ચોકમાં સૂરજ કરોડો ઝળહળે.
ને કર્ણ મંજુલ નાદથી બહુ દેવદુંદુભિ ગડગડે,
તે દશ્ય ત્યારે જેમણે જોયું હશે તે ધન્ય છે...૧

બેઠા હતા ત્યારે સુરેશ્વર શક્રનામ સિંહાસને,
કંપેલ આસનથી નિહાળ્યા અવતરેલા આપને.
સ્તવના કરે અતિ નમ્રભાવે આપની શક્રસ્તવે... **તે દશ્ય...૨**

જ્યાં બ્રહ્મકુળમાં આપના બ્યાસી દિવસ પૂરા થતાં,
શક્રેન્દ્રની આજ્ઞા થકી હરિણૈગમેષી આવતા.
ત્રિશલાતણા શુભગર્ભમાં પ્રભુ આપનું થાપન કરે...**તે દશ્ય...૩**

પીડા ન થાઓ માતને ઇમ ચિંતવીને થિર રહ્યા,
સમજી અમંગળ ગર્ભનું માતા ઘણાં દુઃખી થયાં.
તવ અંગ સ્હેજ હલાવી પ્રભુએ હર્ષ આપ્યો માતને... **તે દશ્ય...૪**

મા બાપ જીવે ત્યાં લગી દીક્ષા ન લેવી માહરે,
અતિ હેત દેખી માતનું એવી પ્રતિજ્ઞા પ્રભુ ધરે.
શુભ દોહલાઓ માતના રાજા બધા પૂરા કરે... **તે દશ્ય...૫**



શુભ લગ્નને શુભપળ ઘડીએ જન્મ પ્રભુનો થાય છે,
ત્રણ ભુવનમાં આનંદને સુખની લહર વર્ત્તાય છે.
દિક્કુમારી છપ્પન ભક્તિભાવે સૂતિકર્મ તદા કરે...**તે દૃશ્ય...૬**

હરિ પંચરૂપે નાથને લઇ મેરૂગિરિ પર આવતા,
ને જન્મના અભિષેક અર્થે ગોદમાં પધરાવતા.
ક્રોડો કનક કળશા ભરે ત્યાં ક્ષીર સાગરના જળે... **તે દૃશ્ય...૭**

આવા મહાઅભિષેક જળને કેમ સહશે બાળ આ,
શક્રેન્દ્રનો સંશય નિહાળી જ્ઞાનથી તતકાળ ત્યાં.
જે વામ અંગૂઠે દબાવી મેરૂ કંપાવ્યો તમે... **તે દૃશ્ય...૮**

દેખી અનંતું વીરનું બળ ઇન્દ્રનો સંશય ગયો,
ને ક્ષીરસાગર નીરનો અભિષેક પ્રભુ અંગે થયો.
પથરાઇ જાણે ચાંદની તવ મેરૂગિરિના મસ્તકે... **તે દૃશ્ય...૯**

પ્રભુગર્ભમાં આવ્યા પછી સિદ્ધાર્થ રાજાના ઘરે,
સોનું વધ્યું રૂપું વધ્યું સઘળું વધ્યું તેથી ખરે.
માતા પિતાએ નામ આપ્યું વર્ધમાનકુમાર જે... **તે દૃશ્ય...૧૦**

શિશુવીરને ખેલાવવા સહુ બાળ લેવા આવતા,
માની ચૂકાવી નજર રમવા વીર જબ નાસી જતા.
થઇ બાવરી મા ગોતતીતી શેરીઓમાં વીરને... **તે દૃશ્ય...૧૧**

માતા અને સખીઓ પકડવા વીરની પાછળ પડે,
દઇ હાથતાળી દોડતાને ભાગતા હાથે ચડે.
તવ વ્હાલથી ટપલી લગાવી ગાલ ચૂમે માત જે... **તે દૃશ્ય...૧૨**

જ્યાં આમલી પીંપળી પ્રભુ રમવા જતા'તા ત્યાં કને,
થઈને ફણીધર દેવ કોઇ વીંટળાયો વૃક્ષને.
ખેંચી પલકમાં દૂર નાંખ્યો બાળવીરે નાગને... **તે દશ્ય...૧૩**

તે દેવ મિથ્યાત્વી વળી થઇ બાળ રમવા આવતો,
પ્રભુને ઉઠાવી કાંધ પર વિકરાળ થઇ બીવરાવતો.
પ્રભુ એક મુષ્ટિના પ્રહારે ગર્વ તેનો સંહરે... **તે દશ્ય...૧૪**

લઘુ ઉંમરે પણ વીર્ય અતુલિત વીરનું નીહાળતા,
જબ દેવપર્ષદમાં હરખથી દેવરાજ વખાણતા.
તવ 'વીર' પ્રભુનું નામ રાખી દેવગણ જયરવ કરે... **તે દશ્ય...૧૫**

મા બાપ પ્રભુને આઠમા વરસે નિશાળે લઇ જતા,
તે જોઇ જ્ઞાને ઇન્દ્ર પંડિત રૂપથી ત્યાં આવતા.
પૂછી કઠિન પ્રશ્નો પ્રભુના જ્ઞાનને પરગટ કરે... **તે દશ્ય...૧૬**

બાલવયમાં વીરના જ્યારે વિવાહ કર્યા હશે !
તે નાનકા વરવહુ નિહાળી માત બહુ હરખ્યાં હશે !
ને ઇન્દ્રને ઇન્દ્રાણી તેડી બેઉને નાચ્યા હશે!... **તે દશ્ય...૧૭**

માતા પિતા સ્વર્ગે ગયાને વીર વ્રતનું મન કરે,
બે વર્ષ માટે નંદિવર્ધન રોકતા પ્રભુને ઘરે.
નિઃસંગભાવે ધ્યાનમાં થઇ લીન ગાળ્યો કાળ તે... **તે દશ્ય...૧૮**

અવસર થયોને દેવ લોકાંતિક પ્રભુને વીનવે,
'જગતારનારા તીર્થ થાપન કાજ વ્રત ઉચરો હવે'.
દઇ દાન વાર્ષિક લીધું સંયમ જ્ઞાતવનમાં જે તમે... **તે દશ્ય...૧૯**

સંસાર ત્યાગી વીતરાગી વિહરવા ઉદ્યત થયા,
તવ નંદિવર્ધન લાગણીથી જડ બની જોતા રહ્યા.
વૈરાગ્યને અનુરાગનો જે રંગ પ્રગટ્યો તે ક્ષણે... **તે દૃશ્ય...૨૦**

રે વર્ષ સાડા બાર કીધો ઘોર તપ કષ્ટો સહ્યા,
વિચર્યા નિરંતર એકલાને મૌન વ્રતધારી રહ્યા.
તોયે તમારી દિવ્યકરૂણા કૈ જીવોને ઉદ્ધરે... **તે દૃશ્ય...૨૧**

રે શૂલપાણી યક્ષ કેવો લોહીનો તરસ્યો હતો,
કરૂણા તણો તુજ મેઘ તેની ઉપર શું વરસ્યો હતો?.
કે મારનારો લોકને જીવાડનારો બની રહે... **તે દૃશ્ય...૨૨**

રે ચંડકૌશિક નાગમાં કેવો ભભકતો તો અનલ,
કરૂણા તમારી એવી વરસી થઇ ગયો તે હિમશીતલ.
ને ઘોર નર્કોનો પ્રવાસી સ્વર્ગનો વાસી બને... **તે દૃશ્ય...૨૩**

પ્રાણાંત કરનારા ભયંકર ઘોર ઉપસર્ગો કરે,
સંગમ સુરાધમ તોય તુજ સમભાવ ના સ્હેજે ખરે.
કરૂણાથકી ભીનાં બન્યાં લોચન તમારા તે પળે... **તે દૃશ્ય...૨૪**

તુજ ચરણ વચ્ચે ચેતવી ચૂલો પકાવી ખીરને,
વળી કાનમાં ખીલા જડ્યા-તા દુષ્ટ ગોવાળે તને.
તે ઘોરપીડા નયનમાંથી દિવ્ય કરૂણા થઈ વહે... **તે દૃશ્ય...૨૫**

તુજ દિવ્ય કરૂણાના તરંગો વનવને પ્રસર્યા હતા,
તેથીજ હિંસક પ્રાણીઓ પણ પ્રેમવંત બન્યા હતા.
ત્યાં હેતથી રહેતા હતા વરૂવાઘ બકરી હરણ જે... **તે દૃશ્ય...૨૬**

કલિકાલમાં પણ તારૂં શાસન નિરૂપસર્ગ ટકી રહે,
તે કારણે શું સર્વ ઉપસર્ગો ઉવેખી તું સહે?.
તુજ ધૈર્યની કરૂણાતણી અંતિમ કસોટી થઇ હશે... **તે દશ્ય...૨૭**

દાસી બનેલી ચંદના બેઠી હતી ઘર ઉંબરે,
બેડી વડે જકડાયેલી ઉપવાસીને મુંડિત શિરે.
દીધા અડદના બાકુળા રડતા નયનથી આપને... **તે દશ્ય...૨૮**

પૂર્યો અભિગ્રહ આપનોને દાસતા દૂરે ટળી,
શિરપર સુંવાળા વાળ ફૂટયા બેડીઓ થઇ ઝાંઝરી.
ઉત્કૃષ્ટ પ્રગટ્યા પંચ દિવ્યો ચંદનાના આંગણે... **તે દશ્ય...૨૯**

તુજ ચંદ્ર જેવી સૌમ્યતા સાગરસમી ગંભીરતા,
સૂરજ સમી તેજસ્વિતા સુરગિરિ સમી અતિધીરતા.
જે સાધના સમયે અજબ સાધ્યા હતા ગુણવૃંદને... **તે દશ્ય...૩૦**

તે ધન્ય નદી ઋજુવાલુકાને ધન્ય તરૂવર શાલનું,
જ્યાં ધ્યાનની ધૂણી ધખાવી દહન કીધું કર્મનું.
ગોદોહિકાસનમાં અડગ બેસી વર્યા કૈવલ્યને... **તે દશ્ય...૩૧**

માયાવી ઠગ કહેતા તમોને ઈન્દ્રભૂતિ આવીયા,
તુજ સમવસરણાદિક નિહાળી બોધને તે પામીયા.
સંશય હરી દીક્ષિત કરી થાપ્યા પ્રથમ ગણધર પદે...**તે દશ્ય...૩૨**

અગ્યાર ગણધરને તમે જે દાન ત્રિપદીનું કર્યું,
તેના સહારે દ્વાદશાંગીનું મહાસર્જન થયું.
દીધી અનુજ્ઞા તીર્થની કરી વાસ નિક્ખેવો શિરે... **તે દશ્ય...૩૩**

તે ધન્ય ગૌતમ ધન્ય ગણધરવૃંદ ધન્યકુમારને,
તે ધન્ય ધન્નો ધન્ય શાલિભદ્ર અભયકુમારને.
તે ધન્ય ચૌદ હજાર મુનિઓ તુજ ચરણ સેવા કરે... **તે દશ્ય...૩૪**

તેં ખાસ સુલસાશ્રાવિકાને ધર્મલાભ કહેલ જે,
ને રેવતીને ખાસ દેવા લાભ સૂચન કરેલ જે.
વિદુષી જયંતિ શ્રાવિકાના પ્રશ્ન સંતોષ્યા તમે... **તે દશ્ય...૩૫**

કૈવલ્ય પામી ત્રીસ વર્ષ ફર્યા હતા પૃથ્વીતલે,
સીંચી હતી ધરતી તપેલી પ્રેમ ને કરૂણા જલે.
મૈત્રી તણી શીતલ હવા વ્યાપી હતી સર્વત્ર જે... **તે દશ્ય...૩૬**

પૂરી અપાપાયે કર્યું ચોમાસું અંતિમ નાથ તેં,
દીધી અખંડિત દેશના બે દિવસને બે રાત તેં.
કેવી ગજબ કરૂણા વહી આયુષ્યની અંતિમ પળે... **તે દશ્ય...૩૭**

નિર્વાણ પામ્યા નાથ તબ તે પર્વ દીપોત્સવ બને,
ગણનૃપ અઢારે દીપ પ્રગટાવી હટાવે તિમિરને.
ગુરૂ રાગ તૂટયોને લહ્યું કૈવલ્ય ગૌતમ ગણધરે... **તે દશ્ય...૩૮**

સિદ્ધાર્થના કુલદીપ વ્હાલા નાથ તમને વંદના,
નંદિવર્ધનના વિનયી લઘુભ્રાત તમને વંદના.
ત્રિશલાતણા નંદન અનુપમ દેવ તમને વંદના,
રાણીયશોદાના પરમ પ્રિયતમ તમોને વંદના... **તે દશ્ય...૩૯**

ઓ પ્રાણ પ્યારા વીર તમને કોટિ કોટિ વંદના,
શાસનપતિ મહાવીર તમને કોટિ કોટિ વંદના.

ત્રણ ભુવન તારણહાર તમને કોટિ કોટિ વંદના,
સહુ સંઘના આધાર તમને કોટિ કોટિ વંદના... **તે દશ્ય...૪૦**

તુમ ભક્તિ ઘેલા ભક્તની હે નાથ કોટિ વંદના,
કવિ **મુનિ ધુરંધર** વિજયના હે નાથ કોટિ વંદના.
રે તીર્થ મૂછાળા મહાવીર કેરૂં આજે ફરસતાં,
પ્રભુવીર કેરી જીવની ગાઇ હૃદયમાં હરખતાં... **તે દશ્ય...૪૧**

★★★

## શ્રી ભદ્રેશ્વર મંડન મહાવીર જિન સ્તુતિ

હે નાથ ! ભદ્રેશ્વર તણા મહાવીરસ્વામી આપને,
વંદન કરૂં શત કોટિ કોટિ કાપું ભવના પાપને.
છો કચ્છના શણગારને અણગારના નાયક તમે,
તુજ જગત ભાસન દિવ્યશાસન શીશ તુજ ચરણે નમે...૧

હે ભીડભંજન ભવિકરંજન શિવનિરંજન નમું તને,
ભવિ અમૃત અંજન દુરિતગંજન દિવ્યગુંજન નાથને.
બહુ દૂરથી આવી રહ્યો છું હે પ્રભુ તારે શરણ,
ઓ પતિત પાવન તારજે રાખી હવે તારે ચરણ...૨

રે ઘાતકી અર્જુન તર્યો પ્રભુ તુજ ચરણને સેવતા,
ને ડંખ દેતા ચંડકૌશિકને બનાવ્યો દેવતા.
દાસી બનેલી ચંદનાને તે બનાવી પૂજ્યતમ,
જે ગાળ દેતો આવ્યો ગૌતમ જ્ઞાન પામ્યો તે પરમ...૩

હે પરમકરૂણામય તમે જીવો અનંતા ઉદ્ધર્યા,
તારે સહારે અધમથી પણ અધમ ભવસિંધુ તર્યા.



જિનરાજ જગશિરતાજ માંગું આજ હું તારી કને,
સંસાર સિંધુ જહાજ આપો રાજ શિવકેરૂં મને...૪

રણકાર તારી વાણીનો જે યુગયુગોથી આવતો,
ભણકાર એનો ભલભલાની મોહનિંદ હટાવતો.
ઝણકાર તારા શબ્દનો સહુ ભવ્યને હરખાવતો,
ટણકાર એનો પાપ રસિયા જીવને ના ભાવતો...૫

સ્વામી તમારૂં નામ મારા રોમરોમે ગુંજતું,
જેના પ્રચંડપ્રતાપથી દુષ્કર્મનું દળ ધ્રુજતું.
સ્વામી તમારૂં રૂપ આંખે દિવ્ય અંજન આંજતું,
જ્યાં જ્યાં નજર મારી ફરે દીસે બધે તું હી જ તું...૬

તુજ અંગઅંગેથી વરસતી દિવ્ય અમૃતની ઝડી,
શું મૂર્તિ તારી શ્વેત શીતળ ચંદ્રકિરણોથી ઘડી.
હે હિમધવલ કર્પૂરના પૂંજે કરી તું છે બન્યો,
કેવો ગજબ શીતલ મધુરને સૌમ્ય તું છે નીપન્યો...૭

હરશ્વાસને પ્રશ્વાસમાં તારૂં સ્મરણ ચાલી રહો,
મુજ - હ્રદયના ધબકારમાં તારૂં રટણ ચાલી રહો.
મુજ નેત્રના હરપલકમાં તારૂં જ તેજ રમી રહો,
ને જીંદગીની હરપળોનો પ્રાણ તું મુજ બની રહો...૮

મુજ આતમાના હરપ્રદેશે જે છવાઇ ગંદગી,
તેને હટાવી દૂર તુજમાં ના ભળું હું જયાં લગી.
સ્વીકારજો સ્વામી તમે છે એટલી મુજ બંદગી,
સોંપી તમારા ચરણમાં મારી અમૂલી જીંદગી...૯

# વિવિધ ગુરૂવંદના

માર્તંડ જેવો તાપ જેઓ એક આંખમહીં ધરે,
ને અવર આંખ થકી શશીની શીત લહરીઓ ઝરે.
જેણે નિહાળ્યો એક નજરે શિષ્યગણને સર્વદા,
દાદા ગુરૂશ્રી દાનસૂરીશ્વર તમોને વંદના...૧

નીચા નમેલા નેણમાં જે બ્રહ્મની ઉર્જા ધરે,
કંચન સમી કાયા થકી શુભ શીલ સૌરભને ઝરે.
નિજ ગચ્છના સુવિશુદ્ધ સંયમ કાજ જે નિત જાગતા,
તે પ્રેમસૂરિ સદ્‌ગુરૂને ભાવભીની વંદના...૨

પ્રેમ અમૃતના પયોનિધિ પ્રેમસૂરીશ્વર શરણ,
ભવમાં ભટકતા ભવ્ય જીવોનું કરે છે ઉદ્ધરણ.
ને નેત્રમાંથી છલકતું વાત્સલ્યનું અમૃત ઝરણ,
ઠારે વિષયની વાસનાથી દાઝતું અંતઃકરણ...૩

સૂરજ થકી પણ અધિક ચમકે તેજ જેના ત્યાગનું,
ચાંદા થકી પણ અધિક શીતલ તેજ જેની આંખનું.
આકાશથી પણ અધિક ઉંચું જેમનું ચારિત્ર છે,
વંદન કરૂં શત કોટિ તે ગુરૂદેવ પ્રેમસૂરીન્દ્રને... ૪

# પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.સ્મૃતિ કાવ્ય

## ૧ શું હવે તું નથી ?

અસ્તિત્વ નૈવ તવ?
વાત કરૂં ન માન્ય.
મીચું દગો, પલપલે ઉઘડે અનેક
તારા સ્વરૂપ ઉરમાં... થઇ જાઉં ધન્ય.
અસ્તિત્વ મારૂં જ અરે વિસરાય છેક.
શો તાહરા હ્રદયનો ઉદધિ વિશાળ
લ્હેરાય પ્રેમમય ઉછળતો તરંગે.
ખેલી રહ્યા નિત અસંખ્ય સુભવ્યબાળ
કૈં કૈં કરી રમત જ્યાં ઉરના ઉમંગે.
છોને કહે જગ 'નથી અવ હ્યાં તું' એમ
તું તો તજી લઘુસ્વરૂપ બન્યો વિરાટ.
તારે હિયે ઘૂઘવતી કરૂણા અસીમ
સર્વત્ર વિસ્તૃત, મને ઝકડે પ્રગાઢ.
તું દેહમાં સ્થિત હતો અમથી વિભિન્ન.
ને આજ અંતર ઠર્યો થઇને અભિન્ન.

## ૨ અરે ! તું હતો જ ક્યારે?

'અસ્તિત્વ તારૂં હતું... કોઇ પળે' શી રીતે
એ વાત માનું?
નિરખી ન કદૈવ સત્તા
તારી અમે... 'ગુરૂ હું' એમ અહં પ્રતીતે

સ્વપ્ને ય તે નિજની આંકી હતી મહત્તા?
'હું કૈં નથી' સહુનું આ સઘળું ય માન.
શિષ્યો પ્રતિ કરત અંગુલિ કૈંક વાર
પુણ્યોત્સવે દીઠ તને નિજ ગાઈ ગાન
તેં સ્વત્વને કદીય દીધ ન આવકાર
ડૂબી સદાય સહુના હિતના વિચારે
રાખી નતી નિજની તેં પરવા ય સ્હેજ
નિત્યે વિલીન જિન શાસનના પ્રસારે...
સ્વીકારૂં હું ક્યમ કરી? તું હતો ખરે જ.
કહેતો હતો તું શું કરો સહુ સર્વ... સર્વ...
રે ! કિંતુ સર્વમય તું જ હતો... અગર્વ.

★★★

## અભિનિષ્ક્રમણ

**(ખંડ કાવ્ય)**

### આદ્ય

સોનેરી સાંજની વેળા તાપહીન બની ઢળી
સૌમ્ય અંધારની છાયા ચારે કોર ફરી વળી
તેજના વિશ્વની દોડ રવહીન શમી જતી
ઝરતી રાતની ઠંડી ગંભીર થઈ જામતી.
શેરીઓ થઈને સૂની ગાઢ નિંદરમાં સરી
ગેહના દીવડા મંદ...મંદ થૈને રહ્યા ઠરી.
સર્યું તું વિશ્વ નિંદરે.
પણ એક કુમારની
આંખમાં ન હતું ઝોકું...
મટકું યે મળ્યું ન્હોતું તૃષા શીય અપારની

પીડી રહી હતી એને જગવી આગ અંતરે!

એકલો એ હતો બેઠો ઘરમાં... તાણતું હતું
કો મહા સાહસે એને અંધારૂં જામતું જતું.

નિષ્પંદ અણુઓ જાણે ધક્કો મારી રહ્યા હતા
અહીં નિરવ એકાંતે દિવ્ય સંદેશ ઘૂમતા
હતા ઉત્તેજતા એને કર્ણનું શૂન્ય પૂરતા

હૈયે એને હતું ચાલી રહ્યું કૈં ઉંડું મંથન
તીવ્ર વેગે વિચારોના થતાં તાં ઓષ્ઠ કંપન!

ભવાં એના હતાં તંગ કશા આંતર ઘર્ષણે
નમેલાં નેણ ડૂબ્યાંતાં ધીર ગંભીરે મર્શણે
અંતે...

રાતા મૃદુ ઓષ્ઠે સ્ફુર્યું તેજભર્યું સ્મિત

એના ગૌર મુખે રેખા દઢતા ભરી અંકિત!
સહસા ને વદ્યો તેહઃ

આજ છે જીતની પળ!

અસાવધ બની ચોકી...
વાટના કોઈએ રોકી ચલ રે! જીતવા ચલ !

★

હતો એ બાળ તોયે રે! એના હૈયે ઉઠી હતી
ઝંખના ભવના પેલા પારને પામવા તણી
માયા સંસારની એને જરીયે સ્પર્શતી નતી
ભોગ વૈભવની છાયા એણે મિથ્યા હતી ગણી

પળમાં લુપ્ત જે થતી.

'છે અહીં પુદ્‌ગલો કેરી ઉત્પત્તિ ક્ષણભંગુર
તેણે નીપજતાં સૌખ્યો ન હોય અવિનશ્વર'
સિદ્ધની દિવ્ય છાયામાં,

એના જિજ્ઞાસુ હૈયાને સત્ય આ સાંપડ્યું હતું.
પૂર્વના કોક સંસ્કારે સ્થિર થૈને ઠર્યું હતું.
નથી સંસારના સૌખ્યો સ્થિર-શાશ્વત તો પછી
'હશે સંસારની બ્હાર' એવું એને ગયું જચી.
શોધવા માર્ગ નીકળ્યો.
મહાભાગ્ય તણા યોગે જોગ સદ્‌ગુરૂનો મળ્યો.
પાર સંસારને જાવા...
માર્ગ દેખાડનારા એ ગુરૂના ચરણે ઠર્યો.
ભોગના રાગની સામે હૈયે એને વિરાગનો
સમતાનો ચડ્યો રંગ... લાધ્યો માર્ગ અતાગનો
અનંત સુખના દેશ તણો... અમૃતથી ભર્યા
માર્ગ પે ચડવા પાય.
ઠવે જ્યાં હર્ષથી... હાય! ઢાંકવા માર્ગ ઉતર્યાં
વિઘ્નના વાદળો નર્યાં!
શત્રુના સૈનિકો જેવા સ્વજનો એકઠા થઇ
ઉઠાવી ગુરૂથી દૂર ક્યાંય એને ગયા લઇ.
હાય ! સ્વાતંત્ર્યનું અર્થી પંખી પૂરાયું પિંજરે
નથી એને હિયે ચેન આંસુ ચોધાર નીતરે.
હાય ! કાળો કર્યો કેર! સ્વજનોએ રિપુ બની
(જાણે જેલમહીં પૂર્યો,) ચોકી કડક તાતની
કારાગારે પૂર્યો બાળ.

★

આજે ચોકી હતી સૂની પડ્યાં તાં મુક્ત બારણાં
ન્હોતું કો રોકનારૂં ત્યાં, બની સાકાર ધારણા...
મુક્ત સ્વાતંત્ર્યને માટે ઝંખતા આ કુમારની.



પળે - પળે હતી ઝંખી ઘડી તે ધન્ય આજની!
રોમેરોમ ઉઠ્યું નાચી સ્ફૂર્યો આવેગ દુર્દ્ધર
દૂર દૂર ઉડી જાવા છોડી સંસાર પિંજર.
સૂના પિંજરના બાર કૂદીને બાળ નીકળ્યો
દેહ ન્હાનો હતો કિંતુ નિઃસીમ શૌર્યથી ભર્યો.
કિશોર કેશરી પેરે હતો... ગંભીર નિર્ભય
અગમ્યની ભણી ચાલ્યો ઠવી વેગે પદદ્વય.
સગાના સ્નેહના બંધ નૈવ એને નડ્યા જરી
એને મન હતી ભોગ સમૃદ્ધિ દુઃખની દરી.
શાશ્વતા સુખના દાતા ગુરૂનાં પગ ચૂમવા
ઘોર અંધારની રાતે દોડ્યો એ વેગથી જવા.
અભિનંદી રહ્યા એને ગ્રહના વૃંદવાદન
હવાથી ઢળતી વેલો દૈ રહી અભિવાદન.

★

ગેહનું પિંજરૂં છોડી ગયો કિલ્લોલતો ઉડી
હંસલો થઈને મુક્ત બાર શૂન્ય રહ્યાં પડી.

## અંતિમ

ઉકળાટ ભરી સાંજ સંધ્યાના વાદળો તણી
ખોલી રંગભરી સૃષ્ટિ નમી ક્ષિતિજની ભણી!
ભીના અખાતની ઉષ્ણ સપાટી ચૂમતો જતો
ઔદાસીન્ય ભર્યો વાયુ રૂંધાતો વહતો હતો.
વેગિલા વાયરે ઉંચી ચડી તી ભૂખરી રજ
વીંધી એના પડો મેલાં ઉતર્યા તમનાં વ્રજ!
માર્ગો નગરનાં વીજ-દીપ તેજે ઝળાંઝળાં!
પૂરી રહ્યાં હતાં શૂન્ય, રેડીયે ગૂંજતાં ગળાં !

તેજને સૂરની દોડે પૂર ગુંજરતું હતું
દડી રહ્યું હતું દીન તમ ઓગળતું જતું.
પણ એક મહર્ષિને
કશીયે ન હતી તમા
વીજને વેગની... સ્વસ્થ હતા એ ચિત્ત કર્ષિને.
સઘળા બાહ્ય ભાવેથી...
એમના અંતરે કોઇ નતા અણગમા ગમા!
સૂતાતા પાટપે તેઓ... શોકાર્દ્ર શિષ્યમંડળ
વીંટીને એમને બેઠું હતું રે ! પ્રેમ વિહ્વલ!
એમના ગૌરને દિવ્ય
મુખે પીડા હતી ઘોર તોય સોહે શી ચારિમા!
પ્રાણનાં સ્પંદનો વેગે બની રહ્યાં હતાં ધીમાં.
ભેદજ્ઞાન તણું તેજ અપૂર્વ ખીલતું જતું
રોગને વેદના કેરા વેગને ઠારતું હતું.
વેગે ધબકતું હૈયું અપૂર્વ શમથી ભર્યું
નેણના બારથી કેવું પીયૂષ નીતરે નર્યું!
અંગેઅંગ પરે દીપી રહી તી ઝાંય સોનલ
વેગિલા પ્રાણની દોડે થતાં તાં એ અચંચલ
નસે નસ મહિં દોડી રહી તી શીય વીજળી
ક્રિયાઓ ત્રણ યોગોની રહી તી ધીમું ઓગળી
તરંગો ગુંજવી સ્તબ્ધ અંતે... ધીર સમીરના
ફફડ્યા એમના ઓષ્ઠો... નેત્રની તેજ ધારના
તારે સ્ફૂરી કશી વાણી ધીર ગંભીર કોમલઃ
'આજ છે મુક્તિની પળ!'
મારા તે પ્રાણને વૃંદે સ્ફૂરે વેગ અનર્ગલ!
ઉછળે હર્ષનો હૈયે ઉદધિ જલ ઉચ્છલ...



દેહને સ્નેહના બંધ આજે તૂટી જશે અહા!
નંત વેગે જશું દોડી પામવા શિવને મહા.
મને ના રોકશો કોઇ
તમને કોપથી કૈંયે કહ્યું તે કરજો ક્ષમા
ઘુંટાવો ભેદનું જ્ઞાન દેહ એ હું નથી.. નથી.
સચ્ચિદાનંદનો ધામ કહ્યો જે જાય ના કથી
અનંત જ્ઞાનનો અબ્ધિ હું છું આત્મા નિરંજન!
રોગની સર્વ પીડાઓ એ તો બેડીનું સર્જન.
આજ તે દેહની બેડી કેરૂં થશે વિસર્જન!
પ્રિય આ છુટશે તેથી કરો આનંદ ગુંજન!
ઝંખી આતુર હૈયે તે આવી માંગલ્યની ઘડી
અશ્રુના કીચથી એને ખરડો ના રડી રડી.
મધુરાં મંત્રના ગાન ઉચ્ચારો!... શ્રુતનાં પદો
'આત્મા ને દેહ છે ભિન્ન' એવું બુઝવતાં વદો
હતા એ વૃદ્ધ તોયે રે! ન હતી મમતા કશી
સમતાનો સુધાસિંધુ, રહ્યો તો ઉર ઉલ્લસી.
દંભથી એ હતા છેટા માનની પરવા નતી
દિવ્યજ્ઞાન તણી જ્યોતો હૈયે કૈ જલતી હતી.
ઇંદ્રિયોના બની સ્વામી હણી તી સર્વવાસના
કરી તી એમણે નિત્ય નમ્રતાની ઉપાસના.
હતા એ સત્ય શોધક
અહં ને મમ ના બંધ બને છે અવરોધક
દ્યુતિના પથપે જતા
એવું એ જાણતા હતા
કુમાર વયથી તેથી સાધના ઘોર આદરી
કરી તી ગુરૂની સેવા કઠોર કષ્ટથી ભરી

અનેક યુગ પર્યંત અત્યંત લઘુતા ધરી
ગુરૂના ચરણે બેસી...
અખંડ તપને ત્યાગ
તણા માંડી મહાયાગ
	પ્રચંડ શક્તિના પુંજ એમણે મેળવ્યા હતા.
	અખંડ બ્રહ્મના વર્ચસ્ લલાટે જગવ્યા હતા.
યુગોની સાધના કેરા ફળરૂપે ગુરૂ કૃપા
મેળવી દિવ્ય...
	થૈ ધન્ય માંડી ભવ્ય મહાપ્રપા
એમણે ફરતી નિત્ય...
ભવકાંતારમાં ભૂલી તૃષ્ણાના તાપથી બળ્યા
ભમતા લોકોને પાવા ત્યાગના અમી નીકળ્યા.
		નંત વાત્સલ્યથી ભર્યા.
અખંડ કરૂણા વારિ કેરો સ્ત્રોત નિરંતર
વ્હેતો તો એમના હૈયે... એમનું મૃદુ અંતર
	કોઈનું દેખતાં દુઃખ તુરંત દ્રવતું હતું
	પરની પીડનું શલ્ય એમને ઉર ચૂભતું.
તેથી જે સુખનો માર્ગ લાધ્યો ગુરૂકૃપા થકી
પોતાને, ચીંધવા સૌને દોડ્યા આળસ ઝાટકી.
	ન જોયા ટાઢ ને તાપ ન દીઠી દિન-રાતડી
	ન નડી હેલના નિંદા અપમાન તણી ઝડી.
હજારોને મૂકયા પંથે પાયાં કારૂણ્યના અમી
સહુના સુખને માટે નિજની જાતને દમી
	યુગો સુધી કર્યું કાર્ય છેવટે દેહનો રથ
	જર્જર્યો વહેતો ભાર... થયાં અંગાંગ વિરલથ!
રૂંધાણી પ્રગતિ... વૃદ્ધદેહને શૃંખલા ગણી



બંધનો તોડવા એના એતો સજ્જ ગયા બની
પરંતુ...
ભક્તિના રાગે ભક્તોએ ઔષધો થકી
કરવા દેહને સજ્જ પ્રયત્ન આદર્યો જકી
કકળ્યું એમનું હૈયું :
'આ શો આરંભ આદર્યો ?'
સાવદ્ય કરતાં કર્મ બેડીના બંધને ધર્યો
મને રે... શું રહ્યા કરી
જવા દોને મને હાવા રથ લેવા નવો ફરી.
એમની દર્દિલી વાત કોઇએ નવ સાંભળી
શૃંખલામાં જડાયો હા!
'ક્યારે છૂટીશ આમાંથી?' નીસાસાઓ વળીવળી
મૂક્તા ચિંતવે નિત્યઃ
'તોડીને શૃંખલા કયારે શુદ્ધ સંયમને વરી
દોડું મુક્તિ પથે ફરી!'

★

આજે તો થઇને સ્વસ્થ શિષ્યોના ગ્રહીને કર
મધ્યાહ્ને વિહર્યા કહેતા 'આજ બદલવું ઘર!'
મર્માળા વેણનો અર્થ કોઇ ના સમજ્યું જરી
સૌના હૈયે થયો હર્ષ દેહ સ્વસ્થ થયો ફરી.
અસાવધ હતા સૌએ ત્યાં તો પ્રયાણ આદર્યું
દોડીને સૌ થયા ભેગા હાય રે! શું કર્યું... કર્યું !
કોઇ રે! ન શક્યું રોકી
બની ઔષધની ચોકી
અરે રે! આજ નિષ્ફળ!
ગઇ તે ન વળી પળ !

અંગના કંપનો સર્વ ધીરે શમી ગયા... ત્રુટે
દેહની શૃંખલા કેરા
જીર્ણ અંતિમ અંકોડા. કંપતા ઓષ્ઠના પુટે
વીર...વીર થયો ધ્વનિ
દૃગ મીંચી... ક્રિયા રોકી સંચર્યો રે! મહામુનિ
નભના ચક્ષથી કોટિ તારલે અશ્રુઓ ખર્યા
હવાના સૂસવાટામાં પૃથ્વીએ ડૂસકાં ભર્યા.

★

દેહની શૃંખલા તોડી બની નિર્મમ નિર્ભય
કરી નિષ્પંદ અંગોને અલક્ષ્ય ગતિને લય
વૃંદે યોગીતણા ઘેર્યો તોય હંસ ગયો ઉડી
ભરેલું તોય રે શૂન્ય વિશ્વ આખું રહ્યું રડી.

• • •

**કલ્યાણ માસિક**
**પૂ. શ્રી પ્રેમસૂરીશ્વરજી પૂન્ય સ્મૃતિ વિશેષાંક**
**વર્ષ : ૨૫, અંક : ૯-૧૦**
**કારતક-માગશર ૨૦૨૫,**
**નવે.-ડિસે. ૧૯૬૮**

# ગુરૂ પ્રેમ સ્તુતિ

૧

પરમોપકારી પ્રેમગુરૂવર દિવ્ય તારૂં નામ છે,
સુવિશુદ્ધ સંયમનો તું સ્વામી દિવ્ય તેજોધામ છે.
અગણિત ગુણોનાં પુંજ! જીત્યો વિશ્વજેતા કામ તેં,
**ગુરૂ પ્રેમ ! તારા ચરણમાં નિત કોટિ વંદન હું કરૂં...૧**

ઉપકાર તારો છે અનંતો મુજ સરીખા દીન પર,
ક્રોડો જનમ સેવા કરૂં ના ૠણ ઉતરે રતીભર.
તારી કૃપાથી મુક્તિની નિર્વિઘ્ન હો મારી સફર, **ગુરૂ પ્રેમ !...૨**

ગુરૂપ્રેમ તારી જન્મભૂમિ પિંડવાડા ધન્ય છે,
શીરોહી ધરતીના જવાહર વિશ્વમાં તું અનન્ય છે!.
મરૂભૂમિ પણ તારા જનમથી ધન્યથી પણ ધન્ય છે, **ગુરૂ પ્રેમ !...૩**

પામ્યા તમે સુવિશુદ્ધ સંયમ સિદ્ધગિરિની ભૂમિપર,
રાધનપૂરીની ધર્મ ધરતીમાં બન્યા સૂરિ પ્રવર.
ખંભાતમાં અંતિમ સમાધિ મૃત્યુ સાધ્યું શુદ્ધતર, **ગુરૂ પ્રેમ !...૪**

શ્રી દાનસૂરીશ્વરગુરૂની પાટ દીપાવી તમે,
સ્વાધ્યાયને સંયમ વિના બીજું કશુંયે ના ગમે.
નિશદિન તમારૂં ચિત્ત આગમ કર્મગ્રંથમાં રમે, **ગુરૂ પ્રેમ !...૫**

ગુરૂપ્રેમ તેં કેવી વગાડી દિવ્ય સંયમ વાંસળી,
શ્રીમંતને ધીમંત બાલક યુવાનો તે સાંભળી.
કૈં સેંકડો સુખસેજ છોડી ત્યાગને પંથે વળી, **ગુરૂ પ્રેમ !...૬**

ગુરૂપ્રેમ !તારી આંખથી વાત્સલ્યના સાગર ઢળે,
ગુરૂપ્રેમ ! તારા હાથથી વરદાન સંયમનું મળે.
ગુરૂપ્રેમ ! તારૂં સ્મરણ કરતાં કામની પીડા ટળે, **ગુરૂ પ્રેમ !...૭**

તારા ચરણની ધૂળ પણ અણમોલ છે ચિંતામણી,
તારી કૃપાના બુંદથી મુરખ બને વિદ્વન્મણી.
તારી અછડતી નજર પણ ભવસિંધુ પાર ઉતારણી, **ગુરૂ પ્રેમ !...૮**

હું પ્રેમ પ્રેમ રટું દીવાનો પ્રેમ ક્યાંયેના મળે,
ગુરૂ પ્રેમ તારા નામમાંથી પ્રેમ અમૃત ઉછળે.
તેના પુનિત સંસ્પર્શથી મુજ ત્રિવિધ તાપો ઓગળે, **ગુરૂ પ્રેમ !...૯**

સ્વર્ગસ્થ ઓ ગુરૂદેવ અમને દિવ્ય આશિષ આપજો,
ભવરાગના સંસ્કાર સઘળા મૂળથી અમ કાપજો.
કર્મો તણાં બંધન હટાવી પરમપદમાં થાપજો, **ગુરૂ પ્રેમ !...૧૦**

**આષાઢ પૂર્ણિમા - સં.૨૦૫૧**

## ૨

પરમોપકારી પ્રેમગુરૂવર દિવ્ય તેરા નામ હૈ,
સુવિશુદ્ધ સંયમકા ધની તું દિવ્ય તેજો ધામ હૈ.
અગણિત ગુણોં કે પુંજ જીતા વિશ્વજેતા કામ હૈ,
**ગુરૂ પ્રેમ ! તેરે ચરણોમેં નિત કોટિ કોટિ વંદના...૧**

ઉપકાર તેરે હૈ અનંતે મુજ સરીખે દીનપર,
ક્રોડો જનમ સેવા કરું ના ઋણ ઉતરે રત્તીભર.
તેરી કૃપાસે મુક્તિકી નિર્વિઘ્ન હો મેરી સફર, **ગુરૂ પ્રેમ !...૨**

ગુરુરાજ તેરી જન્મભૂમિ પિંડવાડા ધન્ય હૈ,
શિરોહી ધરતીકા જવાહર વિશ્વમેં તું અનન્ય હૈ.
મરુભૂમિ ભી તેરે જનમસે ધન્યસે અતિધન્ય હૈ, **ગુરૂ પ્રેમ !...૩**

શ્રીદાન સૂરીશ્વર ગુરુ કે પટ્ટ પર આસીન થે,
નિસ્પૃહ શિરોમણી આપ ઉનકે પૂર્ણ આજ્ઞાધીન થે.
ભવભીરુ હરદમ શાસ્ત્રકે સ્વાધ્યાયમેં તલ્લીન થે, **ગુરૂ પ્રેમ !...૪**

સંયમ જીવનકી સિદ્ધિ પાયી સિદ્ધગિરિકી ભુમિ પર,
રાધનપુરીકી ધર્મધરતીમેં બને સૂરિપ્રવર.
ખંભાતમેં પ્રભુપાર્શ્વસે પાયા સમાધિ મૃત્યુવર, **ગુરૂ પ્રેમ !...૫**

ગુરુવર તુમારે શબ્દને ક્યા ગજબકા જાદૂ કીયા,
કૈં સેંકડો સુકુમાર બાલક યુવકને સંયમ લીયા.
કૈં ધનકુબેરોને ભી શિર વૈરાગ્યસે મૂંડા દીયાં, **ગુરૂ પ્રેમ !...૬**

ગુરુદેવ તુમને દ્વાર ખોલા શુદ્ધ સંયમ પંથકા,
જો કે યુગો સે બંદ જૈસા થા પરમ નિર્ગ્રંથકા.
તુમસે ચલા અભ્યાસ આગમ છેદ કર્મગ્રંથકા, **ગુરૂ પ્રેમ !...૭**

શ્રી સંઘમેં સબસે બડા હૈ સાધુ મંડલ આપકા,
ત્યાગી બડા વિદ્વાન વક્તા શિષ્યમંડલ આપકા.
ફિરભી અનૂઠા સરભ નમ્ર સ્વભાવ ગુરુવર આપકા, **ગુરૂ પ્રેમ !...૮**

ગુરુપ્રેમ તેરી આંખસે વાત્સલ્યકા સાગર ચલે,
ગુરુપ્રેમ તેરે હાથસે વરદાન સંયમકા મિલે.
ગુરુપ્રેમ તેરા સ્મરણ કરતે કામકી પીડા ટલે, **ગુરૂ પ્રેમ !...૯**

તેરે ચરણકી ધૂલ ભી અણમોલ હૈ ચિંતામણી,
તેરી કૃપાકે બૂંદ સે મુરખ બને વિદ્વન્મણી.
તેરી જરાસી નજરભી ભવસિંધુ પાર ઉતારણી, **ગુરૂ પ્રેમ !...૧૦**

સ્વર્ગસ્થ ઓ ગુરુદેવ આશિષ દિવ્ય દો ઐસી હમેં,
ભવભવ હમારા ચિત્ત ખેલે શુદ્ધ સંયમ પંથમેં.
મિથ્યાત્વસે હટ મોહકો તજ હમ પહુંચે મોક્ષમેં, **ગુરૂ પ્રેમ !...૧૧**

• • •

# પૂ. પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી વંદના

જેના નયનથી હરપળે કરૂણાતણું અમરત ઝરે,
મૈત્રી તણો સાગર સદા જેના હ્રદયથી વિસ્તરે.
જે નામ લેવા માત્રથી જગમાં બધે મંગળ કરે,
**ગુરૂદેવ ભદ્રંકર કરો કલ્યાણ જગમાં સર્વનું...૧**

સાગરસમા ગંભીર વહેતા નીર'શા નિર્મલ તમે,
વળી વજ્ર જેમ કઠોરને પુષ્પો સમા કોમલ તમે.
સંતાપ સર્વ શમાવવામાં મેઘ અતિશ્યામલ તમે, **ગુરૂદેવ ભદ્રંકર...૨**

ને જન્મ તેમજ મૃત્યુથી પાવન કર્યું પાટણ તમે,
હાલા મગનના કુળ મહિં પ્રગટ્યા પતિત પાવન તમે.
ગુજરાતનું ગૌરવ વધાર્યું સંઘ મન ભાવન તમે, **ગુરૂદેવ ભદ્રંકર...૩**

નવકારના આશક તમે નિત નવનવા ચિંતન કર્યા,
તમ લેખનીથી શાસ્ત્રના નવનીત નવલા નીતર્યા.
જ્યાં શબ્દશબ્દે અજબના છે અર્થના સાગરભર્યા, **ગુરૂદેવ ભદ્રંકર...૪**

જ્યારે તમારા મુખ થકી શબ્દોતણાં ફૂલો ખરે,
શ્રોતાતણા ઉર કમલને અનુભવ થકી સુરભિત કરે.
જિજ્ઞાસુના પૂછયા વિના પણ સર્વ સંશય સંહરે, **ગુરૂદેવ ભદ્રંકર...૫**

અસ્વસ્થ પણ થઇ સ્વસ્થ સહુ જિજ્ઞાસુને સંતોષતા,
દોષો કરીને ગૌણ સહુના ગુણલવોને પોષતા.
જ્ઞાની છતાં અદ્ભૂત તમારી શિશુ સમી નિર્દોષતા, **ગુરૂદેવ ભદ્રંકર...૬**

મૈત્રીતણા સિદ્ધાંતમાં ખોટું તમે ઝૂકયા ન’તા,
ઔચિત્યના મર્મજ્ઞ ક્યાંયે ઉચિતને ચૂક્યા ન’તા.
અતિ માંદગીમાં ત્યાગના સંસ્કારને મૂક્યા ન’તા, **ગુરૂદેવ ભદ્રંકર...૭**

કરતા હતા પૂરી કદર લઘુ મુનિતણા પણ જ્ઞાનની,
રાખી હતી નિત ખેવના સહુ વડીલના સન્માનની.
કીધી ન’તી અવહેલના ક્યારેય ગુરુની આણની, **ગુરૂદેવ ભદ્રંકર...૮**

નિત પારકાને પોતિકા કરીને તમે રાખ્યા હતા,
ઢીલા પડેલા સંયમીને સ્થિર કરી નાંખ્યા હતા.
ઉપબૃંહણાને સ્થિરીકરણ આચારથી દાખ્યા હતા, **ગુરૂદેવ ભદ્રંકર...૯**

શ્રી દાનસૂરીશ્વરતણા હસ્તે તમે સંયમ ગ્રહ્યું,
ગુરૂપ્રેમસૂરીશ્વરતણું શુભ વચન શિરપર નિત વહ્યું.
ને રામચંદ્રસૂરીન્દ્ર કેરૂં વિનયિશિષ્યપણું લહ્યું, **ગુરૂદેવ ભદ્રંકર...૧૦**

તુજ નામ ભદ્રંકર હતું તુજ કામ ભદ્રંકર હતું,
તુજ સત્ત્વ ભદ્રંકર હતું તુજ તત્ત્વ ભદ્રંકર હતું.
તુજ શબ્દ ભદ્રંકર હતું તુજ રૂપ ભદ્રંકર હતું, **ગુરૂદેવ ભદ્રંકર...૧૧**

નવકાર જેનો પ્રાણ છે નવકાર જેનો ત્રાણ છે,
નવકાર જેનો શ્વાસ છે નવકાર જેનો વાસ છે.
નવકાર જેનું જ્ઞાન છે નવકાર જેનું ધ્યાન છે, **ગુરૂદેવ ભદ્રંકર...૧૨**

આપે કર્યો નવકારનો લલકાર પૂરા સંઘમાં,
ઘટ ઘટમહીં ગુંજી રહ્યો નવકાર પૂરા સંઘમાં.
ગુરુવર તમારાં તે મહાઉપકાર પૂરા સંઘમાં,
સાધક **ધુરંધર** આપનો જયકાર પૂરા સંઘમાં **ગુરૂદેવ ભદ્રંકર...૧૩**

પૂ. આ. ભ. શ્રી હર્ષતિલકસૂરીશ્વરજી મહારાજના અનુરોધથી રચાયેલ...

# તપસ્વી સમ્રાટ આ.શ્રી.વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.સા.-વિવિધ સંવેદના

## વિરહ ગીત

### ૧

**(રાગ : ઓ ત્રિશાલાના જાયા...)**

ગુરૂ પ્રેમના લાડકવાયા, ઓ રાજતિલક ગુરુરાયા !
ઓ! રાજતિલક સૂરિરાયા, મને લાગી તારી માયા...
પ્રેમચંદના પુત્ર પનોતા, સમરથમાના જાયા,
અમ સહુને નોંધારા મૂકી, સ્વર્ગે કેમ સિધાયા...રે... **ઓ !...૧**

ગામ ચલોડાના વાસી પણ, અચલ રહ્યા મારગમાં,
તપ સ્વાધ્યાય સંયમની લગની રમતીતી રગરગમાં.
નામ હતું રતીલાલ છતાંયે, વિરતિરંગ લગાયા...રે... **ઓ !...૨**

દાનસૂરિવર હાથે દીક્ષિત, પ્રેમ વિજયના ચેલા,
રાજનગરમાં સંયમ કેરૂં રાજ રહ્યા અલબેલા.
રામવિજયના લઘુગુરૂભાઇ, રાજવિજય સોહાયા...રે... **ઓ !...૩**

વર્ધમાન તપ આંબલ કેરો, રંગ જગબનો લાગ્યો,
બબ્બેવાર સો ઓળી કરતાં, ડંકો જગમાં વાગ્યો.
ત્રીજીવાર સો ઓળી કરવા, નિશ્ચય હૃદય ધરાયા... રે.. **ઓ !...૪**

પ્રેમગુરૂનાં પાવન ચરણે, પહેલું પારણું કરતાં,
બીજે પારણે રામસૂરિની, શુભ નિશ્રાને વરતાં.
હવે ઉભયની નિશ્રા લેવા, સ્વર્ગમહીં શું પધાર્યા... રે... **ઓ !...૫**

બસો નેવ્યાસી ઓળી કરીને, વિક્રમ જગમાં થાપ્યો,
ચૌદ હજારથી ઉપર આંબિલ, કરી મોહને કાપ્યો.
અડધું જીવન આંબિલ કરીને, જબ્બર લાભ કમાયા... રે...**ઓ !...૬**

ઓગણીસો બોંતેરમાં જનમ્યા, નેવુંમાં સંયમ ધરતાં,
બે હજાર બાવીસને વરસે, પન્યાસ પદવી વરતાં.
ઓગણત્રીસનાં માગસર માસે, સૂરિપદ પર ઠાયા... રે... **ઓ !...૭**

ત્ર્યાંશી વર્ષનું આયુષ્ય પાળ્યું, પાંસઠ વર્ષ સંયમનાં,
પચીસ વર્ષ આચારજ પદનાં, ઉજવ્યાતા હજુ હમણાં.
કૈંક પ્રતિષ્ઠા દીક્ષા સંઘમાં, દઇ નિશ્રા સુખદાયા...રે... **ઓ !...૮**

બે હજાર ચોપનનાં વરસે, રાજનગરમાં પધાર્યા,
ગિરધરનગર ચોમાસુ કરતાં, સંઘ ઉમંગ વધાર્યા.
શ્રાવણમાં સ્વર્ગે સંચરતા, અતિ આઘાત કરાયા...રે... **ઓ !...૯**

રામ-રાજની જોડી જબરી, પ્રેમ ગુરૂએ દીધી,
શાસન ઉન્નતિ કાજે જેણે, ગજબ તપસ્યા કીધી.
એક વચસ્વિ એક તપસ્વિ, સૂરજ ચંદ્ર સોહાયા... રે... **ઓ !...૧૦**

રામ ગયા તબ રાજ રહ્યા તા, તેથી ખોટ ન લાગી,
આજ અચાનક રાજ ગયાને, હામ હૃદયની ભાંગી.
ગુરુવર પ્યારા વિરહે ત્હારા, રડે સંઘ સમુદાયા... રે... **ઓ !...૧૧**

રાજ-મહોદય કેરી જોડી, રામ સમી સોહાતી,
નિરખી ઠરતીતી અમ આંખો, હરખાતીતી છાતી.
કાળો કેર કર્યો તે જમડા, રંગમાં ભંગ કરાયા... રે... **ઓ !...૧૨**

ત્રીજીવારની સો ઓળીના, અજબ મહોત્સવ કરવાં,
ભક્ત તણાં બહુ હતાં મનોરથ, તમે કરી ના પરવા.
રહ્યા પ્રતિષ્ઠા સંઘ અધૂરાં, તજી તમે તો કાયા... રે... **ઓ !...૧૩**

ચોધારા આંસુથી રડતાં, નોંધરા તુજ ભક્તો,
એકવાર બોલોને ગુરુવર, વધુકહી ના શક્તો.
શિવના પંથે જાતાં અમને, કરજો નિત્ય સહાયા... રે... **ઓ !...૧૪**

**(રાગ : જહાં ડાલ ડાલ પર...)**

જેના રોમ રોમથી ઉઠતા'તા તપકેરા તેજ ફુવારા, સૂરિ રાજતિલક જયકારા,
પ્રભુવીરતણાં શાસનમાં જેઓ સદા અમર રહેનારા, એવા ગુરુરાજ અમારા...

જેના મુખડા ઉપર સૂરજ જેવી તેજ છટા તરતી'તી,
જે હોઠોમાંથી હેત ભરેલી શબ્દ છટા સરતી'તી.
જેની આંખોમાંથી કરૂણા કેરી વરસી અમૃતધારા... **એવા ગુરુરાજ...૧**

સાગર જેવા ગંભીર હતા જે ગુણ રત્નોના આકર,
ને ધીર હતા જે મેરૂપરે, દર્શનથી દિવ્ય સુધાકર.
પ્રસન્ન મુદ્રા પ્રસન્ન હાસ્યે સહુના મન હરનારા... **એવા ગુરુરાજ...૨**

શ્રી પ્રેમસૂરિવર ગુરૂવર કેરી પૂર્ણકૃપા પામેલા,
ને રામચન્દ્રસૂરીશ્વર કેરા લઘુબાંધવ તપઘેલા.
શ્રી વર્ધમાન તપકેરો ડંકો જગમાં વગાડનારા... **એવા ગુરુરાજ...૩**

તમે ગામ ચલોડાના વાસી પણ ચંચલ ના તુજ મનડું,
લહી રાજનગરમાં સંયમ તપથી તમે તપાવ્યુ તનડું.
રોગી કાયા થઇ કંચનવરણી સહુના મોહનગારા... **એવા ગુરુરાજ...૪**

ઢીલા મનથી સંયમ લીધું પણ ઉગ્રભાવથી પાળ્યું,
મુનિ રાજવિજય સૂરિ રાજતિલક થઈ શાસનને અજવાળ્યું.
શાસનનાં આઠ પ્રભાવકમાં તમે તપઃ પ્રભાવક પ્યારા...**એવા ગુરુરાજ...૫**

શ્રી વર્ધમાન આયંબિલ તપને બે વાર કર્યો તમે પૂરો,
કરી ત્રીજીવાર નેવ્યાસી ઓળી પછી રહ્યો અધૂરો.
આયંબિલ તપના ગજબ તપસ્વી, તમે જગતથી ન્યારા... **એવા ગુરુરાજ...૬**

થઈ રાજપૂરમાં સૂરિપદવી રાજવિજય ગુરુવરની,
છેલ્લા ચોમાસે પાવન કીધી ધરતી રાજનગરની.
તજી કાયા ગિરધરનગર મહીં લહી શાંતિ સમાધિ ઉદારા...**એવા ગુરુરાજ...૭**

લાખ્ખો ભક્તોએ આપ્યો તમને અંતિમ સમયે આદર,
દેહ મળ્યો તુજ પંચભૂતમાં છારોડીને પાદર.
છો સ્વર્ગે વસ્યા પણ અમ અંતરમાં તમે સદા વસનારા.. **એવા ગુરુરાજ...૮**

ગુરુદેવ અચાનક કેમ અહીંની માયા મમતા છોડી,
સુરલોક પધાર્યા શિષ્ય ભક્તને નોંધારા તરછોડી.
શું દેવલોકમાં ખૂટી ગયાતા મંગળનાં કરનારા... **એવા ગુરુરાજ...૯**

હરપળ હરક્ષણ તુમ યાદ સતાવે ચેન પડે ના મનમાં,
અબ કોણ ફૂંકશે પ્રાણ અમારા સંયમનાં જીવનમાં.
બસ એકવારે અહીં આવો ગુરુવર સ્વર્ગ થકી અતિપ્યારા...**એવા ગુરુરાજ...૧૦**

સ્વર્ગે રહીને પણ સહાય કરજો સદા ધર્મના કામે,
લઈ જજો અમને તુમ સંગાથે મુક્તિતણા શુભધામે.
આંસુથી ભીની અરજી તમને અમે સદા કરનારા... **સૂરિ રાજતિલક...૧૧**



## ૩

### (તર્જ : તમે મન મૂકીને વરસ્યા...)

આજે છારોડીને પાદર... દઈએ ગુરૂદેવને આદર...
રાજતિલક સૂરીશ્વર તમને, ઝાઝેરા અમ વંદન,
જીવન કેવું મહેંકે તમારૂં, જાણે મલયા ચંદન...
તમે શીલ સુગંધી નાગર... **દઈએ...૧**

લુખ્ખું ભોજન આંબિલ કેરું, કર્યું તમે સદાયે,
સ્નેહેભીનું તુજનું અંતર, લુખ્ખું ન તું કદાયે.
તુમ છલકે પ્રેમની ગાગર... **દઈએ...૨**

ગુરૂપ્રેમના પામી આશિષ, આંબિલતપમાં ચડિયા,
દિનદિન ચડતા વાને ચાલ્યા, ક્યાંય ન વિઘ્નો નડિયા.
તમે વર્ધમાન તપ સાગર... **દઈએ...૩**

રામચંદ્રસૂરિશ્વર કેરા, લઘુ ગુરૂ બાંધવ પ્યારા,
મહોદયસૂરીશ્વરજીના, હૈયેથી ના ન્યારા.
તમ જીવન મીઠી સાકર... **દઈએ...૪**

સાવન ભાદો કેરી વર્ષા, અમને ન રીઝવતી,
આજ તમારી યાદ અમારા, હૈયાને ભીંજવતી.
આંખે આંસુ કેરા વાદળ... **દઈએ...૫**

સાવન વદની પાંચમ તમને, લઈ ગઈ ઊંચા પંથે,
અમ જીવન નોંધારું કીધું, તેથી અમને ડંખે.
અમ ભીની ભીની ચાદર... **દઈએ...૬**

અસંખ્ય ભક્તો આવ્યા આજે, તમને વંદન કરવા,
સહુના હૈયા ઝંખે આજે, તુમ આશિષને વરવા.
કરો કરુણા ગુણરત્નાકર... **દઈએ...૭**

## ૪

જેના રોમ રોમથી ત્યાગ અને તપની વહેતીતી ધારા,
જે વર્ધમાન તપ કેરા ગગને, ચમક્યા અજબ સિતારા...
**ગુરુ રાજતિલક...**

રસત્યાગી તપના અનુરાગી, ગુરુવર એ વડભાગી,
પુરું જીવન આંયબિલ તપની, લગની જેને લાગી.
સમતાને સ્વાધ્યાય મહીં જે, સદા મગ્ન રહેનારા... **ગુરુ રાજતિલક...૧**

ધન્ય ચલોડા ગામ તમારું, જન્મ થકી તુમ પાવન,
રાજનગરમાં ધંધા માટે, કરતા આવન જાવન.
પ્રેમવિજયના પરિચયથી ત્યાં, મટ્યા મોહ અંધારા... **ગુરુ રાજતિલક...૨**

અષાઢ સુદ ચૌદસનાં દિવસે, ઓગણીસ નેવું વર્ષે,
દાનસૂરિવર કેરાં હાથે, સંયમ લીધું હર્ષે.
રાજ વિજયજી નામ ધરાવી, રાગવિજય કરનારા... **ગુરુ રાજતિલક...૩**

ગુરુવર જેના પ્રેમસૂરિજી, વચનસિદ્ધ વૈરાગી,
આશિષ પામી ગુરુના બનતા, વર્ધમાન તપ રાગી.
બસો નેવ્યાસી ઓળીના, એક જ એ કરનારા... **ગુરુ રાજતિલક...૪**

ચોસઠ ચોસઠ વર્ષ લગી જેણે, સંયમ નિર્મળ પાળ્યું,
અખંડ તપ સંયમના તેજે, જીવનને અજવાળ્યું.
અંતિમ શ્વાસ લગી જે તપના, મનોરથે રમનારા... **ગુરુ રાજતિલક...૫**

સંઘપ્રતિષ્ઠા ઉત્સવ કાજે, સંઘો પાછળ ફરતા,
નિરીહભાવે નિશ્રા આપી, સહુનું મંગળ કરતા.
ભક્તોની ભારે ભીડમાં પણ, જે રહેતાતા ન્યારા... **ગુરુ રાજતિલક...૬**

ભક્તજનોની હતી મહેચ્છા, ઓળી અને ઉમ્મરની,
પૂરી કરશે સદી મહાત્મા, મનમાં રહી ગઈ મનની.
નેવ્યાસીને પંચ્યાસી અંકે, અટક્યા ઉરધબકારા... **ગુરુ રાજતિલક...૭**

રામવિજયજી રાજવિજયજી, ગુરુ બાંધવની જોડી,
ધર્મકથી એ તપોરથી આ, કરતા હોડાહોડી.
શાસન કેરા મહાપ્રભાવક, જગના તારણહારા... **ગુરુ રાજતિલક...૮**

ગુરુ ભાઈની જેમ તમે પણ, અધુરા ચાર્તુમાસે,
પગલે પગલે પાછળ ચાલ્યા, વદમાં શ્રાવણ માસે.
જાણે કોલ કરીને બન્ને, સંપી સંચરનારા... **ગુરુ રાજતિલક...૯**

સાબર કેરા પશ્ચિમ કાંઠે, દેહ એમણે છોડયો,
તમે દેહનો મોહ બરોબર, પૂરવકાંઠે તોડયો.
બેય જણાએ પાવન કીધા, જાણે બેય કિનારા... **ગુરુ રાજતિલક...૧૦**

પ્રાણ થકી પ્યારા ઓ ગુરુવર! કોના મંગલ માટે,
આમ અચાનક ચાલી નિકળ્યા, સ્વર્ગલોકની વાટે ?
કૈંક સંઘ અધૂરા કાર્યે, રોતા રહ્યા બિચારા... **ગુરુ રાજતિલક...૧૧**

યાદ તમારી નિશદિન સહુની, આંખો ને ભીંજવતી,
છબી તમારી સ્મૃતિમાં છાઈ, હૈયાને રીઝવતી.
આપો આશિષ દેવલોકથી, સદા અમર રહેનારા...**ગુરુ રાજતિલક...૧૨**

જીવદયાના શ્રેષ્ઠ ઉપાસક, મૈત્રીને ધરનારા,
તપસ્વી સમ્રાટ અક્ષરદેહે, અમ અંતર વસનારા.
જુગ જુગ રહેશે નામ તમારું, જગમંગલ કરનારા...**ગુરુ રાજતિલક...૧૩**

## ૫

**(રાગ : જહાં ડાલ ડાલ પર)**

જેણે જોર જોરથી જગમાં બજાવ્યા, તપના જીત નગારા
**ગુરૂ રાજતિલક અતિ પ્યારા...**
શ્રીવર્ધમાન તપ કેરો મહિમા, સહુને બતાવનારા
**ગુરૂ રાજતિલક અતિ પ્યારા...**

સંગ્રામ કર્યો જેણે મોહરાયથી, ભર જોબનમાં જબરો,
મનડાને જીતી જેણે આતમ, કીધો ડાહ્યો ડમરો.
શ્રી પ્રેમસૂરિ ગુરૂ કેરા વચને, સંયમ સ્વીકારનારા... **ગુરૂ રાજતિલક...૧**

વૈરાગ્યતણાં રંગે રંગાઇ, વિષયો જેણે ત્યાગ્યા,
તપ-ત્યાગ તણી બહુ ધૂમ મચાઇ, કોટ કર્મના ભાંગ્યા.
જીભડીને જીતી આંબિલ કેરા, તપને આદરનારા... **ગુરૂ રાજતિલક...૨**

જે શીલ તણાં અમૃતના અંજન, આંખો માંહી આંજી,
નીચી નજરે વિહર્યા નિશદિન, નિજ સ્વભાવમાં રાજી.
ને કામ-ક્રોધને જીતી શાસન-પ્રભાવના કરનારા... **ગુરૂ રાજતિલક...૩**

આ દુનિયાની ચાલુ વાતોમાં, રસ ના કદીય લીધો,
ને શાસ્ત્રોના સ્વાધ્યાય તણો રસ, જેણે સદૈવ પીધો.
દુનિયામાં રહીને દુનિયાથી જે, અલગારી રહેનારા... **ગુરૂ રાજતિલક...૪**

તપ ત્યાગી તણા મહિમાથી જેઓ, જગમાં પુજય ગણાયા,
લાખ્ખો ભક્તોનાં માનપાનમાં, તોયે જે ન તણાયા.
પણ નમ્ર બનીને સઘળો યશ, પ્રભુ શાસનને દેનારા... **ગુરૂ રાજતિલક...૫**



શ્રી દાન સૂરિશ્વર કેરા હાથે, જેઓ મુનિપદ વરતા,
ને પ્રેમસૂરીશ્વરજી ગુરુજી જેને, ગણિપદ પ્રદાન કરતા.
શ્રી રામચંદ્રસૂરીશ્વરજી વચને, સૂરિપદ વરનારા... **ગુરૂ રાજતિલક...૬**

જેઓની પાવન જન્મભૂમિ છે, નાનું ગામ ચલોડા,
ને દીક્ષા ભૂમિ રાજનગર જ્યાં, મોહને માર્યા કોડાં.
ને મુમ્બાપુરીને તપની ભૂમિ, પહેલી બનાવનારા... **ગુરૂ રાજતિલક...૭**

પ્રસન્ન મુદ્રા, પ્રસન્ન દૃષ્ટિ, પ્રસન્ન હાસ્યે રમતા,
નિર્વિકાર જીવનના સ્વામી, સહુ જીવોને ગમતા.
જેનાં દર્શન કરતાં રોમરોમમાં, પ્રગટે આનંદ ધારા...**ગુરૂ રાજતિલક...૮**

**(તર્જ : જહાં ડાલ ડાલ પર)**

જેના અંગઅંગમાં સંયમને, સમતાના રંગો રમતા,
**તપસ્વી ગુરુવર મનગમતા, સૂરિ રાજતિલક મનગમતા..**

શ્રી રાજતિલક સૂરીશ્વરજીના, નામે જે વિખ્યાતા,
ગુરુ પ્રેમસૂરીશ્વર કેરી પાટે, જેના ગીત ગવાતા.
આવા ગુરુવરનાં દર્શન છે દુર્લભ, ભવમાં ભમતાં ભમતાં...૧

યૌવન આરંભે સંયમ લઈને, વર્ધમાન તપ માંડે,
જબરી જીભલડીને જીતી, સઘળાં રસને છાંડે.
વસમાં વિષય વિકારોને, ભર યૌવનમાં બાળંતા...૨

વર્ધમાન તપ કેરો જેને,  રંગ ગજબનો લાગ્યો,
બબ્બે વાર તો પૂરણ કીધો, ફેર મનોરથ જાગ્યો.
ત્રીજી વાર સો ઓળી કરવા, વૃદ્ધવયે થનગનતા...૩

સંયમના પાંસઠમાં વરસે, જગમાં ડંકા દીધાં,
ચાલીસથી અધિક વરસો, આયંબિલ તપ કીધાં.
ઉગ્રવિહારાદિકની જેઓ, પ્રતિકૂળતા ખમતા...૪

હાલાર તીર્થથી સંઘ ચલાયો, રાજસ્થાન સંઘે
ગિરનાર અને શત્રુંજય કેરી, યાત્રા કરવા રંગે.
નિશ્રા દેવા શ્રીરાજતિલક સૂરીશ્વર, ગુરૂજી આવ્યાં ગમતાં...૫

નેવ્યાસીમી ઓળી કરવાં, ગુરૂજી સાથે ચાલે,
હજારો નરનારી કેરો, સંઘ ઉમંગે મ્હાલે.
નેમિનાથ દાદાની યાત્રા કરતાં, ટળ્યા મોહને મમતાં...૬

અઠ્યાસીમી ઓળી કીધી, આદિનાથજીની છાંયે,
નેવ્યાસીમી પૂરણ થાયે, નેમિનાથ નિશ્રાએ.
ગજબ તમારો તપને ગુરૂજી, ગજબ તમારી સમતાં...૭

સમતાના અમૃત સાગરમાં, જેણે જાત ડુબાડી,
તપસી ક્રોધી હોવે એ, કહેવતને ખોટી પાડી.
જેના રોમ રોમથી પ્રસન્નતાના, રસ ઝરણાઓ ઝરતાં...૮

વર્ધમાન તપ કેરો ડંકો, જગમાં જોર બજાયો,
રાજતિલક સૂરીશ્વર કેરો, મહિમા જગત સવાયો.
જેના પાવન દર્શન કરતાં કરતાં, પાપ પલકમાં શમતાં...૯



પ્રેમચંદજીના પુત્ર પનોતા, સમરથમાના જાયા,
પ્રેમસૂરિ ગુરૂવરની પાટે, જેનાં તેજ છવાયા.
આવા ગુરૂજીના દર્શન દુર્લભ, ભવસાગરમાં ભમતાં...૧૦

ધન્ય તમારા માત-પિતાને, ધન્ય તમારા ગુરૂજી,
ધન્ય તમારી જનમભોમકા, ધન્ય તમારું જીવન.
ધન્ય બનીશું આજે આપણે, ગુરુજી ચરણે નમતાં...૧૧

૭

**(રાગ : તમે મન મૂકીને વરસ્યા)**

ગુરૂ રાજતિલક સૂરિ પ્યારા, અમ મનના મોહનગારા
તુમ યાદ ઘણી જ સતાવે, કરૂં વંદન કોટિ ભાવે...

પ્રેમગુરૂના વચને સુંદર સંયમ જીવન પામી,
ગુરૂ આશિષે વિશુદ્ધ પાળી, બન્યા સ્વર્ગના સ્વામી.
તમે જિન શાસનના શણગારા... **ગુરૂ રાજતિલક...૧**

ગામ ચલોડાની ભૂમિમાં, પામ્યા જન્મ પનોતા,
છારોડીનાં પાદરમાંહી, અંતિમ સેજે સૂતાં.
ઓ જગના તારણહારા... **ગુરૂ રાજતિલક...૨**

નિઃસ્પૃહભાવે સંયમ પાળ્યું, ગુરૂ અણાની સંગે,
વર્ધમાન તપ કેરાં રંગે, રંગાયા ઉછરંગે.
તપ કીધો ત્રણ ત્રણ વારા... **ગુરૂ રાજતિલક...૩**

વર્ષાઋતુ આ સાવન મહિનો, ને અંધારી પાંચમ,
વિરહતણી એ ઘડીઓ ગુરૂવર, ના ભૂલાએ હરદમ.
સૂરિ પ્રેમના વારસદારા... **ગુરૂ રાજતિલક...૪**

મહિના વીત્યા, વરસો વીત્યા, વીત્યા યુગના અંતર,
વિરહતણી એ પીડા તોયે, વલોવતી અમ અંતર.
અમ હૈયામાં વસનારા... **ગુરૂ રાજતિલક...૫**

તુમ મુખડાની પાવન મુદ્રા, કદીય ના વિસરાતી,
પ્રેમ ભરેલા નયનોમાંથી, કેવી હતી ઉભરાતી.
કરૂણાની અમૃતધારા... **ગુરૂ રાજતિલક...૬**

યાદ તમારી વર્ષા કેરી, ભીની ભીની મોસમ;
વિરહ વેદનાની વીજળીઓ, કડકે ચમકે મોગમ.
આંખોથી અશ્રુધારા... **ગુરૂ રાજતિલક...૭**

યાદ તમારી અગનકુંડશી, ભડભડતું અમ હૈયું,
મિલાપનો મેહુલિયો ઝંખે, ઘનને જેમ બપૈયું.
તમે શમવો તાપ અમારા... **ગુરૂ રાજતિલક...૮**

યાદ તમારી સૂરજ જેવી, ચકવા જેવું અમ મન,
સૂરજના કિરણોની સરખું, દીયો તમારું દરશન.
તમે પ્રકાશ પાથરનારા... **ગુરૂ રાજતિલક...૯**

યાદ તમારી ચાંદા જેવી, ચકોર છે અમ અંતર,
દિવ્યાશિષની અમૃતધારા, વરસો આપ નિરંતર.
તમે જીવનના દેનારા... **ગુરૂ રાજતિલક...૧૦**

દ્રવ્ય થકી છો પડ્યા વિખૂટા, ભાવ થકી ના છેટા,
નશ્વર કાયા તજી અમારા, મન મંદિરમાં બેઠાં.
ઓ ભવભવના સથવારા... **ગુરૂ રાજતિલક...૧૧**

## ૮

### (રાગ : દયા કરીને દરશન દેજો...)

**કૃપા કરીને દરશન દ્યોને,** રાજતિલક ગુરૂરાજ રે,
અમ અંતરના આંગણિયામાં, પગલાં પાડી આજ રે...
સૂની સૂની આંખ અમારી, જુએ તમારી રાહ રે,
અણસારો ના ક્યાંય તમારો, હૈયું ભરતું આહ રે... **કૃપા...૧**
શ્રાવણની અંધારી પાંચમ, હજૂય ના ભૂલાય રે,
કાળો કેર કર્યો એ રાતે, છિનવ્યા તમને હાય રે !... **કૃપા...૨**
ભક્તોનાં અરમાન અધૂરાં, શિષ્યો નાના બાળ રે,
જીવન દોર જરાક વધારી, કરવીતી સંભાળ રે... **કૃપા...૩**
યાદ તમારી આવેને અમ, આંખે આંસુ ધાર રે,
કેમ અમોને છોડી ચાલ્યા, નોંધારા મઝધાર રે... **કૃપા...૪**
ચેન પડે નહિં અમ અંતરને, બાળે કાળી ઝાળ રે,
વિરહ અગનમાં તાપ દઝાડે, ઠારો થઈ મેઘમાળ રે... **કૃપા...૫**
સો ઓળીની આશ અધૂરી, મૂકી ચાલ્યા આપ રે,
પુનર્જન્મમાં પણ લંબાશે, આરાધનાનો વ્યાપ રે... **કૃપા...૬**
ઘણા હોંશથી તીર્થ જુહાર્યા, શત્રુંજય-ગિરનાર રે,
નેવ્યાશીમી ઓળી કીધી, નેમિનાથ દરબાર રે... **કૃપા...૭**
પુનર્જન્મમાં આપ અધૂરી, ઓળી કરશો પૂરી રે,
ઉજવણીની આશ અમારી, રહી અહીં અધૂરી રે... **કૃપા...૮**
ત્રીજીવારની સો ઓળીનું, ઉજવણીનું જોજો રે,
જ્યાં હો ત્યાંથી યાદ કરીને, નોતરું અમને દેજો રે... **કૃપા...૯**
ધન્ય ચલોડા ગામ તમારું, જનમ્યાં જ્યાં જયકાર રે,
છારોડીની ધન્ય ધરા આ, જ્યાં અંતિમ સંસ્કાર રે... **કૃપા...૧૦**
સ્મરણ તમારું કરીએ નિશદિન, શરણ અમોને દેજો રે
શિવના પંથે જાતા અમને, સહુને સાથે લેજો રે...
**કૃપા કરીને દર્શન દ્યોને...૧૧**

# ગુરુ ગુણ સ્તુતિ

૧

ગુરૂદેવ પ્યારા પ્રાણથી શ્રી રાજતિલક સૂરીશ્વરા
કરું કોટિ કોટિ વંદના, તપતેજથી અવિનશ્વરા
હે વીર શાસનના અનેરા, વર્ધમાન તપોનિધિ
હે વિશ્વવિક્રમ સર્જનારા, વર્ધમાન તપોનિધિ
ક્યારે હવે મળશે તમારી, પુણ્યપાવન સન્નિધિ...૧

તપતેજથી ચમકંત તુજનો, દિવ્ય ચહેરો ના કદી
જોવા હવે મળશે હતો જે, સૌમ્યતાની સુર નદી
વાત્સલ્યના અમૃતભર્યા, તુજ હાથના સંસ્પર્શને
ક્યારે હવે માણી શકીશું? પામતા બહુ હર્ષને...૨

મીઠું તમારૂં સ્મિત કદી, જોવા હવે મળશે નહિં !
વાત્સલ્ય ઝરતી નજરની, આશા હવે  ફળશે નહિં !
તવ પુણ્ય ચરણ સ્પર્શની, તુટી ગઇ સંભાવના
મળવી અસંભવ થઇ ગઇ, તુજ છત્રછાયા પાવના...૩

ક્ષણ ક્ષણ તમારું સ્મરણ કરતાં આંખથી આંસુ ઝરે
તપ ત્યાગથી સુપવિત્ર તુજ રૂપ આંખની આગળ તરે
સહુ યોગમાં અપ્રમત્તતા તુજની નિરંતર સાંભરે.
નિઃસ્પૃહ તમારા વૃતિ વર્તન, ના કદાપિ વિસરે...૪

ગુરુવર તમે સ્વર્ગસ્થ છો, એવું ભલે લોકો કહે
ગુણગણવડે અહીંયાજ છો, એવું સદા ઉરમાં રહે
છો દેહને છોડ્યો અમારું હૃદય શેં છોડો તમો
તજ્યું એકરૂપ અસંખ્યરૂપે ભક્તિ અંતરમાં રમો...૫



ન્હાનું ચલોડા ગામ તુજના, જન્મથી પાવન બન્યું
ને પ્રેમચંદ પિતાતણું કુળ, સહુનું મન ભાવન બન્યું
જે રાજનગરે વર્યા સંયમ, દાનસૂરિ ચરણમાં
અંતિમ સમાધિ ત્યાં જ સાધી, ઋષભજિનના શરણમાં...૬

દાદા ગુરુશ્રી દાન સૂરીશ્વર કરે દીક્ષા મળી
પંન્યાસ પદવી પ્રેમસૂરીશ્વર ગુરુ આપે વળી
શ્રી રામચંદ્રસૂરીશ્વરા જે વડીલ ગુરુભાઇ હતા
તેઓ તણી આજ્ઞાથકી આચાર્ય પદવી પામતા...૭

સંયમ તણી શુભ સાધનાના પગથિયા ચડતા ગયા
ગુરુ આશિષે પદવીતણી શોભા થકી વધતા ગયા
સૂરિરામ કેરા વિરહમાં જે રાજતિલક બની રહ્યા
મહોદય સૂરિ હૈયે બિરાજી યોગક્ષેમ સદા વહ્યા...૮

વિચર્યા તમે મહારાષ્ટ્ર રાજસ્થાનને ગુજરાતમાં
ભક્તો બન્યા લાખ્ખો પરંતુ નિસ્પૃહી તુજ આતમાં
કૈં ભવ્યતમ સંઘો પ્રતિષ્ઠા ઉત્સવે નિશ્રા કરી
તોયે તમે મોટાઇને મમતા ન'તી ઉરમાં ધરી...૯

સંયમ પ્રદાને કલ્પતરૂ જે આ વિષયયુગમાં હતા
તે પ્રેમસૂરીશ્વર તમારા પરમ ગુરુવર સોહતા
તેઓ તણા સુપસાયથી આંબેલનાં તપમાં વળ્યા
આંબેલ ચૌદ હજાર, પાંસઠ વર્ષમાં આપે કર્યા...૧૦

આંબેલ તપનો રંગ તમને ગજબનો લાગ્યો હતો
તુજ ઉગ્રતપનો વિજય ડંકો વિશ્વમાં વાગ્યો હતો
ઉપદેશથી ભવ્યો હજારો તપમહીં જોડ્યા હતા
આહાર રસિયા કૈંક ભવ્યે રસ બધા છોડયા હતા...૧૧

સો ઓળી બબ્બેવાર આરાધી તમે બહુ હોંશથી
સો ઓળી ત્રીજીવાર માંડી વૃદ્ધવયમાં જોશથી
નેવ્યાસીમી ઓળી કરી શ્રી નેમિજિનની છાંયમાં
અગ્યાર ઓળીઓ અધૂરી મૂકી ચાલ્યો આત્મા...૧૨

શું સ્વર્ગના ભક્તો તણું મળ્યું નોતરૂં તમને ગુરો!
ત્રીજીવારની સો ઓળીની પૂર્ણાહુતિ અહિંયા કરો
જેથી અચાનક ત્યાગ ભૂતળનો કરી ને સંચર્યા
દેવો તણી વિનંતિ સ્વીકારી સ્વર્ગમાં પગલા કર્યા...૧૩

શાસનતણી શોભા હતા સૂરિ રાજતિલક સદા તમે
સમુદાયના મોભા હતા સૂરિ રાજતિલક સદા તમે
ગુરુ રાજતિલક તમે જતા અવ ખોટ મોટી લાગશે
ગુરુવર તમારા વિરહમાં તુજ યાદ ખૂબ સતાવશે...૧૪

ગુરુરાજ તુજ શુભવેણમાં તપત્યાગની ભૂરકી હતી
તુજ નિર્વિકારી નેણમાં વાત્સલ્યની સૂરખી હતી
સંયમ તણો વાસો હતો તુજ દિવ્ય અંગે અંગમાં
તુજ ચિત્ત નિત ડુબ્યુ હતું સ્વાધ્યાય કેરા રંગમાં...૧૫

ગુરુરાજ સ્વર્ગથકી તમે વરસાવજો કરૂણા સદા
નિર્ગુણ અમે તુમ ગુણગણોની દિવ્ય દેજો સંપદા
સુવિશુદ્ધ સંયમ પાળવાની શક્તિ દેજો સર્વદા
થાજો સહાયક મોક્ષના પંથે નિવારી આપદા...૧૬

ગુરુરાજ અમ જીવનતણા આકાશમાં સુરજ બનો
ગુરુરાજ સંયમ મહેલનાં ઉંચા તમે બૂરજ બનો
ગુરુરાજ ચન્દ્ર બની અમારા સર્વ સંતાપો હરો !
ગુરુરાજ દીપ બની અમારા માર્ગમાં મંગલ કરો !...૧૭

૨

(રાગ : મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું)

વર્ધમાન તપ કેરો મહિમા, ફેલાવ્યો જેણે વિશ્વ મહીં,
ચોવીશે જિનના શાસનમાં, જેનો જોટો જડે નહીં,
અજોડ તપસી અજોડ ત્યાગી, એવું જેણે બિરુદ ધર્યું,
**તે રાજતિલક સૂરિશ ચરણે, નિત નિત કોટી નમન કરું...૧**

મંગલકારી આંબેલ તપ પર, જેને અતિવિશ્વાસ હતો,
અપ્રમત્ત સ્વાધ્યાય રમણતા, જેનો જીવન શ્વાસ હતો,
બ્રહ્મચર્યના તેજોવલયે, જેની ચમકતી આંખો સદા,
**તે રાજતિલક સૂરીશ્વર ચરણે, વંદન કરીએ કોટિ મુદા...૨**

પરમકૃપાનિધિ પ્રેમસૂરિવર ગુરુવરને હૃદયે ધરતા,
વર્ધમાન ઉત્સાહ થકી જે, વર્ધમાન તપને કરતા,
વર્ધમાન તપ કેરા જેઓ, અજોડ તપસી કહેવાતા,
**તે રાજતિલક સૂરીશ્વર ગુરૂવર આપો સહુ જગને શાતા...૩**

૩

નિજ જન્મથી પાવન કર્યું, જેણે ચલોડા ધામને,
જગમાં ઉજાળ્યું જેમણે, સૂરિ ‘પ્રેમ‘ ના શુભ નામને,
જે વર્ધમાન તપોનિધિ, જગમાં અનન્ય બની ગયા,
**તે રાજતિલક સૂરીન્દ્રને, નત મસ્તકે કરું વંદના...૧**

અગણિત કર્યા ઉપકાર જેણે, સાવ નિઃસ્પૃહ ભાવથી
જેનો જરાપણ કોઇ બદલો, વાળવો શક્ય જ નથી
ને જેના દર્શનમાત્રથી જ, તાપ સૌ શમતા હતા,
**તે રાજતિલક સૂરિન્દ્રના, ચરણારવિન્દે વંદના...૨**

શાસન પ્રભાવક કાર્યમાં જસ, ભક્ત નિશ્રા ઝંખતા,
મોટાઇને મમતા તણો કરી, ત્યાગ નિશ્રા અર્પતા,
ને નોંધ સુદ્ધા જે કદી, આ વાતની ના રાખતા,
**તે રાજતિલક સૂરીન્દ્રને, નિત કોટિ કોટિ વંદના...૩**

સ્વાધ્યાયના મીઠા મધુરા, રસ તણા ચાહક હતા,
રસરહિત આંબીલ તપ તણા, તેઓ સદા આશક હતા,
મૂંગા જીવોને અભય દેવા, જે સદા વાંછુક હતા,
**તે રાજતિલક સૂરીન્દ્રને, નત મસ્તકે કરું વંદના...૪**

જેના નયનથી વિશ્વના વાત્સલ્યની સરિતા વહી,
જેના હૃદયમાં સર્વ દુઃખી, જીવની કરૂણા રહી,
જેણે સદા આંબેલ તપની, પ્રેરણા વાતો કહી,
**તે રાજતિલક સૂરીન્દ્રને, અમ ભાવભીની વંદના...૫**

જેની કૃપા વર્ષા હતી, આષાઢના જલધર સમી,
તપ તેજની આભા હતી, મધ્યાહ્નના દિનકર સમી,
ને સૌમ્યતા જેની શીળી, શરદના શશધર સમી,
**તે રાજતિલક સૂરીન્દ્રના, પદ પંકજે કરું વંદના...૬**

જેઓ અશાતાના ઉદયમાં, પણ સદા જાગૃત હતા,
ને સમાધિ નિરખી અપૂર્વ જેની, ભલભલા અનુમોદતા,
સહન કરવું એજ જેના, જીવનમાં રહેલું હતું,
**તે રાજતિલક સૂરીન્દ્રના, ચરણારવિન્દે વંદના...૭**

સ્વર્ગસ્થ ઓ ગુરુવર ! ખરેખર શું તમે સ્વર્ગસ્થ છો !
ના... ના તમારા ભક્તગણના, હૃદયથી અંતઃસ્થ છો,
ક્ષર દેહ છોડીને હવે, અક્ષર શરીરે વર્તતા,
**હે રાજ તિલક સૂરીન્દ્ર ! તમને ભાવભીની વંદના...૮**

આકાશતલને ચાંદનીથી, ચંદ્ર ભરશે જ્યાં લગી,
ને મેરુપર્વત આજુબાજુ, સૂર્ય ફરશે જ્યાં લગી,
શ્રી રાજતિલક સૂરીન્દ્ર કેરું, નામ તરશે ત્યાં લગી,
**સહુ ભક્ત કેરાં હૃદયસરમાં, મુક્તિ વરશે જ્યાં લગી...૯**

જેના હૃદયમાં ત્યાગને, વૈરાગ્યનો વાસો હતો,
ને આતમા જેનો સદા, સ્વાધ્યાયનો પ્યાસો હતો
આંબેલના તપમાં સદા-રસ જેમને પ્યારો હતો
**તે રાજતિલક સૂરીન્દ્રને, અમ ભાવભીની વંદના...૧૦**

## ૪

જેના સ્મરણથી પલકમાં વિઘ્નો બધાં દૂરે જતાં
જેના ચરણમાં નમનથી પાપો બધાં દૂરે થતાં
જે અર્ચનાથી પુણ્યના ભંડાર ભરતાં ભક્તનાં
શંખેશ્વરા પ્રભુ પાર્શ્વના ચરણે અમારી વંદના...૧

તુજ નિર્વિકારી નજર મારા નેત્રમાં રમતી રહો
તુજ શુદ્ધ સંયમપૂત મુદ્રા ધ્યાનમાં ગમતી રહો,
તુજ દિવ્ય આશિષ મેઘવર્ષા વરસતી રહેજો સદા,
શ્રી રાજતિલક સૂરિન્દ્ર સ્વીકારો અમારી વંદના...૨

હે વર્ધમાન તપોનિધિ ગુરૂદેવ ગુણના છો નિધિ
એકાદ ગુણ અમને મળે એવી બતાવોને વિધિ
શ્રી પ્રેમસૂરિ ગુરૂતણી જેવી કૃપા તમને મળી
એવી અમોને પણ મળે એવી કૃપા કરજો વળી...૩

શ્રી વર્ધમાન તપોનિધિ તુમ વિશ્વમેં વિખ્યાત થે
દુર્જેય રસનેન્દ્રિય વિજેતા આપ સબકો જ્ઞાત થે
શ્રી પ્રેમ ગુરૂવર કે ચરણમેં, જો સમર્પિત થે સદા
શ્રી રાજતિલક સૂરીશ કો, કરું કોટિ કોટિ વંદના...૪

ગુરૂરાજ ચન્દ્રસમાન તુમ ઉલ્લાસ કે દાતાર થે
ગુરૂરાજ તુમ સૂરજ બને અજ્ઞાન તમ સંહારતે
ગુરૂરાજ અમૃતસિંધુ તુમ સંતાપ કે હરનાર થે
ગુરૂરાજ કોટિ નમન તેરે દિવ્ય પદ અરવિંદ મે...૫

સૂર્યથી પણ અધિક ઝળકે, તેજ જેનાં તપ તણું
ચંદ્રથી પણ અધિક શીતળ તેજ જેનાં ત્યાગનું
આકાશથી પણ અધિક ઉંચું શુદ્ધ સંયમ જેહનું
તે રાજતિલક સૂરિન્દ્રને શત કોટિ વંદન હું કરું...૬